વર્ષ : ૪૦ ◆ અંક : ૪
એપ્રિલ - ૨૦૧૬

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

"હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું."
- શ્રીમદ્ રાજચંદ્રજી



(સમાધિમરણ : ચૈત્ર વદ પાંચમ, વિ.સં. ૧૯૫૭)

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્કાર-સિંચન, શિક્ષણ અને સર્વાંગી જીવનવિકાસની

# વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સગવડ

**જૂન-૨૦૧૬થી પ્રારંભ થતા સત્રથી, આપણી સંસ્થાના નવનિર્મિત, શૈક્ષણિક સુવિધાઓથી યુક્ત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ' માં ધોરણ ૫ થી ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની ઉત્તમ તક પ્રાપ્ત થઈ શકશે, જેની કેટલીક વિગતો નીચે મુજબ છે :**

(૧) પૂજ્ય સંતશ્રી આત્માનંદજીનું પાવન સાન્નિધ્ય પ્રાપ્ત થશે.

(૨) વિદ્યાર્થીઓની વાર્ષિક ફી માત્ર રૂા. ૧૭,૦૦૦/- (સત્તર હજાર પૂરા) રહેશે.

(૩) માત્ર વિદ્યાર્થી ભાઈઓને જ પ્રવેશ મળશે.

(૪) મોટા સ્વચ્છ રૂમમાં પલંગ, કબાટ, ટેબલ, નાઈટલેમ્પ વગેરે સહિત આવાસની સગવડ.

(૫) શુદ્ધ, સાત્ત્વિક, રુચિકર, આરોગ્યપ્રદ ભોજન અને નિયમિત દૂધ-છાશની સુવિધા.

(૬) અનુભવી, બાળપ્રેમી, પૂર્ણ સમયના ગૃહપતિ તથા પ્રાઈવેટ ટ્યુશનની સગવડ.

(૭) ચાલુ શિક્ષણ ઉપરાંત,

(A) રમત-ગમતના સાધનો

(B) ઈતર વાચનની પ્રવૃત્તિ

(C) પ્રેરણાદાયી વાર્તાઓનું આયોજન

(D) ધર્મ અને નીતિનું શિક્ષણ

(E) શાંત, પર્યાવરણસભર, સ્વચ્છ, કુદરતી વાતાવરણ (સાબરમતી નદીથી નજીક)

(૮) વિદ્યાર્થીના ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ હોવા જરૂરી છે.

(૯) પ્રવેશફોર્મ તા. ૧૦ એપ્રિલથી સંસ્થાના કાર્યાલયમાંથી ઉપલબ્ધ થઈ શકશે.

(૧૦) પ્રવેશફોર્મ ટપાલ દ્વારા / રૂબરૂ મેળવીને નિયત કરેલ તા. ૨૫-૪-૨૦૧૬ સુધીમાં ભરીને સંસ્થાના કાર્યાલયમાં મોકલી આપવું.

(૧૧) **વિદ્યાર્થીએ તા. ૧-૫-૨૦૧૬ ના રવિવારે સવારે ૯-૦૦ વાગ્યે લેખિત કસોટી તેમજ મૌખિક ઈન્ટરવ્યુ માટે વાલી સાથે ઉપસ્થિત રહેવું.**

સુજ્ઞ વાલીઓને, પોતાના બાળકોને આ આયોજનનો લાભ અપાવવા વિનંતી છે.
વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલય/ગૃહપતિશ્રીનો સંપર્ક સાધવો.

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫
(૨) ધર્મનો મર્મ .............. પૂ.શ્રી આત્માનંદજી ..... ૬
(૩) સ્વાધ્યાય : આત્મદર્શનનો અરીસો ...........
...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯
(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન . પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૧
(૫) શ્રી આનંદઘન ચોવીશી ... શ્રી અશોકભાઈ શાહ .... ૧૪
(૬) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૧૭
(૭) સમ્યક્જ્ઞાન ............... બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૦
(૮) સ્વચ્છત્વશક્તિ ........... શ્રી વલભજી હીરજી .... ૨૩
(૯) મહાવીરસ્વામી : એક મહાન યુગદૃષ્ટા........
........................ શ્રી પારુલબેન ગાંધી .... ૨૪
(૧૦) શ્રીમદ્ રાજચંદ્રજી - વિરલ વિભૂતિ
......................... શ્રી ભાનુબેન શાહ .... ૨૭
(૧૧) સ્વરૂપલીનતા ............ શ્રી મધુભાઈ પારેખ .... ૩૨
(૧૨) ऐसे थे हमारे भगवान महावीर .....................
........... પૂજ્યશ્રી વિરાગસાગરજી મહારાજ .... ૩૩
(૧૩) Yuva Times ................................................. ૩૪
(૧૪) સમાજ-સંસ્થા દર્શન ............................. ૩૫

**વર્ષ : ૪૦ એપ્રિલ, ૨૦૧૬ અંક - ૪**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

દરરોજ સવારે આપના ચિત્રપટ સમક્ષ હું બોલું છું-

"શ્રી રાજચંદ્ર કૃપાળુ ભજમન, ભક્તજન સુશિવકરં,
મૈં શરણ આયો આપકી, ભય ભવભ્રમણ કો દૂરકરં,
મૂઢમતિ મૈં ક્યા કહું ? ટાળી, તિમિર દુઃખ જ્યોતિકરં,
ગુરુરાજ કરુણાસિંધુ દીન પર, એક બાર કૃપા કરં."

પરંતુ આજે આ બોલ્યા પછી મને એમ વિચાર આવ્યો કે આપની કૃપાને પાત્ર હું છું કે નહિ ? અને તે દિવસે જ સાંજે એક લખાણ વાંચવામાં આવ્યું, અને મનને સમાધાન થઈ ગયું !

તેમાં લખ્યું હતું કે, હે પરમાત્મા ! આ માનવભવના સ્ટૅશન ઉપર હું (આત્મા) આવ્યો છું. પરંતુ મને ખબર નથી કે મારે શું કરવું જોઈએ અને હું શું કરી રહ્યો છું ! મને શું જોઈએ છે અને શું નથી જોઈતું, એની પણ મને ખબર નથી ! હું ક્યાંથી આવ્યો છું અને ક્યાં જવાનો છું એની પણ મને ખબર નથી ! દરેક ક્ષણે હું કંઈક શોધું છું પણ શું શોધું છું એ પણ જાણતો નથી ! હે પ્રભુ ! મારી કેવી બેહાલ દશા છે ! આવી દશામાં હું આપની કૃપાને લાયક છું, કે નથી તે પણ મને સમજાતું નથી !

હે પ્રભુ ! આપ તો અંતર્યામી છો. હું અલ્પમતિ છું, મૂઢમતિ છું. આપને હું વધુ શું કહું ? હે કરુણાસિંધુ ! આ દીન અને પામર ઉપર કૃપા કરો. મને પરિભ્રમણથી પાર કરો. આપ આપના ચરણાશ્રિતને જરૂર ઉગારશો એવી મને શ્રદ્ધા છે કારણ કે એ તો સર્વવિદિત છે કે -


"કૃપાળુના નામે ભાગ્ય જાગે,
કૃપાળુના નામે ભીતિ ભાગે,
કૃપાળુના નામે સંતાપ નાશે,
કૃપાળુના નામે ભવતાપ વિનાશે."

**॥ ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૮૪



**વિ.સં. ૧૯૪૬**

ભાઈ, આટલું તારે અવશ્ય કરવા જેવું છે :-

૧. દેહમાં વિચાર કરનાર બેઠો છે તે દેહથી ભિન્ન છે ? તે સુખી છે કે દુઃખી ? એ સંભારી લે.

૨. દુઃખ લાગશે જ, અને દુઃખના કારણો પણ તને દૃષ્ટિગોચર થશે, તેમ છતાં કદાપિ ન થાય તો મારા કોઈ ભાગને વાંચી જા, એટલે સિદ્ધ થશે. તે ટાળવા માટે જે ઉપાય છે તે એટલો જ કે તેથી બાહ્યાભ્યંતરરહિત થવું.

૩. રહિત થવાય છે, ઓર દશા અનુભવાય છે એ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.

૪. તે સાધન માટે સર્વસંગપરિત્યાગી થવાની આવશ્યકતા છે. નિર્ગ્રંથ સદ્‌ગુરુના ચરણમાં જઈને પડવું યોગ્ય છે.

૫. જેવા ભાવથી પડાય તેવા ભાવથી સર્વકાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી લે. જો તને પૂર્વકર્મ બળવાન લાગતાં હોય તો અત્યાગી, દેશત્યાગી રહીને પણ તે વસ્તુને વિસારીશ નહીં.

૬. પ્રથમ ગમે તેમ કરી તું તારું જીવન જાણ. જાણવું શા માટે કે ભવિષ્યસમાધિ થવા. અત્યારે અપ્રમાદી થવું.

૭. તે આયુષ્યનો માનસિક આત્મોપયોગ તો નિર્વેદમાં રાખ.

૮. જીવન બહુ ટૂંકું છે, ઉપાધિ બહુ છે, અને ત્યાગ થઈ શકે તેમ નથી તો, નીચેની વાત પુનઃ પુનઃ લક્ષમાં રાખ.

૧. જિજ્ઞાસા તે વસ્તુની રાખવી.

૨. સંસારને બંધન માનવું.

૩. પૂર્વ કર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો. તેમ છતાં પૂર્વ કર્મ નડે તો શોક કરવો નહીં.

૪. દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે.

૫. ન ચાલે તો પ્રતિશ્રોતી થા.

૬. જેમાંથી જેટલું થાય તેટલું કર.

૭. પારિણામિક વિચારવાળો થા.

૮. અનુત્તરવાસી થઈને વર્ત.

૯. છેવટનું સમયે સમયે ચૂકીશ નહીં. એ જ ભલામણ અને એ જ ધર્મ.

### પત્રાંક - ૮૫

**મુંબઈ, વિ.સં. ૧૯૪૬**

સમજીને અલ્પભાષી થનારને પશ્ચાત્તાપ કરવાનો થોડો જ અવસર સંભવે છે.

હે નાથ ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી.

પૂર્વનાં અશુભ કર્મ ઉદય આવ્યે વેદતાં જો શોચ કરો છો તો હવે એ પણ ધ્યાન રાખો કે નવાં બાંધતાં પરિણામે તેવાં તો બંધાતાં નથી ?

આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.

જેટલા પોતાની પુદ્‌ગલિક મોટાઈ ઇચ્છે છે તેટલા હલકા સંભવે.

પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો; ગુણચિંતન કરો.

■ ■ ■

# ધર્મનો મર્મ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



ધર્મનો મર્મ એટલે શાશ્વત આનંદની પ્રાપ્તિનો માર્ગ. તેને પ્રાપ્ત કરવા માટે આપણે ભલે ગમે તેટલો ઉત્તમ બોધ સાંભળીએ તો પણ તે કાંઈ એકદમ આપણા હૃદયમાં બેસે નહિ. કારણ કે પરમાર્થમાર્ગ તે બુદ્ધિનો વિષય નથી, પરંતુ હૃદયના સ્પંદનો અને અંતરના અનુભવનો વિષય છે. અને તેમ થાય તે પહેલાં જ તેની પૂર્વભૂમિકારૂપે ક્રમશઃ અંતરંગ મમત્વનો ત્યાગ થતો જાય છે. યથા -

"સંગત્યાગી, અંગત્યાગી, વચન તરંગ ત્યાગી;
મનત્યાગી, બુદ્ધિત્યાગી, આપા શુદ્ધ કીનો હૈ."

પરમાર્થ પામવાના ઇચ્છુકે સર્વપ્રથમ પરમાર્થને સમજવો પડશે, તેને સમજ્યા પછી તેની અંતરમાં શ્રદ્ધા કરવી પડશે, તથા અંતરમાં શ્રદ્ધા કર્યા પ્રમાણે અભ્યાસ કરવો પડશે. તે અભ્યાસની પરિપક્વતા થતાં સાધકને અનુભવની પ્રાપ્તિ થાય છે અને આવો અનુભવ વારંવાર થાય ત્યારે સર્વકર્મોનો નાશ થઈ પરમાત્મપદ પ્રગટ થાય. પરમાત્મપદ પ્રાપ્તિની આ સર્વ પ્રક્રિયામાં સૌની મધ્યમાં જો કોઈ હોય તો તે છે ભાવ-સમજણપૂર્વકના ભાવ. તે બે - પાંચ દિવસ કે ચાર-પાંચ અઠવાડિયા, કે મહિના કે વર્ષમાં પ્રાપ્ત થતાં નથી. તેના માટે ભક્ત કવયિત્રી શ્રી મીરાંબાઈ કહે છે કે,

"જનમ જનમ કી પૂંજી પાઈ, જગમેં સબ હી ખોવાયો, પાયોજી મૈને રામ રતન ધન પાયો."

આટલી ધીરજ રાખવી મુશ્કેલ છે, પણ જેનાથી જેટલો પરમાર્થબોધ ગ્રહણ થાય તેટલો કરવો, બાકી તો તેનો સરળ અને સર્વોત્તમ ઉપાય તો સર્વાર્પણ ભાવસહિત સદ્‌ગુરુના ચરણકમળમાં સમર્પિત થવું તે છે. શુદ્ધ હૃદય સહિત કરાયેલ ગુરુભક્તિનું માહાત્મ્ય બતાવતા કહ્યું છે કે,

"ગુરુભક્તિ સે લહો તીર્થપતિ પદ,
શાસ્ત્ર મેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ."

જે જીવ સાચો હોય, શ્રદ્ધાળુ હોય તે આવી વિશુદ્ધ ગુરુભક્તિ દ્વારા તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે. બાકી તો પોતાના 'ભાવ' પ્રમાણે પ્રાપ્તિ થાય. ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતા કહે છે કે,

"હળવે હળવે હળવે પ્રભુજી, મારે મંદિર આવ્યા રે."

તો શું ભગવાનને થાક લાગ્યો હતો કે તેઓ હળવે હળવે આવે ? શિષ્ય આવો પ્રશ્ન કરે ત્યારે સદ્‌ગુરુ તેને સમજાવે છે કે ના ભાઈ ! એમ નથી, પણ તારા હૃદયમંદિરમાં ભગવાન પ્રત્યે જેટલો પ્રેમ હશે તેટલા જ તેઓ અંદર આવશે. ભગવાન સામે દુનિયાની કોઈ પણ માયાચારી ચાલતી નથી. કારણ કે તેઓ પૂર્ણ સત્ય સ્વરૂપ છે.

सत्यम् परम धीमहि ।

જેઓ ભગવાનના પ્રથમ ગણધર હતા, સદૈવ ભગવાન સામે બે હાથ જોડીને તેમની આજ્ઞાનું પાલન કરવા માટે તત્પર રહેતા હતા એવા ગૌતમસ્વામીની લાગવગ પણ મહાવીર ભગવાન પાસે ચાલતી નથી તો બીજાની તો વાત જ શી કરવી ? ભગવાન આટલા નિકટ હોવા છતાં પણ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું નહોતું. તેમાં ભગવાન કાંઈ જ ન કરી શકે. જે કરવાનું છે તે જીવે સ્વયં પુરુષાર્થથી કરવાનું છે.

ભગવાન તો નિમિત્ત માત્ર છે. જ્ઞાની ભગવંતો કરુણા કરીને આપણને ભગવાનની તથા ગુરુની ભક્તિ કેવી રીતે કરવી તેનો મર્મ સમજાવતાં કહે છે,

"ભગવાનની ભક્તિ કરો, ભગવાનની ભક્તિ કરો, જ્ઞાયક તરફ ઝુકો,

ગુરુની ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો, જ્ઞાયક તરફ ઝુકો."

આવી અલૌકિક ભક્તિ સમજણમાં ન આવે તો વાંધો નહિ, પણ તેની શ્રદ્ધા કરવી કારણ કે,

धर्मः वस्तु स्वभावः ।

આવા ધર્મના સ્વરૂપમાં તીર્થંકર પણ ફેર પાડી શકે નહીં. કારણ કે તીર્થંકર માર્ગ બનાવતા નથી પણ માર્ગ બતાવે છે. કોઈ કહે કે, દેશ-કાળ પ્રમાણે સૌ સૌનો માર્ગ અલગ બતાવે તો ? તો ભાઈ એવું નથી. તે તો વ્યવહાર માર્ગ છે. અધ્યાત્મયોગી શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યે પ્રવચનસાર ગાથા ૧૯૯માં કહ્યું છે કે,

"શ્રમણો જિનો તીર્થંકરો, એ રીત સેવી માર્ગને;
સિદ્ધિ વર્યા નમું તેમને, નિર્વાણના તે માર્ગને."

આપણી યોગ્યતા અત્યારે અલ્પ છે અને વર્તમાનમાં એટલી શક્તિ પણ નથી કે તે ધર્મને પૂર્ણપણે ધારણ કરી શકીએ, પરંતુ શ્રદ્ધા તો પૂર્ણરૂપે કરી શકીએ છીએ અને આવી શ્રદ્ધા પણ જો ન હોય તો હજુ મોક્ષમાર્ગ પામવાની ઘણી વાર છે. મોક્ષમાર્ગ પાંચ-પચ્ચીસ ભવમાં પણ નહિ મળે, પણ જ્યારે તારું હૃદય પીગળશે, તારું અંતર કબૂલ કરશે કે પરમાત્મપદ જ સર્વોચ્ચ અને સર્વોત્તમ છે, ભલે તેને પ્રાપ્ત કરવાની યોગ્યતા વર્તમાનમાં મારી અંદર નથી તો પણ ધ્યાતવ્ય તો તે જ છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'અપૂર્વ અવસર'માં તેની ભાવના ભાવતાં કહ્યું છે કે,

"તેહ પરમ પદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો."

આવા ભાવ સાધકહૃદયમાં થવાં જોઈએ. આવું કરવા માટેનો પુરુષાર્થ સામાન્ય માણસ તો ભલે ૨-૪ કલાક કરી શકે, પણ તે સામાન્ય પુરુષાર્થનું ફળ પણ સામાન્ય જ મળવાનું. વર્તમાનકાળમાં પૂર્ણપદની પ્રાપ્તિ નથી પરંતુ તે પૂર્ણપદની પ્રાપ્તિનું રજિસ્ટ્રેશન તો થઈ શકે છે.

જેને જેટલું સમજાય તેટલું સમજવાનો પુરુષાર્થ કરવો. આ ભવમાં કોઈવાર સદ્ગુરુ અનુગ્રહથી સમજાશે, નહિતો અસંખ્યાત કે અનંત ભવમાં પણ માર્ગ બદલાશે નહિ પરંતુ પોતે જ પોતાનું જીવન પરિવર્તન કરવું પડશે. કોઈ કહે કે અત્યારે તો Short cutનો જમાનો છે તો અમને પણ કાંઈક Short cut મોક્ષમાર્ગ બતાવો, અમે તમને કહેશો તે આપીશું. આવું બોલનારની દૃષ્ટિ હજુ બહારમાં જ ભમે છે. સંતો કે છે કે,

दोलतवालों को भगवान नहीं मिलते, दिलवालों को ही मिलते है ।

બધા ભગવાન અને મહાન આચાર્યો પણ દોલતવાળા જ હતા, પરંતુ તેઓ બધી દોલતનો ત્યાગ કરીને દિલવાળા બને છે ત્યારે જ તેમને ભગવાન મળે છે. કારણ કે દોલત તે પરદ્રવ્ય છે અને દિલ સ્વદ્રવ્ય છે. દિલ એટલે આપણા અંતરનું સમજપૂર્વકનું પ્રેમાર્પણ. જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, સંયમ બધા સાધનો કરવાના છે, પણ નિયામક કારણ તો અંતરનો સમજણપૂર્વકનો પ્રેમ છે, જેને વિદ્વાનો સત્‌ચારિત્ર કહે છે. અધ્યાત્મ યોગીશ્વર ભગવંત શ્રી કુંદકુંદસ્વામીની પ્રવચનસાર ગાથા - ૭ પર આચાર્યપ્રવર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યે તેમની ટીકામાં ચારિત્ર શું છે તે સમજાવતા કહ્યું છે કે,

स्वरूपे चरणं चारित्रं, स्वसमय प्रवृत्तित्यर्थ । तदेव वस्तुस्वभाव त्वाद्धर्मः । शुद्ध चैतन्य प्रकाशन- मित्यर्थः । तदेव च यथावस्थितात्मगुणत्वात्साम्यम् । साम्यं तु दर्शनचारित्रमोहनीयोदयापादितसमस्तमोह

क्षोभाभावादत्यन्तनिर्विकारो जीवस्य परिणामः ॥७॥

ભલે આવા મહાન આચાર્યોની વાણી આપણને સમજાય નહીં તો ય વાંચવી. વાંચ્યા પછી પણ ન સમજાય તો સદ્ગુરુને પૂછવું. તો પણ ન સમજાય તો ભગવાનને પ્રાર્થના કરવી કે હે ભગવાન ! મારી બુદ્ધિ નિર્મળ થાઓ, મારું હૃદય પવિત્ર થાઓ. આપ મારા હૃદયમાં બિરાજમાન થાઓ તો સર્વાંગ સમાધાન થઈ જાય. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે કે,

"તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે,
વાચક યશ કહે માહરે, તું જીવ જીવન આધારો રે."

ગુરુ અને ભગવાન અધ્યાત્મદૃષ્ટિથી એક છે પરંતુ સિદ્ધાંતદૃષ્ટિથી જુદા છે તેનો સ્વીકાર કરવો. ગુરુપદ અને ભગવત્ પદ કથંચિત્ શુદ્ધાત્મ પ્રાગટ્યની અપેક્ષાએ એક કહી શકાય, પરંતુ ભગવાન ૧૩મા ગુણસ્થાનમાં છે અને ગુરુ મહારાજ સિદ્ધાંતથી છઠ્ઠા - સાતમાં ગુણસ્થાને છે. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ આ બંને પદ્ધતિનો સ્વીકાર કરતાં આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યું છે કે,

"આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય"

આ અધ્યાત્મદૃષ્ટિથી કહ્યું તથા.

"આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય."

આ સિદ્ધાંતપદ્ધતિથી કહ્યું છે. જ્યાં જેવી વિવક્ષા હોય ત્યાં તેમ સમજવું. આપણી બુદ્ધિને ત્યાં આગળ કરવી નહીં, પણ ભગવાન અને ગુરુઓની બુદ્ધિની પાછળ પાછળ આપણી બુદ્ધિ લગાડવી તેમાંજ આપણું કલ્યાણ છે અને તે જ મોક્ષમાર્ગ છે. છેલ્લે સંતો સર્વના સારરૂપે કહે છે,

"પારસ ઔર સંતમેં, બડો અંતરો જાન;
વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

## સ્વાધ્યાય - આત્મદર્શનનો અરીસો

(પાના નં. ૧૦ પરથી ચાલુ...)

કર્યા, મન ફાવે તેમ વર્ત્યો, શાસ્ત્રોએ આત્માનું કલ્યાણ થાય એવા જે માર્ગો બતાવ્યા હતા એની ઉપેક્ષા કરી.

આ જીવ, મન અને ઈન્દ્રિયોને મન ફાવે તેમ સ્વચ્છંદથી વર્તવા દીધી અને તેને પરિણામે વ્યક્તિને ખ્યાલ પણ ન આવે તે રીતે એના જીવનમાં પરાધીનપણું આવી ગયું. આથી 'હું કોણ છું ?' નો ઉત્તર મેળવતા પહેલાં વ્યક્તિએ સ્વચ્છંદનિરોધ કરવો જોઈએ અને સ્વચ્છંદનો નિરોધ કરવા માટે એણે યથાર્થ જ્ઞાન કે સાચા બોધને પામવો જોઈએ. સ્વચ્છંદ કે સ્વેચ્છાચાર સામાજિક દૃષ્ટિએ પણ શાંતિ, સુલેહ અને વ્યવસ્થાનો ભંગ કરનારો છે, એવો સ્વચ્છંદ જો જીવનમાં વ્યાપે તો આત્મસ્વરૂપની પ્રાપ્તિ ક્યાંથી થાય ? આથી સ્વચ્છંદમાંથી મુક્ત થવા માટે વ્યક્તિએ સત્ સમાગમનો વિચાર કરવો જોઈએ. મહાન ગ્રંથોના મર્મોને પામવા જોઈએ અને આમ કરે તો જ એનામાં સ્વાધ્યાય માટેની યોગ્ય ભૂમિકા ઉત્પન્ન થાય. કારણ એટલું કે સ્વચ્છંદને પરિણામે શરીર, મન અને ઈન્દ્રિયના નિરંકુશ આવેશો એના જીવનને ભ્રષ્ટ કરશે અને એને નીચ ગતિ અપાવશે. ઋષિ વાલ્મિકીએ વાલિયા લૂંટારામાંથી કેવું પરિવર્તન સાધ્યું ! આવા પરિવર્તન માટે મહાત્મા કે સદ્ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલવું જોઈએ.

'હું કોણ છું ?' નો બીજો અવરોધ છે સ્વ બચાવની આદત. વ્યક્તિમાં પોતાની ભૂલને છાવરવાની પ્રબળ વૃત્તિ જોવા મળે છે, જે વિશે હવે પછી જોઈશું.

• • •

પરમનો સ્પર્શ - ૭૯

# સ્વાધ્યાય : આત્મદર્શનનો અરીસો

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

સાચી સમજણનું પુષ્પ ખીલે તો જ સ્વાધ્યાય સાર્થક બને. ગ્રંથના સ્વાધ્યાય સાથે અનિવાર્યપણે અનુસ્યૂત બાબત એ છે કે સાધકે એ ગ્રંથની ભીતરમાં ઉતરવું જોઈએ. જેમ મહાસાગરમાં મરજીવો ઊંડે ડૂબકી મારીને મોતી લઈ આવે છે, એ રીતે સાધકે એ ગ્રંથના શબ્દ, અર્થ, ભાવ અને મર્મ વિશે ગહન ચિંતન કરીને એને પામવા જોઈએ.

સ્વાધ્યાય સાથે જોડાયેલી એક મહત્ત્વની બાબત નિયમિતતા છે. જે શાસ્ત્રનો અભ્યાસ કરવામાં આવે, તે નિયમિત રીતે થવો જોઈએ. એમ થાય તો જ એના વિચારની સળંગસૂત્રતાને પામી શકાય. પ્રત્યેક ગ્રંથમાં એક પ્રવાહ હોય છે. એ પ્રવાહને પામવા માટે ગ્રંથના અભ્યાસનું સાતત્ય જળવાવું જોઈએ, આથી જ જૈનધર્મમાં સાધુઓને માટે એમ કહેવાયું છે કે એણે દિવસનો અર્ધો ભાગ નિયમિતપણે સ્વાધ્યાયમાં ગાળવો જોઈએ. આવું થાય તો જ એ જ્ઞાન ગ્રંથોમાં રહેવાને બદલે હૃદયમાં પ્રગટે. ગ્રંથો કેટલા વાંચ્યા એ મહત્ત્વનું નથી; પરંતુ એ ગ્રંથોને જીવનમાં કેટલા ઉતાર્યા એ મહત્ત્વનું છે. સાધકને શાસ્ત્રગ્રંથનો રંગ લાગવો જોઈએ.

શાસ્ત્રગ્રંથોના સ્વાધ્યાય વખતે ઘણા સાધકો ઉદાસીનતાથી એના તરફ જતા હોય છે. આને પરિણામે તેઓ જેમ જેમ ગ્રંથોનું અધ્યયન કરે છે, તેમ તેમ તેમની ઉદાસીનતામાં વૃદ્ધિ થયા કરે છે. આવું ઉદાસપણું એક પ્રકારની નિષ્ક્રિયતા આણે છે અને તેથી ગ્રંથના અર્થોમાં વ્યક્તિને જીવંતતાને બદલે જડતા, સક્રિયતાને બદલે નિષ્ક્રિયતા અને ઉત્સાહને બદલે નિરાશાનો સતત અનુભવ થશે. જેમ અતિથિનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવે છે, તે રીતે ગ્રંથનું ઉષ્મા અને આતુરતાભેર સ્વાગત કરવું જોઈએ. આપણે ત્યાં ધર્મગ્રંથની પૂજાની પ્રણાલિકા છે; પરંતુ માત્ર પૂજા કરીને અટકી જવું જોઈએ નહીં. માત્ર કોઈ મંગલમય દિવસે એ પુસ્તક બહાર કાઢીને પૂજાપાઠ કરવાથી કશો લાભ થતો નથી. એ ગ્રંથનાં પૃષ્ઠોમાં રહેલા જ્ઞાનને પામવા પ્રયાસ થવો જોઈએ. આનો અર્થ જ એ કે ગ્રંથ એ આપણે આંગણે આવેલો અતિ પ્રિય એવો અતિથિ છે. આપણા જીવનમાં આવનારા નવા પ્રભાતનું દુંદુભિગાન કરનારો છે. આપણા મનના પ્રદેશોને સહજતાથી વિકસાવનારો છે અને આપણા ભીતરમાં પડેલી અધ્યાત્મ અનુભૂતિને તલસ્પર્શી રીતે સ્પર્શનારો છે.

શાસ્ત્રગ્રંથના વાચન વખતે પ્રબળ ઉત્સાહ વ્યક્તિમાં પ્રગટવો જોઈએ, કારણ એ છે કે ગ્રંથ અંતે એના સાધકજીવનમાં ઉપકાર કરનારો બની રહેનારો છે. આવા ગ્રંથને તો કેટલા બધા આદર-સન્માન હોય ! જેમ જેમ સ્વાધ્યાયથી એ ગ્રંથ ખુલતો જાય છે, તેમ તેમ એનાં નવાં અર્થો જાગૃત થતા જાય છે. જેમ વૃક્ષ હલાવવાથી ફળ મળે છે, તેમ સતત સ્વાધ્યાય દ્વારા જ્ઞાન પણ ફળદાયી બને છે.

સ્વાધ્યાયનો એક બીજો પણ અર્થ છે : "સ્વસ્ય સ્વસ્મિન અધ્યયન" એટલે કે વ્યક્તિએ આત્મ-અધ્યયન કરવું જોઈએ. જેમ ગ્રંથનાં પૃષ્ઠો ખૂલતાં જાય, એમ એનું જીવન પણ ખૂલતું જવું જોઈએ. સ્વાધ્યાય સમયે વ્યક્તિએ પોતાની જીવન-કિતાબ ખોલીને એમાં નજર કરવી જોઈએ. એક કિતાબ (ગ્રંથ) બહાર હોય છે અને બીજી કિતાબ આપણી ભીતર હોય છે. બહારની કિતાબથી આપણે અંતરમાં કશુંક પામીએ છીએ અને અંદરની કિતાબ

ખોલીને બહારથી મળેલા જ્ઞાનને ચકાસીએ છીએ. આ એક વિલક્ષણ પ્રક્રિયા છે અને તેથી જ ઘણા ગ્રંથો મનુષ્યને ઘડનારા બન્યા છે. વેદો, ઉપનિષદો, ગીતા, આગમસૂત્રો જેવા ગ્રંથોએ અનેક વ્યક્તિઓનાં જીવનનાં દ્વાર ખોલી નાખ્યાં છે.

આત્મઅધ્યયનનો પ્રારંભ કરીએ, ત્યારે પહેલો પ્રશ્ન એ હોય છે કે હું કોણ છું ? ધર્મગ્રંથ હોય કે અન્ય કોઈ પુસ્તક હોય, તો એની ઓળખ આપણી પાસે હોય છે. એના પર લખ્યું હોય છે કે આ સમાધિ વિશેનો ગ્રંથ છે અથવા તો આ પુસ્તકમાં જીવનચરિત્ર આલેખાયું છે. પુસ્તક તો પોતાના સ્વ-રૂપ વિશે પ્રત્યક્ષપણે કહી દે છે; પરંતુ વ્યક્તિનું આંતરસ્વરૂપ કેવું છે એ ઓળખવું કઠિન છે. 'હું કોણ છું ?' 'મારું મૂળ સ્વરૂપ શું છે ?' અને 'મારું અંતિમ ધ્યેય શું છે ?' એવા પ્રશ્નો સ્વાધ્યાય કરનારે પોતાની જાતને પૂછવા જોઈએ અને પછી એ પ્રશ્નોનો જવાબ પોતાના સાધનાજીવન દરમિયાન સતત ચિત્તમાં ધારણ કરવો જોઈએ. માત્ર એકવાર 'હું કોણ છું ?' નો ઉત્તર મેળવ્યા પછી અટકી જવાનું નથી; પરંતુ જીવનમાં પ્રતિક્ષણ પ્રત્યેક પ્રવૃત્તિ કરતી વખતે એણે એનો ઉત્તર પોતાના ચિત્તમાં રાખવાનો હોય છે. એકવાર 'હું કોણ છું ?'નું સરનામું મળી જાય એટલે કામ પૂર્ણ થતું નથી. પછી તો તમારા ઉત્તરના પ્રત્યેક કાગળો એ કવરમાં નાખીને જ પોસ્ટ થવા જોઈએ.

સૌથી મોટી મુશ્કેલી તો એ છે કે વ્યક્તિ 'હું કોણ છું ?' એ પ્રશ્નનો ઉત્તર આપવામાં મૂંઝાઈ જતો હોય છે. એ વિચારે છે કે એ કારખાનાનો માલિક છે, મજૂરોનો આશ્રયદાતા છે, એના ઘરસંસારનો મુખ્ય મોભી છે અથવા તો અમુક સ્ત્રીનો પતિ છે; પરંતુ એ જરા ભીતરમાં જઈને વિચારશે તો ખ્યાલ આવશે કે શું એનું આખુંય અસ્તિત્વ કારખાનાના માલિકમાં સીમિત છે ખરું ? શું એ માત્ર એના નોકરોનો જ આશ્રયદાતા છે કે પછી એ એના પુત્રોનો અને પરિવારનો પણ આશ્રયદાતા છે ? વળી, આગળ વધતાં એ વિચારશે કે એ એના પરિવારનો મુખ્ય માણસ છે; પરંતુ એટલી જ એની ઓળખ છે ? એથીયે વિશેષ એની પાસે પોતીકું કશુંય નથી ? અરે ! એની પાસે તો કેટલાય ગાઢ મિત્ર છે. સમાજના મોટા મોટા અગ્રણીઓ સાથે એનો ઘરોબો છે, પ્રખ્યાત ગુરુનો એ પરમ શિષ્ય છે. આ બધાનું શું ? અને પછી વિચારશે કે 'એ કોઈનો પતિ છે' પણ શું એની એટલી જ ઓળખાણ પૂરતી છે ? વળી, આ બધી ઓળખાણોનો એના આત્મા સાથે કોઈ સંબંધ ખરો ? એ એના આત્મસ્વરૂપને દર્શાવે છે ખરી ?

એ જન્મ્યો ત્યારે કારખાનાનો માલિક નહોતો, એણે અભ્યાસ કર્યો ત્યારે એ મજૂરોનો આશ્રયદાતા નહોતો, એનો પરિવાર એ તો આમ જ વિકસતો ગયો અને એની પત્ની એ તો એને સંબંધે મળી. તો પછી આ બધી વસ્તુઓ બાહ્ય પ્રયાસથી ઉપાર્જિત કરેલી છે તેને પોતાના સ્વરૂપ તરીકે કઈ રીતે બતાવી શકાય ? આમાં કેટલીક વ્યક્તિ સંબંધથી જોડાયેલી છે, કેટલીક શરીરથી જોડાયેલી છે. એને મારા આત્મસ્વરૂપ સાથે કેવી રીતે જોડી શકું ? આ તો અશક્ય વાત છે.

મારી સિદ્ધિ, પ્રસિદ્ધિ, પ્રાપ્તિ, પરિવાર આ સઘળું સંપાદિત કરેલું છે, બહારથી મેળવેલું છે, મારા વ્યક્તિત્વ પર લાદેલાં આવરણો છે. એ મારું મૂળ સ્વરૂપ નથી અને જ્યારે એ મારું આત્મસ્વરૂપ ન હોય, ત્યારે મેં એને વિશે કેટલી બધી ભ્રમણા સેવી છે ! ક્યાંક તો એને જ આત્મા સાથે જોડાયેલી બાબત માનીને ચાલ્યો છું, તો ક્યાંક એની પાછળની દોડમાં અજાણ્યા પ્રદેશમાં આમતેમ અથડાઈ રહ્યો છું. આને પરિણામે મેં કેટલાય સ્વચ્છંદી આચરણો

**(અનુસંધાન પાના નં. ૮ ૫૨)**

## શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત
# સમાધિતંત્ર - અમૃતરસપાન
**(ક્રમાંક - ૩૫)**

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

પરમકૃપાળુદેવની ભાવસરસ્વતીની સમ્યક્ સૌંદર્યતા અહીં વિચારીએ. "પ્રમાદ એ સર્વ કર્મનો હેતુ છે... આત્મ ઉપયોગ એ કર્મ મૂકવાનો ઉપાય છે... કર્મ ગણી ગણીને નાશ કરાતાં નથી. જ્ઞાની પુરુષ તો સામટો ગોટો વાળી નાશ કરે છે... કર્મની વર્ગણા જીવને દૂધ અને પાણીના સંયોગની પેઠે છે. અગ્નિના પ્રયોગથી પાણી ચાલ્યું જઈ દૂધ બાકી રહે છે તે રીતે જ્ઞાનરૂપી અગ્નિથી કર્મવર્ગણા ચાલી જાય છે. અનંતકાળના કર્મ અનંતકાળ ગાળ્યે જાય નહીં પણ પુરુષાર્થથી જાય. માટે કર્મમાં બળ નથી પણ પુરુષાર્થમાં બળ છે. તેથી પુરુષાર્થ કરી આત્માને ઊંચો લાવવાનો લક્ષ રાખવો.. અનાદિ કાળના કર્મો બે ઘડીમાં નાશ પામે છે; માટે કર્મનો દોષ કાઢવો નહીં. આત્માને નિંદવો. ધર્મ કરવાની વાત આવે ત્યારે પૂર્વકર્મના દોષની વાત આગળ કરે તેને ધર્મ નીપજે; કર્મ આગળ કરે તેને કર્મ આડા આવે, માટે પુરુષાર્થ કરવો શ્રેષ્ઠ છે. પુરુષાર્થ પહેલો કરવો." પરમ પુરુષાર્થી, કેવળજ્ઞાન સુધીની મહેનત કરેલી અલેખે નહિ જાયની સાક્ષી આપનાર, ધીર, વીર ગંભીર પરમકૃપાળુદેવ સમ્યક્ પુરુષાર્થના પ્રદાતા છે. જ્ઞાનરૂપી અગ્નિ કર્મક્ષયનો દીપક છે.

શ્લોક બાવીસનો પૂર્વાર્ધનો આગળ અભ્યાસ કર્યો તેમાં કહ્યું હતું કે આત્માનું પરિજ્ઞાન થતાં મારી ચેષ્ટા કેવી થઈ.

**यथाऽसौ चेष्टते स्थाणौ निवृत्ते पुरुषाग्रहे ।**
**तथा चेष्टाऽस्मि देहादौ विनिवृत्तात्मविभ्रमः ॥२२॥**

**અર્થાત્ :** વૃક્ષના ઠૂંઠામાં 'આ પુરુષ છે' એવી ભ્રાન્તિ દૂર થતાં ઉપકારાદિની કલ્પનાનો ત્યાગ થાય છે. શરીરાદિમાં જેનો આત્મવિભ્રમ દૂર થયો છે તેવો હું અંતરાત્માની ચેષ્ટામાં છું. બહિરાત્માની ચેષ્ટા દૂર થઈ છે. આગળ વિશેષાર્થમાં બે ભાવો પૂર્વાર્ધના - અભ્યાસમાં લીધા હતા હવે અહીં ઉત્તરાર્ધના વચનોને વિચારીએ.

(૩) देहादौ विनिवृत्तात्म विभ्रमः - દેહાદિમાં આત્મબુદ્ધિ પ્રવર્તતી હતી તે વિનિવૃત્ત થઈ. આત્મભ્રાન્તિ દૂર થઈ. अहम् - मम ની બુદ્ધિથી અનાદિ કાળથી ભવભ્રમણની ભૂલવણીમાં ભૂલો પડ્યો હતો. હવે અંતરાત્મા થતાં તે ભ્રાન્તિ ટળી. કેવી રીતે તેમાંથી મુક્તિ મળી તે વાત પૂ. શ્રી પૂજ્યપાદ આચાર્ય સર્વ સાધકઆત્માઓને દર્શિત કરે છે.

જ્ઞાની-અંતરાત્મા આત્માને તેના ગુણ-લક્ષણોથી ભિન્ન ભાવે છે. તે પ્રયોગમાં સિદ્ધ કરતાં કહે છે કે શરીર રૂપી છે. આત્મા અરુપી છે. શરીર જડ છે. આત્મા ચેતન છે. શરીર સંયોગી છે. આત્મા અસંયોગી છે. શરીર વિનાશી છે. આત્મા અવિનાશી છે. શરીર આંધળું છે. આત્મા દેખતો છે. શરીર ઇન્દ્રિયગ્રાહ્ય છે. આત્મા અતીન્દ્રિય ગ્રાહ્ય છે. શરીર બાહ્ય પરતત્ત્વ છે. આત્મા અંતરંગ સ્વતત્ત્વ છે. વગેરે ભાવો વિચારતાં શરીરાદિ અને આત્મા સદા સર્વદા ભિન્ન જ છે.

આવા અત્યંત ભિન્નપણાના વિવેકથી જીવને જ્યારે ભેદજ્ઞાન થાય છે ત્યારે શરીરાદિમાં આત્મબુદ્ધિની ભ્રમણા છૂટી જાય છે. દેહાદિ પર પદાર્થો પ્રત્યે કર્તાબુદ્ધિના સ્થાને જ્ઞાતાબુદ્ધિ ઊપજે છે અને તે આત્મસન્મુખ થઈ ચૈતન્ય સ્વરૂપ નિજાશ્રયમાં અર્પિત થાય છે.

ભેદ-વિજ્ઞાનથી સ્વ-પરનું જ્ઞાન થાય છે. ભાન થાય છે. ભેદજ્ઞાનની સમ્યક્ સમજણથી જ્ઞાયકનો સંસ્પર્શ થાય છે. એક સમય તે સૌ સમય - એવી દશાને પ્રાપ્ત થાય છે જે જીવો સિદ્ધિને પામ્યા છે તે ભેદવિજ્ઞાનથી આત્મસિદ્ધિ પામ્યા છે. ભેદજ્ઞાનમાં નવી દૃષ્ટિ ખીલે છે. પહેલા સ્વ-પર, આ હું આત્મા અને આ દેહ એવા સામાન્ય ભેદનું ભાવન થાય છે. જે ભેદ પડ્યો તે જ્ઞાનનો દોર જ્ઞાયકનો છે. પરિણામે જ્ઞાન જ્ઞાયકથી જોડાયેલું છે; તેથી ઉપયોગ જ્ઞાયક સુધી લંબાતા 'જ્ઞાયક તે હું' એવી વિકલ્પાત્મક અવસ્થા થાય છે. તે અવસ્થાની સ્થિરતા થતાં થતાં જ્ઞાયકદેવનું સાક્ષાત્ પરિણમન થાય છે. અનુભૂતિ સધાય છે. અનુક્રમે જીવ અંતરાત્માના દ્વારમાં પ્રવેશ પામી જાય છે. પછીથી ચારિત્રમોહના ભેદજ્ઞાનનો પુરુષાર્થ થતાં પરમાત્મદશાને પ્રાપ્ત થય છે. આવી સૂક્ષ્મ, ગહન, ગંભીર છતાં સહજપ્રક્રિયાનું દર્શન શ્રી પૂજ્યપાદ આચાર્ય પ્રકાશિત કરે છે.

પ્રથમ દેહને અર્થે જે ઇચ્છતો, ગ્રહણ કરતો અને સંતોષિત થતો હતો. જ્યારે આત્માર્થ પ્રદેશમાં પ્રવેશ થાય છે ત્યારે જીવની ઇચ્છા, તેનો પુરુષાર્થ, ધ્યેય શુદ્ધ આત્મા બને છે. આત્મભાવે સંસારની ઉપાસના નથી પરિસ્થિતિનો સ્વીકાર કરી આત્માના અનંતસુખના મહામાર્ગે પ્રયાણ કરે છે. જેવી ભાવના હોય છે તેવી સિદ્ધિ મળે છે. यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी । જેને આત્મભાવના સદા રહ્યા કરે છે તેને તે સ્થિતિ મળે છે. જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ જ આત્મા મેળવે પણ અણશુદ્ધ જાણે આત્મને તે અણશુદ્ધ આત્માને લહે છે. અંતરાત્માને ભ્રાન્તિ વિરામ પામી છે. યથાર્થ આત્મપ્રકાશ થયો છે તેથી તેની ચેષ્ટા પણ સમ્યક્ થાય છે.

(૪) चेष्टाऽस्मि – હવે મારી ચેષ્ટા સંપૂર્ણતયા બદલાઈ ગઈ છે. આત્મભ્રાન્તિ હતી ત્યારે વૃક્ષના ઠુંઠામાં પુરુષની કલ્પના કરી હતી. તેનાથી ભય પણ લાગ્યો હતો. મને લૂંટી લેશે તેવી ચેષ્ટા પણ થઈ હતી સમ્યક્ જ્ઞાન થતાં આત્મભ્રાન્તિ નાશ પામી. દેહાદિને મારા માન્યા હતા. દેહાદિ સાથે જોડાયેલા પુત્ર, પરિવાર, પત્ની, માતા, પિતા વગેરેને મારા માન્યા હતા. તેથી મારી સ્થિતિ બહિરાત્મામાં રહી હતી. અભિપ્રાયમાંથી વિપરીતબુદ્ધિ નષ્ટ ન થાય ત્યાં સુધી અંતરાત્માના દ્વારે કેમ પહોંચી શકાય ? આત્મભ્રાન્તિનો અભિપ્રાય-અંધકાર નષ્ટ થાય છે ત્યારે સમ્યગ્દર્શનનો અરુણોદય થાય છે. અરુણોદયથી લાલિમા સર્વત્ર ફેલાય છે. તે લાલિમા-પ્રકાશિત સૂર્યનો આહ્‌લેક લઈને આવી છે. અંતરાત્મ પદની પ્રાપ્તિ થતાં પૂર્વની ચેષ્ટા નાશ પામી. જ્ઞાનીની દશા પ્રાપ્ત થઈ. નિશદિન આત્મામાં લય લાગી, આત્મપ્રકાશથી અસંખ્યાત પ્રદેશો ઝળહળા થઈ ગયા. જે નિમિત્તોનો દોષ આપતા હતા તે નિમિત્તો દૂર થયા. ઉપાદાનની ઊર્ધ્વતા ઉદિત થઈ.

**દૃષ્ટાન્ત :** પવિત્ર ઉપવનમાં સંતનો આશ્રમ છે. સંત સંતત્વમાં નિજનિધિને માણે છે. ત્યાં પોતાને સાધક માનનાર વ્યક્તિ આવે છે. સંતને ચરણે નમન-વંદન કરીને બેસે છે. કહે છે કે હું ચાલતો ચાલતો આવતો હતો ત્યાં ખાડામાં પડી ગયો. હું ખાડામાં પડું એવો નથી પણ રસ્તો અજાણ્યો હતો, રાત્રિનું અંધારું હતું, રસ્તો ઉબડખાબડ હતો એવા કારણો આગળ ધર્યાં. સંતને કહે છે કે હવે ફરી ન પડું એવું હું સાબિત કરી આપીશ. સંતત્વ ધારક સંત કરુણાભાવથી કહે છે કે વત્સ ! તને દશ વર્ષ આપું છું. તેમાં તું પુનઃ ન પડી જા એવું શીખીને આવજે. હું સાધક છું એવી માન્યતા સાથે દશ વર્ષ પછી સાધક આશ્રમમાં આવે છે. સંતને નમન વંદન કરીને બેસે છે. દશ વર્ષ સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે. આત્મસંપ્રેક્ષણ કરે છે. નિજઅવલોકનથી સ્વદોષ દર્શન થાય છે. હું ખાડામાં પડી ગયો એવું જે મેં આપને કહેલું, હે સદ્‌ગુરુદેવ ! ત્યારે મારી માન્યતાની ભૂલ હતી. અભિપ્રાય વિપરીત હતો કારણ કે ખાડામાં પડવાના કારણો મેં બીજા વ્યક્ત કર્યા હતાં. અંધારું હતું, જમીન બરાબર ન હતી, રસ્તો અજાણ્યો

હતો વગેરે. તેમાં મેં નિમિત્તને દોષિત ઠેરવ્યા હતા. ખરેખર મારી ભૂલ હતી. ઉપાદાનની ભૂલ હતી. તે મને દશ વર્ષના નિજ સૂક્ષ્મ નિરીક્ષણથી સમજાયું - આપનો અનંત અનંત ઉપકાર મારા ઉપર થયો છે. સંતના ચરણે કાયમી નિવાસ કરે છે.

બહિરાત્માની પ્રથમ ચેષ્ટા વિપરીત અભિપ્રાય સાથે હોય છે. વૃક્ષના ઠૂંઠામાં પુરુષ જણાય છે. ચેષ્ટા પણ વિપરીત થાય છે. ભયાન્વિત બની દુઃખી થાય છે. વિપરીત અભિપ્રાયથી મિથ્યાત્વ ગાઢ બને છે. સદ્‌ગુરુના પરમ તેજનું ઓજસ આવતા, જીવનું યથાર્થ જાગરણ શરૂ થાય છે. વિપરીત ચેષ્ટામાંથી મુક્ત થતો જાય છે. સદ્‌ગુરુના બોધવચનને હૃદયસ્થ કરે છે. સદ્‌ગુરુની આજ્ઞાને અંતરમાં અવધારે છે પછી જીવાત્માથી ચેષ્ટાનું રૂપાન્તર થાય છે. બહિરાત્મા અંતરાત્મા બને છે. વૃક્ષના ઠુંઠામાં પુરુષનું દર્શન દૂર થાય છે. યથાર્થ બોધ પરિણમે છે. પહેલા દેહાદિને મારા માની તેમાં રાગ-દ્વેષના વિકલ્પો થતાં હતાં. હવે અંતરાત્મા થતાં મારી ચેષ્ટા બદલાઈ ગઈ છે. સ્વભાવની સંનિધિથી અનંતાનુબંધીથી થતાં દોષ ચાલ્યા ગયા છે.

સ્વભાવનો સાથ થતાં પરભાવ (ભૂમિકા યોગ્ય) ચાલ્યા જાય છે. અનંતકાળની વિભાવ પરિણતિ સ્વભાવની ઓથમાં રહી શકતી નથી. સ્વભાવની અસ્મિતા પથરાતાં વિભાવની વિપરીતતા નષ્ટ થાય છે. સ્વભાવની ગરિમાનું આ જ ગૌરવ છે. જ્ઞાયકની મહિમામાં અન્ય ભાવો અસ્થિર થઈ ચાલ્યા જાય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' અધિકાર ત્રણમાં પં. શ્રી ટોડરમલજી લખે છે કે "ભ્રમજનિત દુઃખ દૂર કરવાનો ઉપાય ભ્રમ દૂર કરવો એ જ છે. ભ્રમ દૂર થવાથી સમ્યક્ શ્રદ્ધા થાય એ જ દુઃખ મટવાનો સાચો ઉપાય છે." સમ્યક્ શ્રદ્ધા થતાં જ્ઞાન સમ્યક્ થાય છે. પહેલાનું ક્ષયોપશમ જ્ઞાન છે, પણ મોહનાશ તો શ્રદ્ધાથી થાય છે. ત્યાર પછી જ્ઞાન પણ સમ્યક્ જ્ઞાન બને છે. ચારિત્ર પણ સમ્યક્ચારિત્ર બને છે. માટે શ્રદ્ધા परम दुल्लहा છે.

શ્રી કુલધર આચાર્ય 'સાર સમુચ્ચય' ગ્રંથના શ્લોક બારમાં કહે છે, "अन्तरात्मा सम्यग् ज्ञानीको निश्चिंत होकर, सर्व सांसारिक उपाधियों को त्यागकर, चित्तको आनंद देनेवाले व श्रेष्ठ आत्मज्ञान से उत्पन्न अमृत को सदा पीना योग्य है ।" પૂ. પૂજ્યપાદ આચાર્યે પ્રસ્તુત કથનમાં બહિરાત્માની ચેષ્ટા તથા સમ્યગ્દર્શન પ્રાપ્ત અંતરાત્માની ચેષ્ટા દર્શાવીને ઉત્તમ અપૂર્વ બોધ પ્રદાન કર્યો છે.

પૂજ્ય બેનશ્રી ચંપાબેનની અગાધ સરસ્વતીના પ્રવાહમાં પ્રવાહિત દેશના આ રહી, "જીવ પોતાની લગનીથી જ્ઞાયક પરિણતિને પહોંચે છે. 'હું જ્ઞાયક છું' હું વિભાવભાવથી જુદો છું. કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી. હું અગાધ ગુણોથી ભરેલો છું. હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિક ભાવ છું – એમ સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે પણ તેના નિમિત્તે ઉપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે... વિભાવથી જુદો પડીને ચૈતન્ય તત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે. પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. કૂવો ખોદ તો પાણી આવશે જ. લેવા જવું નહિ પડે. ચૈતન્ય પાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે. આ આત્મદર્શનનો મહિમા છે."

અનાદિ અજ્ઞાન અંધકાર સમ્યગ્દર્શનની દીવાસળીથી ક્ષિતિજ પાર કરી જાય છે. શ્રી નેમિચંદ સિદ્ધાન્તદેવ આચાર્ય 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ' ગાથા ૩૫માં પ્રકાશે છે કે ધર્મ જ પરમરસનું રસાયણ, નિધિઓનું નિધાન, કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિ છે. વિશેષ શું કહેવું ? જેઓ જિનેન્દ્ર દેવે કહેલા ધર્મને પામીને દૃઢ શ્રદ્ધાવાળા સમ્યગ્દૃષ્ટિ થયા છે તે ધન્ય છે. **(ક્રમશઃ)**

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

## શ્રી પાર્શ્વનાથ તીર્થંકર સ્તવન

આપણો આત્મા જ્ઞાનસ્વભાવી છે. આ જ્ઞાન આત્માના અસંખ્ય પ્રદેશમાં, સ્વક્ષેત્રમાં જ રહી બીજા ક્ષેત્રમાં રહેલ પદાર્થોને જાણે છે અને પ્રભુનું કેવળજ્ઞાન તો સંપૂર્ણ લોકાલોકને જાણે છે છતાં પરજ્ઞેય અને જ્ઞાન એકબીજામાં ભળી જતાં નથી એવો દ્રવ્ય - સ્વાતંત્ર્યનો સિદ્ધાંત આપણે દ્રવ્યના સ્વ-ચતુષ્ટયપણાથી આગળની ગાથાઓમાં જોયો. આ જ સિદ્ધાંતની હવે સ્તવનકાર વિશિષ્ટપણે પુષ્ટિ કરતાં કહે છે :

**અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત; સુ.**
**સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલને દૃષ્ટાંત. સુ.ધ્રુ૰૭**

**શબ્દાર્થ :** દરેક દ્રવ્યમાં 'અગુરુલઘુ' નામનો સાધારણ ગુણ હોવાથી એ દૃષ્ટિએ તેઓ વચ્ચે સાધર્મીપણું છે. તે અગુરુલઘુ નિજ ગુણને જોતાં, દર્પણ અને જળના દૃષ્ટાંતની જેમ પ્રભુનું સમસ્ત દ્રવ્યોને જોવાપણું છે. (અગુરુલઘુ = નાનું નહીં કે મોટું નહીં, ઓછું નહીં કે વધારે નહીં; સાધારણ ગુણ = દરેક દ્રવ્યમાં રહેલો સામાન્ય ગુણ; સાધર્મ્યતા = સમાનતાનું હોવાપણું)

**ભાવાર્થ :** આગળની ગાથાઓમાં આપણે જોયું કે જ્ઞાન પરજ્ઞેય જાણવા છતાં પરરૂપ થઈ જતું નથી, પોતાની સ્વસત્તામાં જ સ્થિર રહે છે. તેની પાછળનું મૂળ કારણ છે આત્માનો 'અગુરુલઘુ' નામનો ગુણ, અર્થાત્ અગુરુ-અલઘુ, જેનો સરળ અર્થ છે કોઈપણ જાતની વધ-ઘટ ન થવા દેનાર ગુણ. દ્રવ્યની સ્વતંત્રતાને સમજવામાં તેમજ સમત્વની સાધના માટે પણ આ ગુણ ઘણો અગત્યનો હોવાથી તેને પહેલાં વ્યવસ્થિતપણે સમજી લઈએ.

આ ગુણને સાધારણ એટલા માટે કહ્યો કે તે દરેક દ્રવ્યમાં જડ હોય કે ચેતન - સર્વમાં આ ગુણ છે. (આવાં બીજાં પાંચ 'સાધારણ' કે સામાન્ય ગુણો દરેક દ્રવ્યમાં છે - અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રદેશત્વ, પ્રમેયત્વ - જેનો વિસ્તાર અત્યારે અસ્થાને છે.) આ છ સામાન્ય ગુણોમાંથી 'અગુરુલઘુ' ગુણ આ સ્તવનના વિષયને અનુલક્ષીને પ્રયોજનભૂત હોવાથી તેનો અહીં ઉલ્લેખ છે. આ ગુણને લીધે કયા પ્રકારની વધ-ઘટ ન થાય, તેની સમજણ માટે શ્રી ગોપાલદાસજી બરૈયા કૃત, 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા, અધ્યાય-૧, પ્રશ્નોત્તર-૧૧'માં આ રીતે અગુરુલઘુ ગુણની કાર્યશક્તિ જણાવી છે :

જે શક્તિના કારણથી...

(૧) દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે, અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્ય રૂપે ન પરિણમે.

(૨) એક ગુણ બીજા ગુણરૂપે ન પરિણમે.

(૩) એક દ્રવ્યના અનંત ગુણ વિખરાઈને જુદા જુદા ન થઈ જાય.

ઉપર જણાવ્યું તે પ્રમાણે આ ગુણ જડ કે ચેતન સર્વ દ્રવ્યમાં સાધારણપણે રહ્યો હોવાથી તે અપેક્ષાએ સર્વ દ્રવ્યો સાધર્મી એટલે સમાનતા ધરાવનારા કહી શકાય. તેથી અહીં કહ્યું કે **"સાધારણ ગુણની સાધર્મ્યતા"**. પણ એ સાધર્મીપણું એવું નથી કે બે ભિન્ન દ્રવ્યો કે તેમના ગુણો એકમેક થઈ તન્મયપણે ભળી શકે, એ જ તો તેમના અગુરુલઘુ ગુણની લાક્ષણિકતા છે. આવા, અદ્ભુત દ્રવ્ય-સ્વાતંત્ર્ય માટે શ્રી બનારસીદાસ કહે છે :

*"જીવ પુદ્ગલ એક ખેત અવગાહી દોઉ;*
*અપને અપને રૂપ, કોઉ ન ટરતુ હૈ."*

(શ્રી સમયસાર નાટક અંતર્ગત આ દોહાના આખા ભાગને વિસ્તૃતપણે શ્રીમદ્જીએ શ્રી વચનામૃત પત્રાંક ૩૧૬-૩૧૭માં સમજાવ્યો છે, જેનાથી અગુરુલઘુ

ગુણ પર વિશેષ પ્રકાશ પડશે.)

ટૂંકમાં, અગુરુલઘુ એટલે દ્રવ્યમાં કોઈપણ પ્રકારની વધઘટ ન થવી. અહીં **"દર્પણ જલને દૃષ્ટાંતે"** કહે છે કે જેમ દર્પણમાં કે જળમાં બહારની કોઈ વસ્તુનું પ્રતિબિંબ પડે તેથી દર્પણ કે જળમાં કંઈ વધતું નથી કે તે વસ્તુ જતી રહે ત્યારે પ્રતિબિંબ પણ જતું રહે ત્યારે દર્પણ કે જળમાં કંઇ ઘટાડો થતો નથી. એ જ દૃષ્ટાંતે વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ માત્ર જ્ઞાનમાં જણાય છે પણ તેના આવાગમનથી જ્ઞાનમાં કંઇ વધઘટ થતી નથી. હકીકત તો એમ છે કે આપણા જેવા અલ્પજ્ઞની કે સર્વજ્ઞની જ્ઞાન**શક્તિ**માં કોઈ ફરક નથી, માત્ર વ્યક્તતામાં ફરક છે. આપણું જ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના આવરણથી થોડું જ પ્રગટ છે, જ્યારે પ્રભુને જ્ઞાનાવરણીય કર્મનું આવરણ પૂર્ણપણે ખસી ગયું હોવાથી લોકાલોકને જાણે છે. જ્ઞાનશક્તિમાં કોઈ વધારો થયો નથી. માત્ર જે અપ્રગટ હતું તે પ્રગટ થયું. તેમ નિગોદ આદિ હીન અવસ્થામાં જ્ઞાનશક્તિમાં કંઈ ઘટાડો થતો નથી. ત્યાં જ્ઞાન અત્યંત આવરિત થયેલું છે, જીવના તીવ્ર દુર્ભાવોના પરિણામે.

આત્મા જ્યારે શ્રી પાર્શ્વનાથ પ્રભુની જેમ સંપૂર્ણપણે ધ્રુવપદમાં, સ્વભાવમાં લીન રહે ત્યારે જ્ઞાન પણ પૂર્ણતાને પામતાં, તેમ વળી અગુરુલઘુ ગુણને લીધે તે જ્ઞાનમાં બીજું કોઈ વિક્ષેપ કરનાર ન હોવાથી તે જ્ઞાન સ્વભાવગત સમસ્ત લોકાલોકના દ્રવ્યોને જાણે છે, જુએ છે. તેથી અહીં કહ્યું કે, **"અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત."** હે પાર્શ્વપ્રભુ ! તમારું જ્ઞાન કેવું આશ્ચર્યકારક કે તમે બધું જાણો છતાં અગુરુલઘુ ગુણના કારણે તમારી જ્ઞાનશક્તિમાં કંઈ વધઘટ નહીં અને તમારી વીતરાગદશાના કારણે તમે ધ્રુવપદમાં જ રમણતા કરો છો !

એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઇ ન કરી શકે એવો અગુરુલઘુનો સિદ્ધાંત શ્રી પાર્શ્વનાથ આદિ તીર્થંકરોએ પ્રરૂપ્યો હોવા છતાં આ જીવ અજ્ઞાનવશ પરદ્રવ્યોના માત્ર જ્ઞાતા રહેવાને બદલે તેમાં અહં-મમત્વ કરી, કર્તા-ભોક્તા બની દુઃખી થાય છે. પરવસ્તુ 'મારી' છે એમ માનવું તે જીવની કલ્પના માત્ર છે, જેને શ્રીમદ્જી 'સ્વપ્નદશા' કહે છે. પરવસ્તુ કદાપિ મારી થઈ નથી, છે નહિ અને થશે નહિ એવી અંતરંગ શ્રદ્ધા જ્યારે જ્ઞાનીને કે મુમુક્ષુને થાય છે ત્યારે આ જ અગુરુલઘુ ગુણની સમજણ તેને કોઈપણ સંજોગોમાં સમત્વ રાખી, માત્ર જ્ઞાતાપણે રહેવાનું બળ પૂરું પાડે છે. તેથી 'બૃહદ્ આલોચના'માં એ જ દર્પણના દૃષ્ટાંતથી યથાર્થ જ કહ્યું છે કે :

*"સુખ દુઃખ દોનું વસત હૈ, જ્ઞાની કે ઘટ માંહિ;*
*ગિરિ સર દીસે મુકરમેં, ભાર ભીંજવો નાંહિ."*

અર્થાત્, જેમ દર્પણમાં ગિરિનું, પર્વતનું પ્રતિબિંબ આવે તો દર્પણ કંઇ ભારે થઈ જતો નથી અને તેમાં સર કહેતાં સરોવરનું પ્રતિબિંબ પડે તો દર્પણ કંઇ ભીંજાઇ જતો નથી, તેમ જ્ઞાનીપુરુષો સુખ કે દુઃખના પ્રસંગોને માત્ર જ્ઞાનમાં પડતા પ્રતિબિંબ જાણી તેનાથી અપ્રભાવિત રહી હર્ષ કે શોક કરતાં નથી અને તેથી જ તેઓ નિરંતર નિજાનંદમાં મસ્ત રહે છે.

'અપૂર્વ અવસર' કાવ્યમાં શ્રીમદ્જીએ વર્ણવેલ *"અગુરુલઘુ અમૂર્ત સહજ પદ રૂપ"* એવા સિદ્ધપદે બિરાજમાન શ્રી પાર્શ્વપ્રભુની ભક્તિ કરતાં હવે સ્તવનની પૂર્ણાહુતિ કરે છે :

**શ્રી પારસજિન પારસ રસ સમો, પણ ઈહાં પારસ નાંહિ; સુ.**
**પૂરણરસીઓ હો નિજગુણ પરસનો, આનંદઘન મુજમાંહિ. સુ.ધ્રુ.૮**

**શબ્દાર્થ :** શ્રી પાર્શ્વનાથ જિનેશ્વર પારસમણિના રસ સમાન છે, પણ અહીં તે પારસમણિની વાત નથી કરવી. તેઓ તો પોતાના ગુણોનો સ્પર્શ કરી તે સ્વરૂપરસને પૂર્ણપણે રસપૂર્વક ભોગવે છે. એમના જેવું આનંદઘન પદ મારામાં પણ શક્તિરૂપે છે. (પારસ = પારસમણિ; ઈહાં = અહીં; પૂરણરસીઓ = આત્મરસને પૂર્ણપણે ભોગવનારા; નિજગુણ = પોતાના સહજ આત્મિક ગુણો; પરસનો = સ્પર્શ કરીને)

**ભાવાર્થ :** શ્રી પાર્શ્વનાથ પ્રભુને પારસમણિના રસ સમાન ગણી શકાય. જેમ પારસમણિના સ્પર્શથી

લોઢું સોનું બની જાય છે, તેમ જો પારસનાથના ગુણોનો સ્પર્શ થાય તો સંસારી અજ્ઞાની જીવ પણ પરમાત્મા બની શકે છે. પરંતુ ખરેખર તે પારસ કે જે મણિ છે, પથ્થર છે તે લોખંડને સોનું બનાવે છે, પણ પોતા સમાન પારસમણિ તો નથી બનાવતું. જ્યારે પ્રભુ એવા પારસ નથી. તેઓ તો ભક્તને પોતાના જેવો ભગવાન બનાવે છે. તેથી જ કહ્યું છે ને કે :

*"પારસમેં ઔર સંતમેં (પ્રભુમેં), બડોં અંતરો જાન;*
*વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન !"*

એટલે એ દૃષ્ટિએ તે પારસમણિ અને આ પારસ પ્રભુમાં કોઈ સરખામણી કરી શકાય એમ નથી.

વળી પ્રભુનું પારસનાથ નામ પણ સાર્થક એ રીતે છે કે પ્રભુ પોતાના અનંત આત્મિક ગુણોનો પરસ, અર્થાત્ સ્પર્શ કરનારા છે. તેથી જ આનંદઘનજી "રામ કહો રહેમાન કહો" પદમાં પારસનાથનું યથાર્થ સ્વરૂપ બતાવતાં કહે છે, "પરસે રૂપ પારસ સો કહીયે." - જે સ્વરૂપનો સ્પર્શ કરે તે પારસ !

પોતાના અનંત સ્વાભાવિક, શુદ્ધ અને નિર્મળ ગુણોની પરસના ('નિજગુણ પરસનો'), અર્થાત્ ફરસના, સ્પર્શના થતાં પ્રભુને એવો અતીન્દ્રિય અનંત આનંદરસ પ્રગટ્યો છે કે એક વખત તેનો આસ્વાદ માણ્યા પછી હવે નિરંતર અનંતકાળ સુધી તેને માણવાના રસીઆ થઈ ગયા છે. વળી, પ્રભુને અનંત વીર્ય પણ પ્રગટ્યું હોવાથી તે આનંદરસને પૂર્ણપણે માણવામાં તે 'પૂરણરસીઆ'ને કોઈ બાધા પણ આવી શકે તેમ નથી ! ખરેખર તો પ્રભુ સ્વયં આનંદઘન, આનંદથી રસબસ આનંદના પિંડ છે. તેમાંથી સમયે સમયે અનંત આનંદની પર્યાયોની છોળો ઉછળે છે તેનો તેઓ પોતાના અનંત વીર્ય વડે પૂર્ણપણે ભોગવટો કરી રહ્યા છે. એમના જેવું આનંદઘન પદ મારા અંતરમાં પણ શક્તિરૂપે પડ્યું છે - **"આનંદઘન મુજ માંહી"** - એવી અંતરંગ દૃઢ શ્રદ્ધા થતાં ભક્ત પ્રભુનું શરણ લઈ, તેમના સ્વરૂપને સમજી તે આનંદઘન પદને પ્રગટ કરવા સમ્યક્ પુરુષાર્થ ઉપાડે છે અને ફળસ્વરૂપે - *"પ્રભુજીને અવલંબતા નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ"* - સમ્યગ્દર્શનથી શરૂ કરી કેવળજ્ઞાન સુધીની યાત્રા થોડા જ ભવોમાં પૂર્ણ કરે છે !

## ઉપસંહાર :

સ્તવનમાં આત્માના જ્ઞાનસ્વભાવની, જ્ઞાતા-જ્ઞેય સંબંધની કે દ્રવ્ય-સ્વાતંત્ર્યની જે વાતો આવી તે માત્ર બૌદ્ધિક કસરત કે જ્ઞાનનો ક્ષયોપશમ વધારવા માટે નથી. તેનાથી તો સ્વચ્છંદ આવી જવાનો સંભવ રહે છે. આ તત્ત્વજ્ઞાનને જ્યારે મુમુક્ષુ જીવ ગુરુગમને સાથે રાખીને સમજે ત્યારે તે વિચાર કરતો થઈ જાય છે કે પરદ્રવ્યો મારા જ્ઞાનમાં માત્ર જ્ઞેયાકાર થઈને આવે છે; તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદાં અને મારા તે સ્વ-ચતુષ્ટય જુદાં. તો પછી હું આ શું જ્ઞેયલુબ્ધ થઈ મમત્વ અને રાગ-દ્વેષ કરી બેસું છું !! પોતાની આવી ભૂલ સમજાતાં મુમુક્ષુને પરપદાર્થો, પ્રસંગોનું મૂલ્ય ઘટતું જાય છે. અગુરુલઘુ ગુણ સમજાતાં, માનના પ્રસંગમાં મારામાં એક પણ ગુણ કંઇ વધી જતો નથી અને અપમાનના પ્રસંગમાં મારામાંથી એક પણ ગુણ કંઇ ઘટી જતો નથી - એવો અભિગમ કેળવાતાં સમદર્શિતા આવે છે. આમ, વિવિધ પ્રકારે તત્ત્વજ્ઞાનનો ઉપયોગ આંતરિક શુદ્ધિ માટે થતાં મોહ અને આસક્તિનું જોર નબળું પડતું જાય છે, જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય વધતું જાય છે, અંતર્મુખતાની વધતી જતી શ્રેણીથી યથાસમયે સમ્યક્ત્વની ઉપલબ્ધિ થાય છે અને આ મુમુક્ષુ જીવ પ્રભુ-ગુરુના અવલંબન સહિત પાર્શ્વપ્રભુની જેમ "ધ્રુવપદ રામી" થવાના માર્ગે આગળ વધતો જાય છે !

સ્તવનના આ હાર્દને લક્ષમાં રાખી સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ. તેમાં મારી અલ્પજ્ઞતાથી, જિનઆજ્ઞાથી કંઇ પણ વિપરીત લખાયું હોય તો શ્રી પાર્શ્વનાથ પ્રભુની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

● ● ●

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૧૭)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## પ્રભુના ગુણવાચક વિશેષણો (૬) - ભાગ ૧

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**त्वामामनन्ति मुनयः परमं पुमास-**
**मादित्यवर्णममलं तमसः परस्तात् ।**
**त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं,**
**नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः॥२३॥**

● **શબ્દાર્થ :** त्वाम् - તને (તમને), आमनन्ति - કહે છે, માને છે, मुनयः - મુનિઓ, જ્ઞાની પુરુષો, परमं - પરમ, पुमासं - પુરુષ, आदित्य - સૂર્ય, वर्णम् - જેવી કાંતિવાળા, अमलं - નિર્મળ, દોષરહિત, तमसः - અંધકારથી, परस्तात् - દૂર રહેલ, પર થવાથી, त्वाम् एव - તને જ (તમને જ), सम्यक् - સારી રીતે, અંતરની શુદ્ધિપૂર્વક, उपलभ्य - પામીને, जयन्ति - જિતે છે, मृत्युं - મૃત્યુને, મરણને, न अन्यः - બીજો કોઈ નથી, शिवः - પ્રશસ્ત, કલ્યાણકારી, शिवपदस्य - કલ્યાણકારી પદનો, મોક્ષસ્થાનનો, मुनीन्द्र ! - (હે) મુનીશ્વર (જિનેશ્વર પ્રભુ) !, पन्थाः - માર્ગ.

● **સમશ્લોકી અનુવાદ :**

મોટા મોટા મુનિજન તને માનતા નાથ તો તે,
તેજસ્વી છો રવિસમ અને દૂર અજ્ઞાનથીયે;
સારી રીતે અમર બનતા આપને પામવાથી,
મુક્તિ માટે નવ કદી બીજો માનજો માર્ગ આથી.(૨૩)

● **ભાવાર્થ :** હે મુનીન્દ્ર (જિનેશ્વર પ્રભુ) ! મુનિજનો આપને (૧) પરમ પુરુષ, (૨) સૂર્ય સમાન તેજસ્વી, (૩) રાગ-દ્વેષના મળથી રહિત નિર્મળ અને (૪) અજ્ઞાન અંધકારથી સર્વથા દૂર માને છે. (૫) જગતના જીવો અંતરની શુદ્ધિપૂર્વક આપને પામીને (આપની આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરીને) જ મૃત્યુને જિતે છે. (૬) આપના (વીતરાગ માર્ગ) સિવાય કલ્યાણકારી (મોક્ષનો) કોઈ બીજો માર્ગ નથી. (આત્માની મુક્તિ / મોક્ષ આપની આજ્ઞાના પાલનમાં જ રહેલ છે.)

● **વિશેષાર્થ / પરમાર્થ :** માનતુંગાચાર્યે વિશિષ્ટ ભક્તિભાવથી શ્લોક ૧૯ થી ૨૨માં પ્રભુનું અનન્યપણું અદ્વિતીય કુશળતાથી દર્શાવ્યું. હવે પછીના ૪ શ્લોકમાં આદિનાથ ભગવાનના ૨૯ ગુણવાચક વિશેષણોથી તેમની અદ્‌ભુત સ્તુતિ કરે છે. આ શ્લોક ૨૩માં ૬, શ્લોક ૨૪માં ૧૫, શ્લોક ૨૫માં ૪ અને શ્લોક ૨૬માં ૪ ગુણવાચક વિશેષણોથી પ્રભુને નવાજે છે.

આ વિશ્વમાં પરમ પુરુષ (પ્રભુ, ભગવાન, પરમાત્મા)ની સત્તા ઋષિ-મુનિઓએ જાણીને અનેક વિશેષણોથી વર્ણવેલ છે, જે ભક્તામર સ્તોત્રકાર આચાર્યશ્રીએ અહીં જિનેશ્વર દેવને લાગુ કરી બતાવ્યા છે, જે તેમની અપૂર્વ પ્રતિભાના સૂચક છે.

આ શ્લોકોમાં આચાર્યશ્રી પ્રભુની ઉત્તમતા મોટા મોટા મુનિઓ - સત્પુરુષો - ઋષિઓને પણ કેવી જણાઈ છે તે વર્ણવ્યું છે. એ દ્વારા પ્રભુનું વિશેષ માહાત્મ્ય દર્શાવ્યું છે, અને સચોટ રીતે સમજાવ્યું છે કે તેમને પ્રભુ પ્રતિ જે અનન્ય ભક્તિ પ્રગટી છે તે નિષ્કારણ કે અસ્થાને નથી, પણ પ્રત્યેક જીવે આદરવા યોગ્ય છે. આઠમા શ્લોકમાં માનતુંગાચાર્યે કહ્યું હતું કે પ્રભુના પ્રભાવથી આ સ્તુતિ (ભક્તામર સ્તોત્ર) સજ્જનોને પ્રીતિનું કારણ થશે. તેનું અનુસંધાન અહીં જોવા મળે છે. પ્રભુસ્તુતિથી પ્રભુ પાસે જવાનો માર્ગ ખુલ્લો થાય છે. પ્રભુને પામ્યા વિના મુક્તિ ન મળે અને ભક્તિ વિના પ્રભુ ન

મળે. તેથી મુક્તિ માટે ભક્તિ આશીર્વાદરૂપ છે.

ભગવાનથી મોટો તેનો ભક્ત ગણાય છે કારણકે ભગવાન તેના હૃદયમાં રહે છે. તેથી મહાત્મા કબીરે કહ્યું કે મન ઐસો નિર્મલ ભયો કે પીછે પીછે હરિ ફિરે. અધ્યાત્મકવિ કહે છે કે એકાંતે અલખ (ભગવાન) આરાધે તો અલખ પધારે તેને દ્વારે. પૂજ્ય આત્માનંદજી કહે છે કે ભક્તને આવ્યો પ્રેમ તો ભગવાનને શો નેમ (નિયમ).

પ્રભુ પ્રત્યેનો પ્રેમ / ભક્તિ બે પ્રકારે હોય છે : (૧) પરિસ્થિતિજન્ય લાગણી પ્રધાન (Sentimental) અને (૨) આધ્યાત્મિક (Spiritual). ભક્તામર સ્તોત્રમાં પ્રબળ પરિસ્થિતિ (કેદખાનું, ૪૮ બેડીઓ વગેરે) હોવા છતાં માનતુંગાચાર્ય પ્રભુના ગુણગાન અને ભક્તિ કરે છે તથા કાંઈ માગતા નથી (બેડીથી છુટકારો વગેરે). તેમની ગુણવાચક ભક્તિનો ક્રમ આ પ્રમાણે છે : પ્રભુના ગુણોની (૧) ઓળખાણ, (૨) પ્રતીતિ, (૩) પ્રીતિ અને (૪) સ્તુતિ-ભક્તિ. તેમની સ્તુતિ નિષ્કામ અને માત્ર પોતાના આત્માની શુદ્ધિ-સિદ્ધિ અર્થે જ છે. એટલે તે આધ્યાત્મિક, આત્મલક્ષી પ્રેમભક્તિ છે.

સાધકની અધ્યાત્મ સાધનાનો સાર પોતાના આત્મિક ગુણોની પ્રાપ્તિ એટલે કે ગુણોનો વિકાસ અને શુદ્ધિ-વૃદ્ધિ છે. શાસ્ત્રોમાં ગુણપ્રાપ્તિનો ક્રમ આ પ્રમાણે દર્શાવેલ છે : (૧) ગુણોનો પરિચય અને તેનું સ્વરૂપ સમજવું, (૨) ગુણો અને ગુણીજનો પ્રત્યે અંતરનો અત્યંત અહોભાવ અને (૩) ગુણ પ્રાપ્તિ માટે પ્રબળ પુરુષાર્થ અને સ્તુતિ-ભક્તિ.

ઉપર કહેલ બન્ને પ્રકારો અપેક્ષાએ અને ઉદ્દેશથી સરખા જ છે અને માનતુંગાચાર્યની સ્તુતિ-ભક્તિ ઉત્કૃષ્ટ અને છેલ્લા તબક્કામાં છે.

હવે આપણે આચાર્યએ યોજેલ પ્રભુના ગુણવાચક છ વિશેષણો વિચારીએ.

**(૧) પરમ પુરુષ :** હે ઋષભદેવ ! આ યુગમાં સૌથી પહેલા પરમપદને સાધનારા અને ભવ્ય જીવોને મોક્ષનો માર્ગ દેખાડનારા આપ જ છો. પરમપદને સાધીને પરમાત્મા થયા તેથી પુરુષોમાં આપ શ્રેષ્ઠ છો. જ્ઞાન-આનંદ વગેરે અનંત ગુણરૂપી આત્માના પરમ સ્વરૂપમાં લીન રહેનારા આપ છો. કેવળજ્ઞાનનો ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરનારા આપ છો. આ રીતે મુનિજનો આપને જ પરમ પુરુષ માનીને ઉપાસે છે.

**(૨) આદિત્ય વર્ણ (તેજસ્વી) :** પ્રભો ! આપનું જ્ઞાન સૂર્ય જેવું તેજસ્વી અને સ્વ-પર પ્રકાશક છે. કેવળજ્ઞાન વડે અપૂર્વ પ્રકાશવંત છો. આપનો દેહ પણ સુવર્ણ વર્ણ છે. આ રીતે આપ સૂર્ય કરતા પણ વિશેષ છો. મોક્ષપદ પામવું અને પમાડવું એ બન્ને તમારા માટે સુલભ છે. જેમ સૂર્યને માટે પ્રકાશમય રહેવું અને અન્યને પ્રકાશિત કરવા સહજ છે, તેમ તમે તમારા આત્માને પ્રકાશિત (વિશુદ્ધ, પરિપૂર્ણ) કર્યો છે અને અન્યના આત્માને પ્રકાશિત કરવાનો માર્ગ આપની પાસે છે. તેથી જ નમોત્થુણંના પાઠમાં જિનેશ્વર પ્રભુને 'તિન્નાણં તારયાણં' (પોતે સંસારસાગરથી તરનારા અને બીજાને સંસારસાગરથી તારનારા નિમિત્ત) અને 'મુત્તાણં મોયગાણં' (પોતે કર્મોથી મુક્ત થયેલા અને બીજાને કર્મબંધનથી મુક્ત કરાવનારા નિમિત્ત) કહ્યા છે.

**(૩) અમલ (નિર્મળ) :** કષાયરૂપ મોહમેલથી રહિત હોવાથી આપ અમલ છો, નિર્મળ છો. આપનો દેહ પણ સર્વ પ્રકારની મલિનતાથી રહિત પવિત્ર છે. કોઈપણ પ્રકારની મેલાશ કે ઝાંખપ આપનામાં નથી.

**(૪) અંધકાર (અજ્ઞાન)થી દૂર :** આપના દેહની દિવ્યપ્રભા બહારના અંધકારને દૂર કરે છે અને આપનું ચૈતન્યતેજ અજ્ઞાન અંધકારને દૂર કરે છે. જ્યાં આપ બિરાજો ત્યાં અંદર કે બહાર અંધારા

હોય નહીં. અંધકાર તમને સ્પર્શી શકે તેમ નથી, કારણ કે તમે કેવળજ્ઞાન વડે અપૂર્વ પ્રકાશવંત અને ૧૮ દોષો અને ૧૮ પાપસ્થાનકોથી રહિત છો. એટલે કે અજ્ઞાન અને મોહ તમારી નજીક પણ આવી શકે એમ નથી. તમે એનાથી પર થઈ ગયા છો. સૂર્યથી જેમ અંધકાર અળગો જ રહે છે અને અંધકાર સૂર્ય પાસે રહી શકતો નથી તેમ આપનાથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર જ રહ્યા કરે છે અને તમારી આસપાસમાં ક્યાંય અજ્ઞાન ફરકી શકતું નથી.

**(૫) મૃત્યુંજયી :** હે દેવ ! મોહને સર્વથા નષ્ટ કરીને આપે મૃત્યુને જીતી લીધું છે. આપ જન્મ-મરણથી રહિત થયા છો અને સમ્યક્પણે (અંતરની શુદ્ધિપૂર્વક) આપના આત્મસ્વરૂપને ઓળખીને (જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્યને પર્યયપણે, તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. - પ્રવચન સાર ગાથા-૮૦) ભવ્ય જીવો પણ મૃત્યુને જીતીને જન્મ-મરણથી રહિત થઈ જાય છે. અંતર્મુખ થઈને આપના સમ્યક્ સ્વરૂપને જે અનુભવે તેને જન્મ-મરણના ફેરા રહે નહીં. આપના સ્વરૂપની સાચી ઓળખાણ કરે ત્યારે રાગથી ભિન્ન ઉપયોગ-સ્વરૂપ શુદ્ધ આત્મા અનુભવમાં આવે ને સમ્યગ્દર્શન થાય. પછી તે જ સ્વરૂપમાં એકાગ્ર થઈને રાગ-દ્વેષ દૂર કરતા શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય એટલે પરમાત્મદશા પ્રગટે. હવે તેને ભવ ન રહ્યા. મૃત્યુ ન રહ્યું એટલે તે મૃત્યુંજયી થયો. આ રીતે હે નાથ ! આપ પોતે તો મૃત્યુંજયી છો ને આપની સમ્યક્ ઉપલબ્ધિ કરનારા ભવ્ય જીવો પણ મૃત્યુંજયી થઈ જાય છે.

**(૬) શિવપંથી :** હે મુનીન્દ્ર ! મુનિઓના નાથ ! આપ પોતે શિવ એટલે કલ્યાણ સ્વરૂપ છો, ને આપ જ અમને શિવપંથ દેખાડનારા છો. આ જગતમાં જેને શિવપદ એટલે મોક્ષસ્થાન પ્રાપ્ત કરવું છે, તેને માટે આવો પ્રશસ્ત સુંદર માર્ગ બીજો કોઈ પણ નથી. મોક્ષ અને મોક્ષપંથ આપ જ છો. આપના સેવન (આજ્ઞાપાલન) વડે જ મુનિજનો (અને સાધકો) મોક્ષના અધિકારી થાય છે. મોક્ષમાર્ગે ચાલનારા મોક્ષાર્થી જીવોના આપ નાયક છો. એટલે મોક્ષમાર્ગના નેતા છો (મોક્ષમાર્ગસ્ય નેતારં... સમંતભદ્રાચાર્ય). આપના વીતરાગી શાસન સિવાય બીજે ક્યાંય મોક્ષમાર્ગ નથી. માનતુંગાચાર્ય કહે છે કે ભવ્ય જીવો ! મોક્ષને માટે તમે આ (આવા) પરમાત્માને સેવો અને તેમણે ઉપદેશેલા મોક્ષમાર્ગનું સેવન કરો. 'કલ્યાણમંદિર' સ્તોત્રના ૨૫મા શ્લોકમાં આચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિજી પણ એમ જ કહે છે કે હે ભવ્યો ! પ્રમાદ તજીને મોક્ષપુરી તરફ જનાર આ સાર્થવાહ (જિનેશ્વર પ્રભુ)ના શરણે આવી એમની સેવા કરો. જિનેશ્વર પ્રભુ (વીતરાગ જૈન) ધર્મના રક્ષક, પોષક અને ઉપદેશક છે. ભગવાને બતાવેલો મોક્ષપંથ રાગનો નાશક અને ધર્મનો રક્ષક છે.

વીતરાગદેવના જિનમાર્ગમાં આ વિશિષ્ટતા છે કે ભક્તને ભક્તિનું ફળ ભગવાન નથી દેતા, પણ પોતાના ચિત્તની વિશુદ્ધતાને લીધે ભક્તને પોતાના ભાવનું ફળ સ્વયં મળે છે.

વીતરાગ પ્રભુના માર્ગને અત્રે 'શિવપદસ્ય પન્થાઃ' કહીને આચાર્યશ્રીએ ભવ્ય અંજલિ આપી છે. સહુ જીવો તે માર્ગ પામે એવી મંગલ ભાવના સાથે જિનાજ્ઞાથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

**માનવજીવન મિલા હૈ બેસ્ટ,**
**ઇસે મત જાને દો વેસ્ટ;**
**મોહમાયાકો કરને દો રેસ્ટ,**
**ધર્મભાવનાકા કરો ટેસ્ટ;**
**યહી હૈ ગુરુદેવકી રિક્વેસ્ટ.**

# સમ્યક્જ્ઞાન

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

આ સમ્યક્જ્ઞાનની આરાધના માટે વ્યવહારનયની અપેક્ષાએ આઠ અંગ બતાવ્યા છે, જેમાંથી પ્રથમ ચાર અંગની જાણકારી ગતાંકમાં આપેલ. હવે, ત્યારબાદના ચાર અંગ (૫ થી ૮)ની જાણકારી મેળવીશું.

**[૫] વિનયાચાર :**

શાસ્ત્રોનો વિનય કરવો અર્થાત્ શરીરાદિ શુદ્ધિ તથા નમસ્કારાદિ કરીને પઠન-પાઠન કરવું તે વિનયાચાર કહેવાય છે. વિનયાચારમાં મુખ્યરૂપથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવશુદ્ધિનું વિધાન છે, જે આ પ્રકારે છે :

**(i) દ્રવ્યશુદ્ધિ :** દ્રવ્યશુદ્ધિનો અભિપ્રાય એ છે કે જે વ્યક્તિ પઠન-પાઠન કરે છે તે શારીરિક તથા માનસિકરૂપથી પૂર્ણતઃ સ્વસ્થ હોવો જોઈએ. અતિરોગી ન હોવો જોઈએ, શરીર પર ઊંડા ઘા આદિ ન હોવા જોઈએ કે જેમાંથી લોહી, પરુ આદિ વહેતા હોય તથા માનસિક તનાવ, મનોરોગ આદિથી ગ્રસિત ન હોય તેવો વ્યક્તિ જ શાસ્ત્રોનું પઠન-પાઠન કરે. આ દ્રવ્યશુદ્ધિ કહેવાય છે. જે વ્યક્તિ શારીરિક કે માનસિકરૂપથી સ્વસ્થ ન હોય તેને પઠન-પાઠન કરવામાં અશુદ્ધિ થવાની સંભાવનાઓ રહે છે. કારણ કે રૂગ્ણતાના કારણે ઉપયોગ વિચલિત રહે છે, જેનાથી યથાર્થ અર્થ તથા ભાવ ગ્રહણ ન થઈ શકવાથી આગમની ઉપેક્ષા આદિ અવિનય સંબંધી દોષ લાગે છે. આગમનો અવિનય અનંતાનુબંધી કષાયોની ઉત્પત્તિમાં નિમિત્ત થઈ શકે છે. તેથી દેવ-શાસ્ત્ર-ગુરુની આરાધના હેતુ તથારૂપ દ્રવ્યશુદ્ધિ અનિવાર્ય કહી છે.

**(ii) ક્ષેત્રશુદ્ધિ :** જે સ્થાન ઉપર બેસીને પઠન-પાઠન કરાય છે તે સ્થાન સ્વચ્છ હોય, કોલાહલથી રહિત શાંત હોય તથા ચારે બાજુ ૧૦૦ ડગલા સુધી કોઈ હાડકાં, મરેલું પ્રાણી આદિ અશુદ્ધ પદાર્થ ન હોય એવા પવિત્ર સ્થાન પર જ આગમશાસ્ત્રોનો સ્વાધ્યાય કરવો જોઈએ. આને જ ક્ષેત્રવિશુદ્ધિ કહે છે. વિશેષ ધ્યાન રાખવા યોગ્ય એ છે કે જે ગૃહસ્થજીવન જીવે છે તેમણે પોતાના શયનકક્ષમાં ન તો આગમ ગ્રંથ રાખવા જોઈએ અને ન તો ત્યાં બેસીને તેનું અધ્યયન - અધ્યાપન કરવું જોઈએ.

**(iii) કાળશુદ્ધિ :** આનો ઉલ્લેખ કાળાચારમાં થઈ ગયો છે. કાળાચારમાં વર્ણિત નિષિદ્ધ કાળોને છોડીને શેષ સમયમાં આગમનું પઠન કરવું તે કાળશુદ્ધિ છે. પ્રદોષકાળ, ઉપસર્ગકાળ, અશુભ દિવસ આદિના સમયે સ્વાધ્યાયના નિષેધનું એક કારણ તો એ છે કે આ કાળમાં બાહ્ય વાતાવરણ ચિત્તમાં વિક્ષોભ ઉત્પન્ન કરનાર હોય છે, જેનાથી સ્વાધ્યાયમાં પૂરું મન લાગતું નથી તથા વારંવાર ચિત્તવૃત્તિ બાહ્યમાં જાય છે, જેથી આગમની ઉપેક્ષારૂપ અવિનયનો દોષ લાગે છે તથા બીજું કોઈનો અતિ અધ્યયનશીલ સ્વભાવ હોવાથી સંધિકાળ આદિમાં પણ પઠન-પાઠન કરતા રહે છે, જેનાથી અન્ય સામાયિક, દેવપૂજા, ગુરુસેવા આદિ આવશ્યક છૂટી જાય છે અથવા તેમાં રુચિ રહેતી નથી, જેનાથી જિનાજ્ઞાભંગનો દોષ તો લાગે જ છે તથા વિશેષમાં સામાયિક, દેવપૂજા, અભિષેક, ગુરુસેવા આદિથી થનારા વિશિષ્ટ ગુણોનો વિકાસ તથા ભાવવિશુદ્ધિથી સાધક વંચિત રહી જાય છે. અર્થાત્ સાધકનો સર્વપક્ષીય આત્મવિકાસ થઈ શકતો નથી. માટે આગમમાં જિનેન્દ્રદેવની આજ્ઞા પ્રમાણે જે સમયે જે

કર્તવ્ય કરવાનું છે તે સમયે તે જ કર્તવ્ય કરણીય છે અને આનાથી જ આત્માનો સમ્યક્ વિકાસ થાય છે.

**(iv) ભાવશુદ્ધિ :** નિર્મળ ભાવોથી યુક્ત થઇ સ્વાધ્યાય કરવો તે ભાવશુદ્ધિ કહેવાય છે. અર્થાત્ જ્યારે આપણા ભાવ અત્યંત આવેશયુક્ત, ક્લેશયુક્ત, વિકારયુક્ત તથા વિક્ષોભ ઇત્યાદિથી રહિત શાંત, પવિત્ર તથા અન્ય પદાર્થના ચિંતનરૂપ તનાવથી રહિત હોય તે અવસ્થામાં આગમ શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવો જોઇએ. આને જ ભાવશુદ્ધિ કહે છે. વિક્ષોભ યુક્ત વિકારીભાવોથી યુક્ત થઇને પઠન-પાઠન કરવાથી એક તો શાસ્ત્રોમાં વર્ણવેલ જ્ઞાનનું આપણા આત્મામાં તથારૂપ પરિણમન થતું નથી તથા બીજું ઉપયોગ અન્યત્ર રહેવાથી જ્ઞાનની અવહેલના, ઉપેક્ષા આદિનો પણ દોષ લાગે છે. હવે કોઇ પ્રશ્ન કરે કે અમે તો અમારા ભાવોની વિશુદ્ધિ માટે જ તો સ્વાધ્યાય કરીએ છીએ. સ્વાધ્યાય પહેલા જ ભાવશુદ્ધિ હોય તો પછી પ્રયોજન સિદ્ધ થઇ જવાથી સ્વાધ્યાય કેમ કરીએ ? તેનું સમાધાન એ છે કે **"આગમના સ્વાધ્યાયનું મૂળ પ્રયોજન જીવાદિ પદાર્થોને સામાન્ય તથા વિશેષરૂપથી જાણવા તથા સમજવાનું છે."** ભાવવિશુદ્ધિ તો જીવાદિ પદાર્થોને જાણવા, સમજવા તથા શ્રદ્ધાન કરવાથી તેના ફળરૂપ સ્વયં જ થાય છે. જ્યારે ઉપયોગ તીવ્ર કષાયભાવોથી યુક્ત હોય એવા સમયમાં આગમમાં સ્વાભાવિક અરુચિ, ઉપેક્ષા, અવિનય આદિ દોષ ઉત્પન્ન થવાથી તથારૂપ પદાર્થોને જાણીને, તેમને સમજવા તથા તેમનું શ્રદ્ધાન કરવું આદિ થઇ શકતું નથી. તેથી સ્વાધ્યાયમાં ભાવશુદ્ધિ અતિઆવશ્યક છે. માટે **"શાંત, નિર્વિકાર, સ્થિર એકચિત્ત તથા સર્વ પ્રકારના નિદાનોથી રહિત થઇ આગમનો અભ્યાસ કરવો જોઇએ, જેનું ફળ અનુપમ છે, અમૃત છે."**

### [૬] ઉપધાનાચાર :-

ઉપધાનાચાર નું સ્વરૂપ ત્રણ પ્રકારથી કહ્યું છે :

(૧) એક તો જે સ્વાધ્યાય કર્યો છે તેને સ્મૃતિમાં ધારણ કરવો ઉપધાન કહેવાય છે.

(૨) શાસ્ત્રો ઉપર પૂંઠા ચઢાવવા, કપડાં આદિ વીંટાળવા એમ વિવિધ રીતે શાસ્ત્રોની સુરક્ષા કરવી તેને ઉપધાન કહેવાય છે.

(૩) જે પણ શાસ્ત્ર સ્વાધ્યાય માટે ચયન કર્યુ હોય તે જ્યાં સુધી સંપૂર્ણ વંચાય નહી ત્યાં સુધી રસત્યાગ આદિ કોઇ વિશિષ્ટ નિયમધારણ અથવા દિવસમાં અમુક સમય સુધી સ્વાધ્યાય ન થાય ત્યાં સુધી અમુક વસ્તુ ગ્રહણ નહીં કરું તેવો નિયમ. આમ, અનેક રીતે નિયમ ધારણ કરવા તેને ઉપધાનાચાર કહેવાય છે.

ઉપધાનાચાર વાસ્તવમાં આગમ પ્રત્યે રુચિ, વિશિષ્ટ પ્રેમ તથા શ્રુતાભ્યાસની દઢતા બતાવે છે. અભ્યંતર રુચિ વિના વાંચેલું યાદ રહેતું નથી, અંતરંગ પ્રેમ વિના શાસ્ત્રાદિની સુરક્ષાના ભાવ જાગ્રત થતા નથી. તથા શાસ્ત્ર પૂર્ણ થાય ત્યાં સુધી વિશિષ્ટ નિયમ ધારણ કરવો તે શ્રુતાભ્યાસ પ્રતિ નિયમિતતા તથા કટિબદ્ધતા દર્શાવે છે, અને તેની જીવનમાં અપરિહાર્યતા તથા મહત્તા પણ બતાવે છે. આ રીતે ઉપધાનાચારને સમ્યક્જ્ઞાનનું મહત્ત્વનું અંગ જાણવું જોઇએ.

### [૭] બહુમાનાચાર :-

જ્ઞાન, જ્ઞાનના સાધન શાસ્ત્ર તથા જ્ઞાનના મૂર્તરૂપ ગુરુ - તેમનું અંતરંગ સન્માન, સત્કાર કરવો તથા તેમને ઉચ્ચ સ્થાન આપીને બહુમાન વ્યક્ત કરવું બહુમાનાચાર કહેવાય છે. વાસ્તવમાં વિદ્યાનું મૂળ વિનય છે. જ્ઞાન તથા જ્ઞાનીઓ પ્રત્યે જ્યાં સુધી તથારૂપ વિનયભાવ અથવા બહુમાનભાવ પ્રગટ થતો

નથી ત્યાં સુધી યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ અસંભવિત છે. **આગમ અથવા આગમના જ્ઞાતા ગુરુઓનો અંતરંગથી પરિપૂર્ણરૂપથી સ્વીકાર કરવો વિનય કહેવાય છે.** અથવા "આપ પરિપૂર્ણ સત્ય છો, આપ જે કહો છો તે બધું મને શરત અને સંશય વિના સ્વીકાર્ય છે." આ પ્રકારના અભિપ્રાયને વિનય કહે છે. વિનયથી જ જ્ઞાનની ગંભીરતા તથા ગુણ ગરિષ્ઠતા અનુભવમાં આવી શકે છે, જેનાથી સહજ જ જ્ઞાન તથા જ્ઞાનીઓ પ્રત્યે અહોભાવરૂપ બહુમાન પ્રગટ થાય છે. અહોભાવ પ્રગટ થવાથી તેમની પ્રભુતા અને સ્વયંની પામરતા અનુભવમાં આવવાથી તેમને ઉચ્ચાસન આપવું, તેમના ગુણગાન કરવા ઇત્યાદિ વૈનયિક ભાવ સહજ જ આવિર્ભૂત થાય છે. આને જ બહુમાનાચાર કહ્યો છે.

**[૮] અનિહ્નવાચાર :**

જેમની પાસેથી આપણને જ્ઞાન પ્રાપ્ત થયું છે એવા ગુરુ અથવા શાસ્ત્રનું નામ છુપાવ્યા વગર તેમનો ઉપકાર માનીને, તેમનું સ્મરણ, તેમના નામની સાક્ષી આપી પઠન-પાઠન કરવું, અનિહ્નવાચાર કહેવાય છે. વાસ્તવમાં ગુરુ અથવા શાસ્ત્રનું નામ છુપાવવું તે અભિમાન સૂચવે છે અને અહંકાર જ્ઞાનનો પ્રધાન શત્રુ છે. અહંકારથી પ્રાપ્ત વિદ્યા પણ નષ્ટ થઇ જાય છે અથવા અકાર્યકારી સિદ્ધ થાય છે. "હું જાતે જ શીખ્યો છું, મારો કોઇ ગુરુ નથી" આવા અભિપ્રાયને જ્ઞાનમદ કહે છે અને જ્ઞાનમદ સમ્યક્ત્વ ગુણનો ઘાતક છે. સમ્યક્ત્વ વિના સમ્યક્જ્ઞાન અસંભવિત છે. માટે ઉપરોક્ત મદને શીઘ્ર ત્યાગીને આપણે જ્ઞાનપ્રાપ્તિ માટે સદૈવ જ્ઞાનીઓ તથા સદ્ગ્રંથોના ઋણને સ્વીકારવું જોઇએ. જો કે જ્ઞાનપ્રાપ્તિનું ઉપાદાન કારણ સ્વયં પોતાની યોગ્યતા છે તે નિઃસંદેહ સત્ય છે, પરંતુ આ પણ એટલું જ સત્ય છે કે શાસ્ત્ર તથા ગુરુના નિમિત્ત વિના તેવું જ્ઞાન તથા તેવી યોગ્યતા બંને ઢંકાયેલ (આવરિત) રહે છે. તેથી આગમશાસ્ત્રો તથા શ્રી ગુરુઓના ઉપકારનું વેદન સદૈવ પોતાના હૃદયપ્રદેશમાં કરવું જોઇએ. આ જ યથાર્થ જ્ઞાનપ્રાપ્તિનો સુગમ તથા સરળ ઉપાય છે. આનું નામ જ અનિહ્નવાચાર છે.

● ● ● **(ક્રમશઃ)**


**ફોર્મ નં. ૪, નિયમ : ૮**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા- ૩૮૨૦૦૭.<br>(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)<br>જિ. ગાંધીનગર. ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૪૮૪<br>ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨ |
| ૨. | પ્રકાશન- અવધિ | : | માસિક |
| ૩. | મુદ્રક-પ્રકાશક-માસિક | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા-૩૮૨ ૦૦૭. |
| ૪. | તંત્રીનું નામ | : | શ્રી મિતેશભાઈ એ. શાહ - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા-૩૮૨ ૦૦૭. |

હું નીતિનભાઈ આઈ. પારેખ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

કોબા, તા. ૧-૪-૨૦૧૬

નીતિનભાઈ આઈ. પારેખ - ચેરમેન
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

# આત્માની સ્વચ્છત્વ શક્તિ (૧૧)

**વલભજી હીરજી 'કેવલ'**

જ્ઞાનસ્વરૂપ આત્મામાં એવી સ્વચ્છતા છે કે તેના ઉપયોગમાં લોકાલોક જણાય છે. પોતે અરૂપી હોવા છતાં રૂપી-અરૂપી સમસ્ત પદાર્થો તેના જ્ઞાનમાં જણાય છે. લોકાલોકને જાણવા છતાં તેના ઉપયોગમાં જરાય વિકાર ન થાય એવી તેની સ્વચ્છતા છે. પદાર્થો જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં પદાર્થોનું જેવું સ્વરૂપ હતું તેવું જ્ઞાને જાણી લીધું. જ્ઞાનની સ્વચ્છતામાં એવી તાકાત છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુને જાણી લ્યે. જ્ઞાનમાં સ્વચ્છતા થતાં પોતે પોતાને તો જાણે ને લોકાલોકને પણ જાણી લ્યે એવી તેની તાકાત છે.

જ્ઞાનલક્ષણ વડે આત્માને અનુભવમાં લેતા જે જ્ઞાન પરિણમ્યું તે પરિણમનમાં ભેગી આવી સ્વચ્છતા પણ પરિણમે છે. એ જ રીતે સાધકનું જ્ઞાન પણ એવી સ્વચ્છતા રૂપે પરિણમે છે કે રાગને જાણવા છતાં પોતે રાગરૂપ મલિન થઈ જતું નથી. રાગ મલિન છે પણ રાગને જાણનારું જ્ઞાન મલિન નથી. કેવું ભેદજ્ઞાન ! સ્વચ્છત્વ શક્તિને લીધે આત્માના ઉપયોગની એવી તાકાત છે કે ગમે તેટલા ને ગમે તેવા પદાર્થો જાણે છતાં પણ પોતે મલિન થતો નથી. તેથી કાંઈ જ્ઞાનમાં બોજો થઈ જતો નથી. એ તો અરૂપી સ્વચ્છ ને નિરુપાધિક જ રહે છે. પોતાના આનંદાદિ સ્વભાવને જાણતાં જ્ઞાન તેમાં તો તન્મય થાય છે પણ રાગાદિ પરભાવને જાણતાં જ્ઞાન તેમાં તો તન્મય થતું નથી. એટલે નિજ સ્વભાવરૂપ જે નિશ્ચય તેમાં તો જ્ઞાનની એકતા છે ને પરભાવરૂપ જે વ્યવહાર તેમાં જ્ઞાનની એકતા નથી પણ ભિન્નતા છે. એટલે નિશ્ચયનો આશ્રય તે વ્યવહારનો નિષેધ એવું સાધકના જ્ઞાનનું પરિણમન છે. આવા જ્ઞાનની અનુભૂતિ જ્યારે આત્મા કરશે ત્યારે જ તે પ્રતિબુદ્ધ થશે ત્યારે જ તે ભેદજ્ઞાની અને ધર્મી થશે. મલિનભાવમાં આત્માનું સાચું સ્વરૂપ ન દેખાય. પોતાનું નિરાલંબીપણું અને સ્વચ્છતા એવી છે કે પોતે સ્વચ્છ રહીને મલિનતાને પણ જાણી લે, એવી જ્ઞાનની સ્વચ્છતાની તાકાત છે. અમૂર્તિક એવા અસંખ્ય આત્મપ્રદેશોમાં મૂર્ત-અમૂર્ત અનંતા પદાર્થો જ્ઞેયપણે ઝળકે છે છતાં ઉપયોગમાં મલિનતા ન આવે એવો સ્વચ્છ આત્મસ્વભાવ છે.

આ આત્મા પોતે અનંત શક્તિસમ્પન્ન પરમાત્મા છે. સ્વ સન્મુખ થઈને પોતે પોતાની પ્રતીત કરતા અનુભવ થાય ને શુદ્ધતા - સ્વચ્છતા પ્રગટે. જગતને જાણવા છતાં જગતથી અલિપ્ત રહી પોતાની અનંત શક્તિના નિર્મળ પરિણમનમાં તન્મય રહીને બધાને જાણે છે. **(ક્રમશઃ)**

## અમદાવાદ મુકામે પૂજ્યશ્રી રાકેશભાઈની ત્રિદિવસીય સત્સંગશ્રેણી

શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહાર ભવનટ્રસ્ટ (અમદાવાદ-વડવા-ઈડર)ના ઉપક્રમે પૂજ્યશ્રી રાકેશભાઈ (ધરમપુર)ની 'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત'ના આધારે **તા. ૨૨ તથા ૨૩ એપ્રિલ** રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ તથા **૨૪ એપ્રિલ રવિવારે** સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન સત્સંગશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે.

**સ્થળ : ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર, ઓડિટોરિયમ, મેમનગર, અમદાવાદ**

તા. ૨૪ એપ્રિલે પૂ. રાકેશભાઈના ૫૦ કૃપાસભર ઉજવણી વર્ષ સંદર્ભે તેઓશ્રીની આધ્યાત્મિક યાત્રાની ઝાંખી કરાવતી વીડિયોની પ્રસ્તુતિ, પૂજ્યશ્રી આત્માનંદજીના આશીર્વચન, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સત્સંગ બાદ સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવેલ છે.

# મહાવીરસ્વામી : એક મહાન યુગદૃષ્ટા

**પારુલબેન ભરતકુમાર ગાંધી**

આજથી અઢી હજાર વર્ષ પૂર્વે ભારતની સ્થિતિ ઘણી જ દુ:ખમય હતી. લોકો અજ્ઞાન અને અંધશ્રદ્ધાથી ઘેરાયેલા હતા. તે સમયની સંસ્કૃતિ ધાર્મિક - સામાજિક રૂઢિચુસ્તતા, સંકુચિતતા અને ખોટા વહેમોના મર્યાદિત વર્તુળમાં જકડાયેલી હતી. નૈતિક અધ:પતનની પરિસ્થિતિ વ્યાપક બની હતી. તેના નિર્માતા હતા કહેવાતાં ધર્મગુરુઓ, મહંતો, પંડિતો અને પુરોહિતો. જ્ઞાતિ-જાતિના ભેદભાવો સમાજમાં વ્યાપ્ત હતા. વળી, તે શાખા-પ્રશાખામાં ફેલાઈને વટવૃક્ષની જેમ વિરાટ બન્યા હતા. માનવ જ માનવીનો દુશ્મન બન્યો હતો. અસ્પૃશ્યો તો પશુથી પણ બદતર જીવન જીવતા હતા. સ્ત્રીઓની સ્થિતિ દયનીય હતી.

આવા આ સમયમાં મહાવીરદેવનો જન્મ થયો. ગર્ભાવસ્થામાંથી જ ત્રણ જ્ઞાનના સ્વામી વીરપ્રભુએ જગતને આ દશામાંથી ઉગારવા કઠોર પુરુષાર્થ આદર્યો. ૧૨ાા વર્ષ સુધી ઘોર સાધના-આરાધના કરી ભવ્ય જીવોને સંસારથી મુક્ત થવાનો મોક્ષમાર્ગ બતાવ્યો. તેમના આચાર અને ઉપદેશથી સમાજમાં ધરમૂળથી પરિવર્તનો આવ્યા અને એક નવા સમાજનો અભ્યુદય થયો. તેમણે જે માર્ગની પ્રરૂપણા કરી તે માર્ગની આછેરી ઝલક જોઈએ તો,

**(૧) સ્ત્રી સન્માન અને અસ્પૃશ્યોનો ઉદ્ધાર:** એ સમયે સ્ત્રીનું સ્થાન દાસી જેવું હતું. તે માત્ર ભોગનું સાધન ગણાતી. ઘરની, બાળકોની કોઈ પણ બાબતમાં તેની - તેના વિચારોની ગણના થતી નહિ. તે ધર્મ પણ કરી શકતી નહીં. એના બદલે મહાવીરસ્વામીએ સ્ત્રીને દીક્ષિત થવાનો, ધાર્મિક જ્ઞાન શીખવાનો પ્રારંભ કરાવ્યો; જેનાથી સ્ત્રીનું મહત્ત્વ વધ્યું. વળી, અસ્પૃશ્યોનું સ્થાન ઘણું નીચું હતું. મહાવીરસ્વામીએ કહ્યું કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર પોતાના કર્મોથી થવાય છે, નહિ કે જન્મથી. આ કારણે બ્રાહ્મણોની સર્વોપરિતા ઘટી. શૂદ્રો પણ સારા કાર્ય કરે તો સમાજ તેની પ્રશંસા કરતો થયો. તેઓને દીક્ષિત થવાનો અધિકાર આપ્યો.

**(૨) સંસ્કૃતને બદલે અર્ધમાગધીમાં દેશના દ્વારા સમાજના નીચલા વર્ગ સુધી ધર્મફેલાવો:** એ સમયમાં બૌદ્ધ અને બ્રાહ્મણ ધર્મનું સમાજમાં ઘણું વર્ચસ્વ હતું. બ્રાહ્મણો મોટેભાગે સંસ્કૃત ભાષામાં જ ઉપદેશ આપતા. જ્યારે સમાજનો મોટાભાગનો વર્ગ અર્ધમાગધી ભાષા જ જાણતો. આથી બહુજન વર્ગ ધર્મથી ઘણો દૂર હતો. આ દિશામાં પ્રથમ પગલું પ્રભુ વીરે એ ભર્યું કે તેમણે અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપવાનું શરૂ કર્યું. આનું સીધું પરિણામ એ આવ્યું કે એક અદનો આદમી પણ તે સાંભળી - વિચારી શકે, મનન કરી શકે. જે ધર્મ સાંભળી જાગૃત થયા તેમને જ્ઞાન શીખવાનો, દીક્ષિત થવાનો અધિકાર આપ્યો. પરિણામે જ્ઞાતિપ્રથા પર જોરદાર પ્રહાર થયો. સારા કાર્ય કરનાર નીચલી જ્ઞાતિનો માનવી પણ આગળ વધી શકે. જ્યારે ખરાબ કાર્ય કરનાર ઉચ્ચ જ્ઞાતિનો માનવી પણ ઉચ્ચ ન ગણાય. આમ, દરેકને પુરુષાર્થ દ્વારા આગળ વધવાનો, મોક્ષ મેળવવાનો અધિકારી ગણાવી એક નવો જ ચીલો ચાતર્યો.

**(૩) આચારનું મહત્ત્વ સ્થાપિત કરી - વેશધારીઓનો વિરોધ :** ભગવાને કહ્યું કે જે સર્વ પ્રાણીઓ પ્રત્યે સમતાભાવ રાખે છે સાચા અર્થમાં તે જ શ્રમણ છે. માત્ર માથું મુંડાવાથી શ્રમણ બનાતું નથી. બ્રાહ્મણ બ્રહ્મચર્યસેવનથી થઈ શકાય છે. આત્મા પર સંયમ એ જ બ્રહ્મચર્ય. જંગલમાં રહેવાથી કે વલ્કલચીર પહેરવાથી તાપસ બનાતું નથી. તાપસ

બનવા તપસ્યા કરવી જરૂરી છે. સંયમને પ્રધાનતા આપી. પરિણામે સાધુત્વની પ્રતિભા બાહ્ય આકાર - પ્રકારથી હટીને અંતરના આલોકની વેદી પર પ્રતિષ્ઠિત થઈ. સંયમ શ્રેષ્ઠ છે પણ તે ન લઈ શકાય તો શ્રાવકધર્મનું પાલન અવશ્ય કરવું જોઈએ. એટલે જ તેમણે કહ્યું કે સંયમરત ગૃહસ્થ અને ભિક્ષુ બંને શ્રેષ્ઠ છે. અસંયમી ગૃહસ્થ કે સાધુ શ્રેષ્ઠ નથી.

**(૪) હિંસક યજ્ઞના સ્થાને અહિંસક યજ્ઞની - ધર્મની પ્રતિષ્ઠા કરી :** હિંસક યજ્ઞને સ્થાને અહિંસાનું એકચક્રી શાસન સ્થાપ્યું. તેમણે કહ્યું કે સંયમ અને અહિંસાનું આચરણ હોય અને દેહનું વિસર્જન હોય તો તે શ્રેષ્ઠ યજ્ઞ છે. એ યજ્ઞમાં વિષય-વિકારોનું બલિદાન આપવું જોઈએ, નહિ કે અબોલ પ્રાણીઓનું. અહિંસક યજ્ઞ માટે આત્માને અગ્નિકુંડ બનાવી, મન-વચન-કર્મ દ્વારા શુભ પ્રવૃત્તિરૂપ ઘી હોમો. તપાગ્નિ દ્વારા દુષ્કર્મોનું ઈંધણ સળગાવી, સંયમનો શાંતિપાઠ કરવાનો છે. હિંસાના તાંડવ સામે અહિંસક યજ્ઞે જોરદાર આક્રમણ કર્યું. લોકોના શુદ્ધ હૃદયમાં કરુણાના ઝરણા વહી નીકળ્યા અને અહિંસા-સંયમ-તપરૂપ ધર્મે લોકોના હૃદયમાં મહત્ત્વનું સ્થાન મેળવ્યું.

**(૫) વિચારે અનેકાન્તના પ્રતિપાદન દ્વારા સંઘર્ષની સમાપ્તિ :** કોઈપણ વસ્તુના અનેક ધર્મ હોય છે. એક જ ધર્મથી જોતાં તે વસ્તુ વિષેનું સમગ્ર પાસું સ્પષ્ટ થતું નથી. આથી અનેક વિરોધાભાસો ઉત્પન્ન થાય છે. એક પુરુષ કોઈનો પતિ, પિતા, પુત્ર, ભાઈ હોઈ શકે. જે તે દૃષ્ટિકોણથી તે સત્ય છે. પણ સમગ્ર રીતે જોતાં તે બરાબર નથી. આથી સંઘર્ષ પેદા થાય છે. ભગવાને અનેકાન્તના પ્રતિપાદન દ્વારા આ વાત સ્પષ્ટ કરી. આચારે અહિંસા અને વિચારે અનેકાન્ત દ્વારા ભગવાને સંવાદિતાનો સેતુ પ્રસ્થાપિત કર્યો.

**(૬) સંપ્રદાય નહિ, ધર્મ જ મહાન છે એ સાબિત કર્યું :** ધર્મરૂપી સૂર્ય પર સંપ્રદાયરૂપી વાદળો છવાઈ જાય છે ત્યારે ધર્મનો પ્રકાશ આવરાઈ જાય છે. ભગવાને ધર્મને સંપ્રદાયની ગુલામીમાંથી મુક્ત કરી તેના વ્યાપકરૂપને માન્યતા આપી. અહિંસા-સંયમ-તપરૂપ ધર્મ જ શાશ્વત છે. મોક્ષને સંપ્રદાયથી પર કરી પુરુષાર્થ અને ધર્મની અસાંપ્રદાયિક સત્તાના સિદ્ધાંતને સર્વોપરી બનાવ્યો. વ્યક્તિપૂજાને નહિ, પણ ગુણપૂજાને જ મહત્ત્વ આપ્યું. ''જીવનવ્યાપી સત્ય જીવનને ક્યારેય અને ક્યાંય - પ્રકાશિત કરી શકે છે.''આ સત્યને ઊજાગર કરી ભગવાને ધર્મને વ્યાપક બનાવ્યો. સંપ્રદાય વ્યવસ્થા માટે હોય છે. ધર્મથી મહાન નથી.

**(૭) સાધનાપથમાં સ્યાદ્‌વાદનો સ્વીકાર :** સાધના કરવા માટે અમુક જ વસ્તુ કરવી જોઈએ એવું નથી. જેનાથી જે થાય તે ભાવનાથી, ભક્તિથી તરબોળ થઈને યથાશક્તિ કરવું જોઈએ. દા.ત. કોઈ વ્યક્તિ ઉપવાસ ન કરી શકે તો તે ફરજિયાત નથી, ઊણોદરીથી પણ ધર્મ થઈ શકે. વળી, અણગારમાર્ગ, આગારમાર્ગ બતાવ્યા. જેની જે શક્તિ હોય તે પ્રમાણે પાળી શકે. તપ પણ બાર પ્રકારના બતાવ્યા; જેમાં અનશન જેવા દેહને કષ્ટ દેનારા તપની સાથે પ્રાયશ્ચિત્ત, સ્વાધ્યાય વગેરેનો સમાવેશ કર્યો.

**(૮) રાત્રિભોજન ત્યાગ, શાકાહારનો પ્રચાર તથા સ્વસંયમનું મહત્ત્વ :** સૂર્યાસ્ત બાદ અન્ન-પાણીનો ત્યાગ એ જૈન ધર્મની મહાન દેન છે. માંસાહારનો નિષેધ પણ જૈનદર્શનમાં, જૈન પરંપરામાં, જૈન સાહિત્યમાં જોવા મળે છે. જો કે પાછળથી હિન્દુ ધર્મમાં દેખાય છે, પણ શરૂઆત જૈન ધર્મમાંથી થઈ છે. સ્વસંયમ ખૂબ મહત્ત્વની વસ્તુ છે. સ્વસંયમના અભાવમાં ગમે તેવા અને ગમે તેટલા ગુણો નકામા બની જાય છે. આપણે જગતને નહિ, જાતને સુધારવાની છે. તે માટે પુરુષાર્થ પણ આપણે જ કરવાનો છે. ઉપદેશ પછી, આચાર પહેલા-તે તેમનો સિદ્ધાંત હતો.

**(૯) પર્યાવરણની સુરક્ષા દ્વારા શાંતિમય જીવન :** જૈન ધર્મ એક જ એવો ધર્મ છે કે જે કુદરતી દેન જળ, વાયુ, પૃથ્વી, અગ્નિ, વનસ્પતિ એ પાંચેય તત્ત્વોનો સંયમિત ઉપયોગ કરવાની કળા શીખવાડે છે. સાધુમાર્ગ અને શ્રાવકમાર્ગમાં એ પાંચેય વસ્તુઓનો ઓછામાં ઓછો બગાડ કઈ રીતે થાય ? સંયમિત ઉપયોગ દ્વારા સારામાં સારું જીવન કેવી રીતે જીવી શકાય ? એ ખૂબ સરસ રીતે સમજાવ્યું છે. વર્તમાને પણ મોટા ભાગની સમસ્યાઓના મૂળમાં કુદરતી સંપત્તિના જથ્થા કરતાં અમર્યાદ ભોગવટો રહેલ છે. ભગવાન મહાવીરે મોક્ષમાર્ગમાં આ બધી બાબતોને ખૂબ મહત્ત્વ આપી તેની માવજત દ્વારા મુક્ત થવાનો માર્ગ બતાવ્યો છે.

**(૧૦) અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ જેવા સિદ્ધાંતોની સ્થાપના :** સત્ય ભગવાન છે, સત્યના ગુણની સાથે બીજા ઘણા ગુણો ખેંચાઈને આવે છે. મારું તે સાચું નહિ પણ સાચું તે મારું એ ભાવનાને મૂર્તિમંત કરવા અનેકાંતનો સિદ્ધાંત આપ્યો. હિંસાથી નરકગામી બનાય છે. હિંસા અને પરિગ્રહ બંને જોડિયાભાઈ છે, જે કર્મોનું બંધન કરાવે છે. એ બંને જેના જીવનમાંથી જાય તેના જીવનમાં સુખ-શાંતિ-સમાધિનો સૂર્યોદય થાય છે. આ બધું જ છોડવા જેવું છે.

આમ, ભગવાને તે વખતના સમાજમાં ધરમૂળથી પરિવર્તન આણ્યું હતું. પોતાના વર્તન, આચરણ અને ઉપદેશ દ્વારા માનવીને સર્વ દુઃખોથી મુક્ત થવાનો માર્ગ બતાવ્યો. જગતમાંથી દુર્ગુણોને દેશવટો દેવા અને સદ્‌ગુણોના સામ્રાજ્યની સ્થાપના કરવા ભગવાને તત્કાલીન પરિસ્થિતિમાં પ્રચલિત માર્ગથી તદ્દન અલગ જ પરંતુ સત્ય માર્ગ બતાવ્યો. ભયાનક આંધીઓ વચ્ચે પણ જૈન ધર્મની જ્યોતને જલાવી જ નહિ પરંતુ દૈદીપ્યમાન બનાવી એવા ચરમ તીર્થંકર મહાવીર સ્વામીના ચરણોમાં કોટિ કોટિ વંદન કરીએ.

---

## ऐसे थे हमारे भगवान महावीर

(પાના નં. ૩૩ પરથી ચાલુ...)

प्राणियों की हत्या की जा रही है। ध्यान दीजिए, यदि हम भगवान महावीर स्वामी के वंशज होकर भी उनके सिद्धांतो पर नहीं चल सके तो हमारा जैन होना व्यर्थ है ।

एक बार मेनका गांधी किसी विदेशी रेस्टांरन्ट में पहुँची। उनके साथ ही एक जैन व्यक्ति भी था। वेटर ने मेनका गांधी से पूछा, ''वेज ऑर नोंनवेज ? मेनका गांधी ने वेज (शाकाहार) का ऑर्डर दिया। सामने बैठें जैन सज्जन ने कहा, ''दोनों चलता है।'' मेनका गांधी ने उन्हें बुलाकर कहा, ''आप जैन है ?'' वे सकुचाकर बोले, ''जी हाँ।'' मेनका गांधी ने कहा, ''मैं जैन नहीं हूँ फिर भी शाकाहारी हूँ। और आप जैन होकर भी कहते है - सब चलेगा।'' वे बोले, ''विदेश की छूट है ।'' मेनका गांधी ने गर्म होते हुए कहा, ''आप जैसे लोगों ने ही धर्म, देश और भगवान को बदनाम कर दिया है। मजबूत रहो तो विदेश में भी व्यवस्था सही मिलेगी।'' उन सज्जन ने अपनी गलती स्वीकार कर ली और शुद्ध शाकाहारी बन गये।

कहने का तात्पर्य है - हम भगवान महावीर को ही न मानें अपितु उनकी भी मानें, तब तो उनको मानना श्रेष्ठ होगा। भगवान महावीर मात्र जैनों के ही नहीं प्राणी मात्र के है। तभी तो आप नारे लगाते है —

**''जैन धर्म किसका है, जो माने उसका है''**

आज हम उन महान तीर्थकर के चरणों में नमन कर रहे है जिन्होने हिंसा के तांडव भरे वातावरण में जन्म लिया और अकेले ही मोक्षमार्ग पर अग्रसर होकर अपने उपदेशों से जन-जन में अहिंसा की अलख जगायी और अंत में पावापुरी से मोक्ष पधारे। ■

# શ્રીમદ્ રાજચંદ્રજી - વિરલ વિભૂતિ

ભાનુબેન ધ. શાહ

શ્રીમદ્ રાજચંદ્રજી કારતક સુદ પૂર્ણિમાના પુનિત દિવસે દેવદિવાળીએ પૂર્ણ ચંદ્રની કળા વચ્ચે જન્મ્યા. એક ભવ્ય, દિવ્ય આત્મા વવાણિયામાં દેહ ધારીને ભવ્ય જીવોનું ઉત્થાન કરવા અવતર્યો અને તદ્દન નાની ઉંમરથી જ તેના ઉદાત્ત સંસ્કારોનું સૌમાં સિંચન કરવા લાગ્યો. ધન્ય વેળા, ધન્ય નગર, ધન્ય માતાપિતા, ધન્ય પરિવારજનો કે જેમને ત્યાં આવા ઓલિયા પુરુષનો જન્મ થયો. તેમણે તેમનું જીવન, કવન, ઉપદેશ, અનુભવો વગેરેથી મુમુક્ષુઓના હૃદયમાં, ભાવુકોની ભીતરમાં, સંત સાધુઓના આત્મામાં, શ્રદ્ધાળુ માનવીઓના દિલ દિમાગમાં અને અનેક સાધકોના અંતરમાં પૂર્ણ પ્રકાશિત ચંદ્ર જેવો શીતળ, સૌમ્ય પ્રકાશ પાથર્યો, ઉજ્જવળતા અને ઓજસ વધાર્યા.

સાત વર્ષ સુધી બાળ સખાઓ સાથે રમતો રમ્યા હતા. તેઓ નરમ પ્રકૃતિના, સુઘડ, સ્વચ્છ, સાદગી ધરાવતા બાળક હતા. દાદા કૃષ્ણ મંદિરે દર્શનાર્થે જતા તેમના સાથથી અને માતા જૈન ધર્મી હોવાથી તેમનામાં બંને સંસ્કારો મિશ્રિત થયા હતા. ધર્મકથાઓ સાંભળીને તેમને પરમાત્માનું રહેવાનું સ્થાન જોવાની જિજ્ઞાસા થતી. તેમને નિઃસ્પૃહી મહાત્માના દર્શનથી સર્વસંગપરિત્યાગની ભાવના પણ જાગૃત થતી. તેના પરિણામે તેમની આત્મદશા નિર્મળ થતી જતી હતી. જ્ઞાની પુરુષોએ અણગારત્વ કેમ સ્વીકાર્યું હશે તેનો પણ ખ્યાલ આવતો હતો.

સાત વર્ષની વયે ભણવા બેઠા પણ એકથી દસના આંક, બારાખડી, કડકડાટ વાંચન અને વાંચેલા પાઠનો મુખપાઠ ભૂલ વગર બોલી જતા, તેથી શિક્ષકને થયું કે આ કોઈ દૈવી પુરુષ લાગે છે. તેઓ પૂર્વજન્મોના અભ્યાસથી અસાધારણ બુદ્ધિમત્તા ધરાવતાં હતા. શાળામાં શ્રીમદ્ વિદ્યાર્થીઓને શીખવતા, બાળકો પણ તેમનું શીખવાડેલું ઝડપથી સમજી જતા. લેશન ન કરનાર પ્રત્યે કડક નહો'તા થતા. શિક્ષક તો ખુરશી શોભાવતા, બેસી રહીને આરામ જ કરતા.

રામાયણ, મહાભારત જેવાં જગપ્રસિદ્ધ અમર ગ્રંથો તેમને વાંચવા ગમતા અને એનો અર્થ કથાકારને સમજાવતા. આવી ધાર્મિક રુચિ તેમનામાં આગલા જન્મોની સાથે આવી હતી.

તેઓએ જૈન વણિકો પાસેથી પ્રતિક્રમણ સૂત્ર લઈને વાંચ્યું. તેમાં વિનય, વિવેક, અહિંસા, મૈત્રીભાવ વગેરે જાણીને જૈનધર્મ પ્રત્યે પ્રીતિ વધી. ૧૪-૧૫ વર્ષની વયે, જ્યારે સાધુ મહારાજને 'ગાંગેય અણગારના ભાંગા' સમજાતા નો'તા, શ્રીમદ્દે તેનો અર્થ કોરા કાગળમાં, સુગમ શૈલીમાં લખીને ચોપડી વચ્ચે મૂકી દીધો. ધારશીભાઈએ તે વાંચ્યું તો તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. ઘણા વિદ્વાન પુરુષો તેમની શંકાઓનું સમાધાન કરવા તેમની પાસે આવતા અને સમાધાન થતા શ્રીમદ્‌ને પ્રણામ કરતા. પોપટભાઈ તેમની પાસેથી શાસ્ત્રાર્થ સાંભળીને તેમને 'બાળસંત' કહેતા. પુસ્તકો વાંચવા માટે લાવી આપતા. અનેક ગ્રંથના સારરૂપ તેમણે 'મોક્ષમાળા'ની રચના જિજ્ઞાસુ અને ભવ્ય જીવોના હિત માટે કરી. શ્રીમદ્‌માં ભગવાન રામ જેવો વૈરાગ્ય હતો. સાદગીથી રહીને તેઓ રામની જેમ આત્મચિંતનપ્રિય હતા. વવાણિયામાં ત્રણ સાધ્વીજીને તેઓએ 'સૂયગડાંગ' સૂત્ર સમજાવેલું. સાધ્વીજીઓ પણ શ્રીમદ્‌ની સૂત્ર સમજણથી નવાઈ પામી ગયા, પાટ પરથી ઉતરીને નીચે બેસી ગયા. તેઓએ કહ્યું કે આવું વર્ણન તો આજ સુધી કોઈ મહારાજ સાહેબ પાસેથી પણ સાંભળ્યું નથી.

મોક્ષમાળાના પાઠ પણ તેઓએ સાધ્વીજીઓને સમજાવેલા. શ્રીમદ્ વિદ્વાન, પાંડિત્યપૂર્ણ અને જ્ઞાનનો અતિ ક્ષયોપશમ ધરાવતા હતા. તેથી શાસ્ત્રોનું જ્ઞાન તેમને સહજ હતું.

શ્રીમદ્ કચ્છમાં એક વખત વીતરાગ ધર્મની વ્યાખ્યા કરીને પ્રવચન આપેલું. તે સાંભળીને કચ્છના લોકો વિસ્મય પામી ગયા અને તેઓને થયું કે બાળવયમાં આ છોકરો આટલી વિદ્વત્તા ધરાવે છે તો ભવિષ્યમાં તે જરૂર મહાપ્રતાપી ને યશસ્વી બનશે.

તેમના માતાજીએ તેમને શાક સુધારવા બેસાડ્યા. તો સમારતાંની સાથે તેમની આંખમાંથી દડદડ આંસુ પડવા માંડ્યા. તેમના માતાને આનો ખ્યાલ ન આવ્યો કે લીલોતરીમાં પણ જીવ વસે છે તેથી જ શ્રીમદ્‌ને રડવું આવે છે. તેમની આંતરવેદના માતૃશ્રી સમજી શક્યાં નહીં. નાની વયથી જ સર્વ જીવ પ્રત્યે કેટલી કરુણા અને અનુકંપા તેમનામાં પડેલી હતી. નાના બાળકોને શ્રીમદ્ મહાવીરની ધ્યાનમુદ્રા જેવી મુદ્રા પદ્માસનમાં બેસીને કરવાનું કહેતા અને સાથે સાથે પોતે વૈરાગ્યપ્રેરક ગાથાઓ બોલ્યે જતા.

મહાવીરે બાળસખાઓ સાથે રમતા સર્પ પકડીને દૂર ફેંકી દેવામાં અને દેવ જે તાડ જેટલો ઊંચો થયો તેના ખભે બેસી જવામાં અને તેને મિત્ર બનાવી ક્ષમા આપવામાં શૂરવીરતા, બહાદુરી નિર્ભયતા બતાવ્યા. શારીરિક, માનસિક ક્ષમતાનો પરિચય કરાવ્યો; જ્યારે મહાવીર સ્વામીના અંતિમ શિષ્ય શ્રીમદ્ પોતાના સમવયસ્કોને આગલા ભવોની સંચિત કરેલી મૂડી જેવું શિક્ષણ અને સંસ્કારનું ભાથું આપીને શિક્ષિત, સંસ્કારિત કર્યા.

એક વખત વવાણિયાના સદ્‌ગૃહસ્થ અમીચંદભાઈ સર્પદંશથી મૃત્યુ પામ્યા. દાદાને પૂછતા તેમણે કહ્યું કે મૃત્યુ પામવું એટલે શરીરમાંથી જીવ નીકળી જવો, શારીરિક ક્રિયાઓ બંધ અને નકામાં શરીરને બાળી નાખવાનું. શ્રીમદ્‌ને આ ન સમજાયું. તેથી તેઓ સ્મશાનમાં બાવળના ઝાડ પર ઊભા રહીને તમામ ક્રિયાઓ જોતા રહ્યા. વિચારે ચડેલા શ્રીમદ્‌ની નિર્મળ આત્મદશાને કારણે પડદો ખસી ગયો અને સાત વર્ષની બાળવયે જાતિસ્મરણજ્ઞાન થયું. પૂર્વભવો દેખાયા. જૂનાગઢનો ગઢ જોતાં જ આગલા નવસો ભવનું જ્ઞાન થયેલું. ત્યારથી તેમની આંતરદશા વધુને વધુ નિર્મળ થતી ગઈ. તેના કારણે તેઓ શાંત, અલિપ્ત અને વૈરાગ્યધારી બનતા ગયા.

શ્રીમદ્ પિતાશ્રીની દુકાને બેસતા, પણ કદી કોઈને ઝાઝું-થોડું તોળીને દીધું નો'તું કે કોઈને ઓછા-વત્તા ભાવ કહેતા નો'તા. અહિંસા તેમની રગેરગમાં વણાઈ ગઈ હતી તેથી કોઈ જીવને દુઃખ પહોંચે તેવું કામ તેઓ કરતા નો'તા કે કોઈ પ્રત્યે એવા શબ્દોનો વ્યવહાર નો'તા કરતા, જેથી કોઈની લાગણી દુભાય. ગાંધીજીનું અહિંસાનું બળ મજબૂત થયું હોય તો તે શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી થયું હતું તેમ ગાંધીજી પોતે કબૂલે છે.

શ્રીમદ્‌ની દેહાતીત દશાનો ખ્યાલ દસ વર્ષની ઉંમરે તેમના દાદા ગુજરી ગયા ત્યારે થયો. તેઓ છાણી લઈને આગળ ખુલ્લા પગે ચાલતા હતા, ત્યાં તેમના પગમાં કાંટાની લાંબી શૂળ વાગી. પરત ફર્યા ત્યાં સુધી કોઈને કશું કહ્યું નહીં. ઘેર પહોંચ્યા ત્યારે માતાએ તેમને પૂછ્યું ત્યારે કહ્યું. માતાજીને થયું, "આવડાં બાળકથી આટલી વેદના કેમ સહન થઈ હશે ?" પણ, મહાપુરુષો શારીરિક વેદનાને દેહનો ધર્મ અને બાંધેલાં કર્મોનું ફળ સમજીને સમ્યક્ પ્રકારે બધું સહી લે છે.

એક વખત શ્રીમદ્ ધારશીભાઈ સાથે રાજકોટ ગયા અને મામાને ઘેર ઉતર્યા. ત્યાં ધારશીભાઈને મારી નાખવાની વાતો સાંભળીને ધારશીભાઈને ઘેર આવ્યા અને તેમને સાવચેત રહેવાનું કહ્યું, એવી તેમની ઉપકારબુદ્ધિ હતી. તેઓ ખૂબ દયાળુ હતા તેથી સગા મામાનું કપટ જાણી તેમણે ધારશીભાઈને બચાવ્યા. કપટ, છેતરપિંડી, મારી નાખવું એની વાતો અહિંસક બાળકને મુદ્દલ ગમતી નો'તી.

કચ્છથી બે ભાઈઓ રાજકોટ આવેલા. શ્રીમદ્દે તેમના નામ દઈને બોલાવ્યા. તેથી બંને આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓ તેમને કાશી ભણવા માટે મોકલવાનું કહેતા હતા. શ્રીમદ્દે ના પાડી. તેઓ તો બધું જાણતા જ હતા. વિશેષ અભ્યાસની તેમને જરૂર નો'તી. અભ્યાસથી જ ઉપશમ, વિનય, વિવેક, સમાધિભાવ આવે છે તે તો શ્રીમદ્‌માં શરૂઆતથી જ હતા. તો કાશી જવાની શી જરૂર !!

ધારશીભાઈને સરકારી રિપોર્ટની નકલો કરવાની હતી. તે પણ શ્રીમદ્દે અત્યંત ઝડપથી શુદ્ધ અને સ્વચ્છ રીતે સારા અને સ્પષ્ટ અક્ષરોથી કરી દીધી. તેથી આ બાળક ભવિષ્યમાં ખૂબ જ હોશિયાર, ત્વરિત, ચપળ અને પ્રતિભાશાળી થશે તેવો સૌનાં મનમાં ભાવ આવેલો. ''પુત્રનાં લક્ષણ પારણામાંથી'' એ કથન શ્રીમદ્દે પોતાની આગવી, અવનવી સૂઝથી ચરિતાર્થ કરેલું.

શ્રીમદ્‌ની નિઃસ્પૃહતા, નિઃસ્વાર્થતાનો ખ્યાલ તેમણે વવાણિયાની ટિકિટના પૈસા મામાએ આપેલી મીઠાઈને કંદોઈને વેચીને એકઠા કર્યા તેના પરથી આવે છે. ''માગ્યા કરતાં મરવું ભલું'' એ કહેવત અનુસાર શ્રીમદ્દે ''મરી જઉં પણ પોતાના માટે માંગુ નહીં'' એવો તેમનો વિચાર હતો. પરમાર્થ કાજે જો પૈસા માગવા પડે તો કોઈની શરમ ન રાખું એવું પણ તેઓ માનતા હતા.

સં. ૧૯૪૦માં મનજીભાઈ સહિત ખાનગી મિત્રમંડળ સમક્ષ અલગ અલગ વિષય લઈ આઠ અવધાન કરી બતાવ્યા. એક સાથે એક જ સમયે આઠ વિવિધ કામમાં ધ્યાન આપવું અને તેને સફળ કરી બતાવવા તેને અષ્ટાવધાન કહે છે. બીજા દિવસે જાહેરમાં બાર અવધાન કરી બતાવ્યા. બોટાદમાં તેમણે બાવન અવધાન કરી બતાવ્યાં. મુંબઈમાં ફરામજી કાવસજી ઈન્સ્ટિટ્યૂટમાં ડૉ. પીટરસનના અધ્યક્ષપદે સો અવધાન કર્યા હતા. સૌને લાગ્યું કે આ સામાન્ય માણસ નથી પણ અસાધારણ સ્મૃતિ અને સ્થિરતા ધરાવતો કોઈ દિવ્ય પુરુષ જ છે. તેમની પ્રશંસા છાપાઓમાં આવેલી. સર ચાર્લ્સે યુરોપમાં જઈ આ આત્મિક શક્તિઓ બતાવવાની ભલામણ કરી પણ જ્ઞાન વેચીને કીર્તિ કે કલદાર મેળવવાની તેમની મુદ્દલ ઇચ્છા નો'તી તેથી તેમણે ના પાડી. તેઓ તો માત્ર આત્મખોજની મહેચ્છા ધરાવનાર વ્યક્તિ હતા. આ જ કારણે માણસો તેમની આસપાસ ભેગા થાય, વાહ વાહ થાય તેવું તેઓને પસંદ નો'તું. વળી, આ વિશિષ્ટ શક્તિઓ આત્મોન્નતિમાં બાધક થાય તે તેમને ગમતું નો'તું. તેથી તેમણે અવધાનના પ્રયોગો છોડી દીધા.

જ્યોતિષની વિદ્યા પણ શ્રીમદ્દે શીખેલી હતી; જેમાં અતિશય સ્મરણશક્તિ અને પ્રબળ ચિત્ત-એકાગ્રતાની જરૂર પડે, જે તેમનામાં હતા. આ જ્ઞાન પણ તેમણે ઉપયોગમાં લેવાનું બંધ કર્યું. કારણ કે તેમાં કોઈનું ભાવિ અનિષ્ટ હોય તો તેમને કહેવું પડે અને પરમાર્થમાં તે વિઘ્નકર્તા હતું.

શ્રીમદ્‌ની સ્પર્શેન્દ્રિયનો વિકાસ પણ અદ્‌ભુત હતો. તેમની આંખે પાટા બાંધી દીધા અને એક પછી એક પુસ્તકો આપવામાં આવ્યા અને તેનું નામ કહેવામાં આવ્યું. ત્યારબાદ એમાંનું કોઈ પણ પુસ્તક તેમની પાસે માંગવામાં આવે તો તે પુસ્તક પર હાથ ફેરવીને તેનું નામ આપી દેતા અને તે પુસ્તક શોધી પણ આપતા. આપણે જે આંખથી જોઈએ છીએ તે શ્રીમદ્‌ સ્પર્શથી જોઈ શકતા હતા.

શ્રીમદ્‌ની ઘ્રાણશક્તિ પણ અદ્‌ભુત હતી. તેના પરિચય માટે કેટલીક વાનગીમાં પ્રમાણસર, કેટલીકમાં બિલકુલ નહીં અને કેટલીકમાં વધુ મીઠું નાખવું એવું નક્કી કરેલું. બધા જમવા બેઠા ત્યારે શ્રીમદ્દે કહ્યું કે ''તમે સૌ મારી પરીક્ષા કરવા માગો છો કે શું ? ચણાના લોટનું શાક મીઠા વગરનું અને લીલોતરીનું શાક અધિક મીઠાવાળું છે.'' આવી અચરજ પમાડતી ઘ્રાણશક્તિથી સૌ રાજી થયા, આનંદમાં આવી ગયા.

વેપારમાં પણ પોતાના થકી કોઈને નુકસાન થાય તો તેમને તે બિલકુલ ગમતું નો'તું. એકવાર આવો જ વ્યાપારી કરાર સામા પક્ષને નુકસાન અને બરબાદ કરતો હોવાથી તેમણે તે ફાડી નાંખેલો અને કહેલું કે "શ્રીમદ્ દૂધ પીએ છે, કોઈનું લોહી નહીં." પેલો વેપારી દેવદૂત જેવા શ્રીમદ્‌ને આભારવશ થઈને જોઈ જ રહ્યો.

મુંબઈમાં એક વખત ખબર પડી કે દશેરાના દિવસે ૧૦૮ પાડાનો વધ થાય છે તેથી તેમણે સભા બોલાવી અને તે અંગે ભાષણો પણ કર્યા. પૈસાના લોભીઓને પૈસા આપીને પાડા મારવાનું હિંસક કામ બંધ કરાવ્યું.

મોરબીથી શ્રી ઝબકબાઈ સાથે લગ્ન કરીને વવાણિયા પાછા ફરતા માવઠું થયું. શ્રીમદ્દે કહ્યું કે આગળના યુગમાં આવા પ્રસંગે યુગપ્રધાની પુરુષો પર મેઘવૃષ્ટિ થતી. જેથી આ પણ યુગપ્રધાનપણાનું સૂચન છે એવું તેમણે ચત્રભુજભાઈને કહ્યું.

તેઓને એક વખત જૈનનું પ્રામાણિકપણું કેવું હોવું જોઈએ તે વિષે પૂછવામાં આવેલું. તેમણે કહેલું કે "સામે દેખાતી કોર્ટમાં જે જજ બેસે છે તેના જેવું પ્રામાણિકપણું પ્રત્યેક જૈનમાં હોવું જોઈએ. તેનાથી ઓછું તો બિલકુલ નહીં." આવી અણિશુદ્ધ પ્રામાણિક વ્યક્તિ પર સર્વત્ર, સદાય સૌ વિશ્વાસ ધરાવતા હોય છે.

એક વખત તેમણે મણિલાલભાઈને કર્મનાં ફળનું નાટક બતાવ્યું. કોઈ ઘોડાગાડીમાં ફરે છે, કોઈ માંગી ખાય છે, જાનવરો પણ બીમારીના દુઃખથી પીડાય છે, માર ખાય છે, અસહ્ય વેદના ભોગવે છે. વળી, ઉપરથી સુખી દેખાતા માણસો કુટુંબની જવાબદારી, પૈસાનું દુઃખ, દેવાદારને કરજ ચૂકવવાનું વગેરે સૌ કર્મનાં ફળ ભોગવી રહ્યા છે. સૌનાં અંતરમાં દાહ બળી રહ્યો છે. તો કર્મોના ખેલ સમા નાટક દુનિયામાં જોવાના છે. રંગમંચ પર ભજવતાં નાટક જોવાની જરૂર નથી.

આપણને સૌને આપણું નામ પ્રિય છે અને દેહાધ્યાસી હોવાથી નામનું મહત્ત્વ ઘણું જ છે. શ્રીમદે ત્રણ વરસની દીકરીને પૂછ્યું, "તારું નામ શું ?" "કાશી" ત્રણ વખત શ્રીમદ્દે કહ્યું, "તું કાશી નહીં, આત્મા છો." પણ કાશીનો ઉત્તર એકસરખો જ હતો. જીવની આવી અજ્ઞાન અને ભ્રાંત દશા છે.

એકવાર પરમકૃપાળુદેવ ઈડરના પહાડ ઉપર બે સંબંધી સાથે ગયેલા. તે બંનેને શિલા પર બેસાડી પોતે ગુફામાં એક કલાક માટે ધ્યાનસ્થ થવા ગયા અને કહેતા ગયા કે વાઘ પાણી પીવા આ રસ્તે આવે તો ડરતા નહીં. થોડીવાર પછી વાઘ તો નીકળ્યો, પણ શ્રીમદ્‌ના કહેવા મુજબ બંને દોરેલી લક્ષ્મણરેખામાં ભય વગેરે બેસી રહ્યા અને વાઘ પાણી પીને ચાલતો થયો.

એક વખત ધર્મજમાં મુમુક્ષુઓ સાથે શ્રીમદ્ જતા હતા ત્યારે બે સાંઢ લડતા લડતા વેગથી આવી રહ્યા હતા. શ્રીમદ્દે કહ્યું કે આ બંને સાંઢ પાસે આવતા જ શાંત પડી જશે. છતાં પણ સાથેના લોકો ખેતરોમાં ભરાઈ ગયા. બેઉ સાંઢ પાસે આવતાં જ શાંત પડી ગયા. પુણ્યશાળી, સાત્ત્વિક પુરુષનો પ્રભાવ જ એવો હોય છે.

એક વખત ટોકરશીભાઈ સન્નિપાત અને ગાંઠના દર્દથી પીડાતા હતા. શ્રીમદ્ તેમની પાસે આવ્યા અને પાંચ મિનિટમાં સન્નિપાત દૂર થયો, પણ ગાંઠનું દર્દ ચાલુ હતું. તેથી સાંજે સાત વાગ્યે શ્રીમદ્ ફરીથી પધાર્યા. તેમની સામે આંખના, હોઠના, હાથના ઈશારા કર્યા. ટોકરશીભાઈની ગાંઠનો દુઃખાવો પણ દૂર થયો. ઈડરના જંગલમાં તેમની સાથે હતા ત્યારે શ્લોક સાંભળેલો તે બોલ્યા અને કહ્યું કે "હવે મને આનંદ આનંદ છે. આવી સ્થિતિ મેં ક્યારેય અનુભવી નથી." ત્યારબાદ તેમનો દેહ છૂટી ગયો. સાત્ત્વિક જનોના પરમાણુઓ એ જ્યાં હોય ત્યાં અનહદ શાતા ઉપજાવે છે અને મરતા સમયની લેશ્યા પણ બદલી નાંખે છે. 'ભાવ તેવા

ભવ' જનારને મળે છે. ટોકરશીભાઈમાં આનંદનો ભાવ લાવીને શ્રીમદ્દે ભવ સુધાર્યો.

વવાણિયામાં ગરાસિયા બાપુ રહેતા હતા. કૃપાળુદેવે ફરવા જતા રસ્તામાં બાપુને કહ્યું કે "બાપુ, આજે સામૈયામાં જશો નહીં અને જાઓ તો ઘોડી પર ચડતા નહીં." પણ તેમણે માન્યું નહીં. સામૈયામાં ઘોડી પર બેસીને ગયા. ઘોડી ભડકી અને બાપુ નીચે પડ્યા. પડતાની સાથે જીવ નીકળી ગયો. મહાપુરુષોના વચનો સત્ય હોય છે તેથી તેમના કહ્યામાં વિશ્વાસ રાખવો જોઈએ.

તે જ રીતે વીરજી દેસાઈને પણ તેમણે પૂછેલું કે, "મારા કાકીને કંઈ થાય તો તમે બીજી વાર પરણશો ?" વીરજીભાઈએ મોંઢું મલકાવ્યું. ત્યારે શ્રીમદ્દે કહ્યું, "કાકીના મૃત્યુ બાદ છ મહિને પરણજો." છ માસ બાદ તેમના ઘરની ખાળમાંથી સર્પ નીકળ્યો અને કરડ્યો. ઝેર ઉતારવાનું નિષ્ફળ ગયું. વીરજીભાઈએ કહ્યું, "મારો ચોવિહાર ભંગાવશો નહીં, મને કહેનારે તો કહી જ દીધું છે."

એક વખત ધારશીભાઈ ખરે બપોરે શ્રીમદ્ સાથે ફરવા માટે નીકળ્યા. સાથે છત્રી લીધી. આકરો તાપ હોવાથી ધારશીભાઈએ છત્રી ઉઘાડી અને શ્રીમદ્‌ના મસ્તકને ઢાંક્યું. ગામની બહાર નીકળ્યા પછી શ્રીમદ્દે છત્રી બંધ કરવાનું કહ્યું. ધારશીભાઈ કહે, "ગામમાં તો બહુ તાપ લાગશે, ભલે ઉઘાડી રહી." શ્રીમદ્દે કહ્યું, "કષાયનો તાપ આત્મામાંથી જવો જોઈએ. આખો લોક ત્રિવિધ તાપથી પીડાય છે. જ્ઞાનીઓ એ તાપથી મુક્ત થયા છે અને જીવોને મુક્ત કરવા કરુણાભાવથી ઉપદેશ આપે છે."

શ્રીમદ્ પ્રતિ પરમ શ્રદ્ધા-ભક્તિથી ચાર મુમુક્ષુઓએ આત્મજ્ઞાન પ્રાપ્ત કરેલું. પ્રભુશ્રીજી પોતે જૈન સાધુ હતા. શ્રીમદ્‌ની વીતરાગધર્મ સંબંધી વાતો જાણીને તેમણે શ્રીમદ્‌ને પોતાના ગુરુ માનેલા. શ્રીમદ્‌ને જોતાંવેંત તેઓ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા અને પૂર્વભવના પોતાના પિતા હોય તેવો ભાવ અનુભવતા. ૪૪ વર્ષની ઉંમરે વસોમાં તેમની સાથે એક માસ રહીને શ્રીમદ્દે તેમને આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવેલી. સમક્તિપ્રાપ્તિ માટે ઉપયોગી છ પદનો પત્ર લખી આપેલો. "આતમભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે." મંત્ર પણ લખી આપેલો. ગાઈને યાદ રાખી શકાય તે માટે છ પદના પત્ર પરથી શ્રીમદ્દે પદ્યમાં આત્મસિદ્ધિની રચના કરેલી.

સાયલાવાસી સોભાગભાઈને લંબાણથી પત્રો લખીને શ્રીમદ્દે તેમની અનેક શંકાઓનું સમાધાન કરેલું. મુંબઈ વગેરે સ્થળે તેઓ શ્રીમદ્ સાથે રહેલા. તેમણે નક્કી કરેલું કે, "ઊગતા સૂરજની, નદીની અને મહાપુરુષની સાખે મને તમારા સિવાય બીજું રટણ ન હો." દેહ છૂટવાના ૧૧ દિવસ પહેલા તેમણે શ્રીમદ્‌ને લખેલું કે, "આપની કૃપાથી અનુભવ- ગોચરથી આ દેહ અને આત્મા બે ફાટ જુદા દેખાય છે." ૭૪ વર્ષની ઉંમરે ઉત્કૃષ્ટ પુરુષાર્થ આદરી આત્મજ્ઞાની સોભાગભાઈએ સમાધિમરણ સાધ્યું હતું.

જૂઠાભાઈ પૂર્વ સંસ્કારી ધર્માત્મા અને બુદ્ધિશાળી હતા. શ્રીમદ્ પ્રત્યેની અપૂર્વ ભક્તિથી તેમને સમ્યક્ત્વ પ્રગટ્યું હતું. ૨૩ વર્ષની ઉંમરે તેમનો દેહાંત થયો. તેઓ વીતરાગના પરમ રાગી હતા. સંસાર પ્રત્યે જુગુપ્સા હતી. ભક્તિનું પ્રાધાન્ય ઘણું હતું. મિથ્યાવાસનાઓ મુદ્દલ નો'તી. તેમણે પણ આત્મજ્ઞાન પ્રાપ્ત થયેલું.

ખંભાતના અંબાલાલભાઈ સેવાભાવી, ક્ષયોપશમી, વૈરાગી અને પુરુષાર્થી હતા. તેમના અક્ષર સુંદર હોવાથી શ્રીમદ્ તેની પાસે પત્રોના ઉતારા કરાવતા. શ્રીમદ્‌ની સેવાને કારણે તેમને એવી લબ્ધિ પ્રગટેલી કે શ્રીમદ્‌નો ઉપદેશ આઠ દિવસ પછી પણ અક્ષરે અક્ષર લખી શકતા હતા. તેમને પણ સમ્યક્ત્વ પ્રગટેલું. માત્ર ૩૭ વર્ષની વયે કૃપાળુદેવનું રટણ કરતાં ખંભાતમાં અલૌકિક સમાધિમરણ પ્રાપ્ત થયેલું. શ્રીમદ્‌ની અતૂટ, અખૂટ ભક્તિથી ચારેય વ્યક્તિ સદ્‌ભાગી, ભવિજીવ, આત્મદર્શી બની સમાધિમરણને વરી હતી. **(ક્રમશઃ)**

# સ્વરૂપલીનતા

મધુભાઈ પારેખ

ઈ.સ. ૧૯૦૧ની ૯મી એપ્રિલ-સંવત ૧૯૫૭ ચૈત્ર વદ પાંચમ, સ્થળ - રાજકોટ, સમય સવારે ૮.૩૦ કલાક, મહામંગલકારી પ્રભાત, શ્રીમદ્ રાજચંદ્ર નામે ખ્યાતિ પામેલો એક વણિક યુવાન, વય જેની માત્ર ૩૩ વર્ષ, પાંચ-માસ અને પાંચ દિવસની છે., દેહના રોગથી જેની કાયા અત્યંત ક્ષીણ છે, પરંતુ દેહદેવળમાં સ્થિત એનો દિવ્ય આત્મા અતિ બળવાન છે તે મહાત્મા જીવનની અંતિમ ક્ષણોમાં એક વચન ઉચ્ચારે છે, જે તેમનું અંતિમ વચન છે,

**''હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.''**

આ વચન વ્યક્ત કર્યા પછી પરમ મૌન ધારણ કરી લીધું. મન-વચન-કાયાના યોગથી નિવૃત્ત થયા. શરીર જાણે કાષ્ટનું પૂતળું હોય તેમ તદ્દન સ્થિર, આંખો બંધ જાણે જગતનું હવે ફરી ક્યારેય દર્શન નહીં કરવાની પ્રતિજ્ઞા હોય. પરમ શાંત મુદ્રા, નિશ્ચેતન વત્ કાયામાં શ્વાસ ચાલતો દેખવામાં આવતો હતો, જે આ દિવ્ય આત્માની હાજરી વ્યક્ત કરે છે. જે કાયા ૩૦માં વર્ષે ૧૩૫ રતલની હતી તે આ સમયે તો માત્ર ૪૫ રતલની થઈ છે. જૈન દર્શન અનુસાર સિદ્ધ પરમાત્માનું અવગાહન (વ્યાપકતા) અંતિમ દેહના એક તૃતીયાંસ જેટલું રહે છે. આ પુરુષે સદેહે કાયા એક તૃતીયાંસ કરી દીધી છે. આ દિવ્ય દર્શન અવસ્થા લગભગ પાંચ કલાક રહી અને બપોરે ૨ વાગ્યે નશ્વર દેહનો ત્યાગ કરીને આ મહાત્મા, મહાવિદેહની મહાયાત્રા - મંગલમય યાત્રાએ ચાલી નીકળ્યા. ધન્ય આ દિવસ, ધન્ય આ નગરી (રાજકોટ - રાજપ્રભુનો કોટ)

''હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.'' આવું ઉચ્ચારણ કરવાની તેમને કોઈ જરૂરિયાત નહોતી. એમની સ્વરૂપલીનતા તો નિરંતરની સમયે - સમયે હતી જ તે વાત તેમના જ જીવન-પર્યંતનાં આચારથી અને વચનોથી સ્પષ્ટ થાય છે, તો પછી આ વચન અને તે પણ અંતિમ સંદેશા જેવું વ્યક્ત કરવાનો હેતુ શું ? કોઈ પણ જ્ઞાની પુરુષ નિરર્થક વચન ઉચ્ચારે નહીં. આ વાત વિચારતાં સમજાય છે કે આ વચન નિષ્કામ કરુણાથી જગતનાં જીવોને લક્ષ થવા અર્થે જ કહેવાયું હોય. જેને મોક્ષપ્રાપ્તિનું ધ્યેય છે તેમને માટે જ કહેવાયું હોય તેમ લાગે છે. મોક્ષપ્રાપ્તિ અર્થે જીવાત્મા ગમે તેટલા જપ, તપ, વ્રત, સ્વાધ્યાય શ્રવણ, સેવાપૂજા વગેરે કરે, પરંતુ આત્મસ્વરૂપની લીનતા થશે નહીં ત્યાં સુધી તે બધાનું સફળપણું સંભવતું નથી. તેમનું જ એક વચન આની શાખ પૂરે છે. ''ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે, તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌નાં ચરણમાં રહેવું.'' અત્રે સત્ તે સ્વરૂપ સમજવાનું રહે છે. બીજું એક વચન લખ્યું છે, ''સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ 'મોક્ષ' કહે છે... તે સહજ સ્વરૂપનું માત્ર ભાન જીવને નથી.'' ગમે તેટલી ધર્મધ્યાનની શુભ ક્રિયા કર્યાથી ઉચ્ચ ગતિની પ્રાપ્તિ થઈ શકે, મોક્ષની પ્રાપ્તિ નહીં. મુમુક્ષુ કે જેનું લક્ષ મોક્ષપ્રાપ્તિનું છે તેણે આ વાત અતિ ગંભીરતાથી વિચારવાની અને સમજવાની જરૂર છે.

આ મહાત્માના બોધવચન સમજવા માટે તેમની અંતરદશાનો ગાઢ પરિચય કરવાનું અનિવાર્ય છે કેમ કે પુરુષપ્રતીતિથી વચનપ્રતીતિ થાય છે. શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ (વચનામૃતજી) શાંતચિત્તથી અભ્યાસવાથી કાર્યસિદ્ધિ અવશ્ય સંભવે છે. આ પુરુષે ક્યારેય કોઈ મત, દર્શન કે સંપ્રદાય પ્રત્યે પક્ષપાત કર્યો નથી. જેમ છે તેમ સત્‌નો સહજ સ્વીકાર કર્યો છે. આત્મસિદ્ધિ શાસ્ત્રમાં લખ્યું, ''ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્ દર્શન પણ તેહ; સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ.'' આવા ઘણાં ઘણાં વચનો તેમની સર્વથા નિષ્પક્ષપાત અંતરંગ દશા વ્યક્ત કરે છે.

વર્તમાન કળિકાળ-દુઃષમ કાળમાં આવા આત્માનું આ ભૂમિ પર વિચરવું તે આશ્ચર્યરૂપ ઘટના છે. આવા પુરુષને મહાત્મા, ભગવાન, ઈશ્વર કે અન્ય નામથી જાણવાનું કઠણ પડે છે, જેથી આમને 'એક ઓલિયો' કહેવાનું મન થાય છે. ખરેખર આ પુરુષે માત્ર નિષ્કામ કરુણાભાવે જગતજીવોનું પરમ કલ્યાણ જ ઇચ્છવાનું કર્યું છે, સ્વ ચિંતા સેવી નથી, આવું કાર્ય કોઈ ઓલિયા પુરુષનું જ સંભવે.

■ ■ ■

# ऐसे थे हमारे भगवान महावीर

गणाचार्य श्री १०८ विरागसागरजी महाराज

भगवान महावीर स्वामी का जन्म जयंती महोत्सव मात्र जैन ही नहीं, जैनेतर भी श्रद्धा से मनाते है क्योंकि उन्होंने 'जीओ और जीने दो' का ऐसा महान नारा दिया, जो आज विश्वशांति का आधार बन गया है ।

भगवान महावीर स्वामी का जन्म चैत्र सुदी त्रयोदशी को कुंडलपुर नगर में राजा सिद्धार्थ और महारानी त्रिशला के यहाँ हुआ था । पूर्व के २३ तीर्थंकरो की तरह उनके जन्म के पूर्व माँ ने १६ स्वप्न देखे थे । देवों ने अति उत्साह से गर्भ के ६ महापूर्व से ही रत्नवर्षा प्रारंभ कर दी थी, जिससे कुंडलपुर नगरी रत्नमयी हो गयी थी । जन्म के बाद देवों ने पांडुक शिला पर ले जाकर भगवान का जन्माभिषेक किया था । वीर, अतिवीर, महावीर, सन्मति और वर्धमान ये भगवान के नाम थे । वे जन्म से ही तीन ज्ञान के धारी और बाल ब्रह्मचारी थे । उन्होंने राज्य नहीं स्वीकारा, अपितु ३० वर्ष की आयु में असिधार दिगम्बर वेष के धारण किया था । उन्हें ४२ वर्ष की उम्र में केवलज्ञान हो गया था ।


केवलज्ञान के पश्चात् भगवान का जगह-जगह समवशरण लगा । जिसमें उन्होंने प्राणियों को हितपरक उपदेश दिया । पहले विज्ञान उनके सिद्धांतो को स्वीकार नहीं करता था पर आज तक जो भी शोध हुई है उसमें वे सिद्धांत १०० प्रतिशत सत्य सिद्ध हुए है । अतः वे तीर्थंकर ही नहीं सत्य धर्म के महावैज्ञानिक थे ।

बताते है कि पहले विज्ञान वनस्पति को जीव नहीं मानता था । लेकिन भारतीय वैज्ञानिक जगदीश चंद्र वसुने इसकी खोज की । उन्होंने कलकत्ता में प. पन्नालालजी बाकलीवाल से पूछा, ''आप लोग वनस्पति को जीव कैसे मानते है ?'' उन्होंने कहा, ''उसमें, आयु, श्वासोच्छ्वास, काय बल और इंद्रियाँ पायी जाती है ।'' जगदीशचंद्र बसुने कहा, ''शेष तीन तो मैं भी मानता हूँ क्योंकि उन्हें मैंने विज्ञान से सिद्ध कर दिया पर अब उसमें आयु की खोज बाकी है ।'' कालांतर में उन्होंने छुई - मूईं के पौंधे पर शोध करके सिद्ध कर दिया कि भगवान महावीर का सिद्धांत पूरी तरह सत्य है ।

भगवानने विश्व को अहिंसा, सत्य, अचौर्य, ब्रह्मचर्य और अपरिग्रह रुप पंचशील सिद्धान्त दिये थे, जिनका आधार लेकर भारत का संविधान तैयार किया गया । संविधान निर्माण के पश्चात् डॉ. भीमराव आंबेडकर ने मुख्य पृष्ठ पर भगवान महावीर स्वामी का चित्र लगाया था । जिसे देखकर लोगोंने प्रश्न किया कि भगवान महावीर की ही तसवीर क्यों दी गई है । उन्होंने कहा कि संविधान उन्हीं के सिद्धांतो पर आधारित है । बाद में अन्य लोगों ने भी इस बात की सराहना की थी ।

महात्मा गांधी ने भी भगवान के अहिंसा रुपी शस्त्र के बल से भारत को स्वतंत्रता दिलायी थी । आज हम अहिंसा की बात तो बहुत कर लेते है लेकिन अहिंसा को सत्यतः धारण नहीं कर पाते । जैसे - जीवरक्षा के लिये घर में फूलझाडू रखते है, पर चीटियाँ वगैरह झाडकर रास्ते पर या ऐसे स्थान पर फैंक देते है जहाँ उनके प्राणों का बचना भी संभव नहीं रहता । पानी तो छानते है पर नल में वर्षो वर्ष बंधे छन्ने से जहाँ मृत जीव पहले से ही सड चुके होते है । महिलाएँ सिर से जू निकालती है और पानी आदि में डाल देती है । फैशन के नाम पर हजारों बेकसूर

(અનુસંધાન પાના નં. ૨૬ પર...)



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## GRANDPA'S WISDOM

### The Story of the Coal Basket

Have you ever wondered or been questioned about why despite practicing meditation, reading and contemplating wisdom teachings of a Sadguru regularly, we sometimes don't seem to make any progress? If so, look at this beautiful story...

An old farmer lived in the mountains with his young grandson. Each morning Grandpa woke up early to meditate, read and contemplate wisdom teachings of his Guruji. His grandson loved and respected him, wanted to be just like him and tried to imitate him in every way.

One day the grandson asked, "Grandpa! I also try to meditate and read wisdom teachings like you but my mind always wanders. I don't understand much, and whatever I understand, I forget soon after.

What good does meditation, reading and contemplation really do?

The Grandfather smiled, quietly turned from putting coal in the stove and replied, "To understand this, I would like you to take this coal basket down to the stream outside and bring me back a basket of water."

The boy did as he was told, but as it was a screener basket, all the water leaked out before he got back to the house.

The grandfather laughed and said, "You'll have to move a little faster next time," and sent him back to the stream with the basket to try again.

This time the boy ran faster, but again the basket was empty before he returned home. Out of breath, he told his grandfather that it was impossible to carry water in such a basket, and he suggested they should use a bucket instead.

The old man said, "I don't want a bucket of water; I want a basket of water. You're just not trying hard enough," and this time he came to the door to watch the boy try again.

By this time, the boy knew it was not possible, but he wanted to prove to his grandfather that even if he ran as fast as he could, the water would leak out before he got back to the house.

The boy again dipped the basket into the stream and ran hard and fast, but by the time he reached his grandfather, the basket was once again empty. Out of breath, he said, "See Grandpa, it's completely useless!"

"So you think it is useless?" The old man smiled with a sparkle in his eyes. Take a took at the basket."

The boy looked at the basket and for the first time he noticed that the basket was looking different. It had been transformed from a dirty, old, discolored coal basket to bright, fresh and clean, inside and out – it was looking new again.

"Son, this is what happens when you regularly meditate, read and contemplate wisdom teachings of the Sadguru. You might not seem to be making any progress, your mind may wander, you may not understand or remember much, but still as you do so, the clear, cooling streams of wisdom, awareness and love run through you and you are changed, inside and out. This is the blessing of practicing the teachings of Sadguru wholeheartedly.

The boy was moved and satisfied by this remarkable example and clear explanation given by his Grandfather. All his doubts and uncertainities evaporated and were replaced by a warm and sunny confidence. Like the basket, he too felt bright, fresh and renewed.

● ● ●

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિ વિધાન-પૂજા સાનંદ સંપન્ન

સંસ્થામાં તા. ૬-૩-૨૦૧૬ના રવિવારના દિવસે આદ. શ્રી બદામીલાલ વખારિયા (ડુંગરપુર, રાજસ્થાન) પરિવાર તરફથી શ્રી આત્મસિદ્ધિ વિધાન-પૂજા રાખવામાં આવી હતી. આદ. શ્રી બદામીલાલ વખારિયા પ્રસંગોપાત સંસ્થામાં સત્સંગ અર્થે પધારતા રહે છે. શ્રી બદામીલાલના ૭૫માં વર્ષ (અમૃત મહોત્સવ)ના પ્રવેશ નિમિત્તે તેઓના પરિવાર તરફથી આ વિધાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જીવનમાં આવતા શુભ-અશુભ પ્રસંગોએ જો આવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે તો આત્મવિશુદ્ધિનું કારણ બને અને તેમાં સામેલ થનાર પણ ભાવાનુસાર પુણ્યબંધનો લાભ મેળવી શકે.

બા.બ્ર.શ્રી સુરેશજી, બા.બ્ર.શ્રી અલકાબેન, બા.બ્ર.શ્રી જનકબેન, આદ. શ્રી કપિલભાઈએ સુમધુર કંઠમાં ભાવોત્પાદક શૈલીમા વિધાન-પૂજા કરાવી હતી. સૌ પ્રથમ નવદેવતા(શ્રી પંચપરમેષ્ઠિ, જિનાગમ, જિનધર્મ, જિન ચૈત્ય, જિન ચૈત્યાલય)ની પૂજા કરવામાં આવી. ત્યારબાદ શ્રી આત્મસિદ્ધિ વિધાન-પૂજા સંપન્ન થઈ. વચમાં બા.બ્ર.શ્રી સુરેશજી તથા બા.બ્ર.શ્રી અલકાબેન શ્રી આત્મસિદ્ધિ વિશે સમજૂતી આપતા હતા.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે આપણે મતાર્થીના લક્ષણો છોડીને આત્માર્થીના લક્ષણો ગ્રહણ કરવા જોઈએ. જીવ પોતાના સ્વરૂપને જાણતો નથી તે શરીરને પોતાનું માને છે. આત્મામાં સાચું સુખ રહેલું છે તેમ જાણી તેનો અનુભવ કરવા પ્રયત્ન કરવો. કષાયોને મંદ કરે અને આત્મામાં સ્થિર થવાનો પ્રયત્ન કરે તો અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય. આ માટે શ્રી સદ્‌ગુરુનો ઉપદેશ અને તેમની શરણાગતિ પરમ ઉપકારી છે. બધું કર્યું, પણ આત્માનો અનુભવ ન થયો તો માનવભવ નિષ્ફળ જશે. પોતાના ભાવોને નિર્મળ કરવા પ્રયત્ન કરવો.

આ પ્રસંગે પૂજ્ય બહેનશ્રી તથા આદ. શ્રી શરદભાઈ જશવાણીએ આવકાર ઉદ્‌બોધનમાં આદ. શ્રી બદામીલાલજીના સદ્‌ગુણોની અનુમોદના કરી હતી. પ્રતિભાવ આપતાં શ્રી બદામીલાલજીએ પૂજ્યશ્રી પ્રત્યે કૃતજ્ઞતાના ભાવો અભિવ્યક્ત કર્યા હતા.

શ્રી શાંતિપાઠ અને આરતી પછી કાર્યક્રમ પૂર્ણાહુતિને પામ્યો. આ પ્રસંગે આદ.શ્રી બદામીલાલ વખારિયા પરિવાર તરફથી સંસ્થાને રૂ. ૨૧,૦૦૦/-ની દાનરાશિ જાહેર કરવામાં આવી તેમ જ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતુ. આ પ્રસંગે પૂજ્યશ્રી પ્રત્યે અત્યંત અહોભાવ ધરાવતા, વિનમ્ર ગુણગ્રાહી તથા નિખાલસ મુમુક્ષુ આદ. શ્રી સંતોષકુમાર જૈન દ્વારા સંપાદિત 'सुविचार संकलन' પુસ્તકની પ્રભાવના કરવામાં આવી હતી. આદ. શ્રી સંતોષકુમાર જૈન સંસ્થામાં અવારનવાર સત્સંગ અર્થે પધારતાં રહે છે.

## શ્રી આત્મસિદ્ધિ પારાયણ

**[૧]** આદ. શ્રી ચંદ્રકાંતભાઈ ગોસલિયાના વેવાઈ સ્વ. કાંતિભાઈ કે. ખંધારના આત્મશ્રેયાર્થે તા. ૧૩-૩-૧૬ના દિવસે આપણી સંસ્થામાં સ્વ. કાંતિભાઈ ખંધાર પરિવાર તરફથી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વ. કાંતિભાઈના પરિવારજનો, સગાસંબંધીઓ સારી સંખ્યામાં ઉપસ્થિત

રહ્યા હતા.

પારાયણ બાદ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે ઉપયોગ(ભાવ)એ આત્માનું લક્ષણ છે. કોઈ પણ ધર્મક્રિયા ઉપયોગપૂર્વક - જાગૃતિપૂર્વક- સમજણપૂર્વક કરવી. આત્માની શુદ્ધિની વૃદ્ધિ કરવી. શુષ્કજ્ઞાન અને ક્રિયાજડત્વ - આ બંનેથી બચવું. આત્માની પૂર્ણ શુદ્ધતા એટલે મોક્ષ. સાધના તે મોક્ષની પ્રાપ્તિ અર્થે કરવાની છે.

આદ. શ્રી શરદભાઈ જશવાણીએ સંસ્થા વતી સ્વ. કાંતિભાઈના ગુણાનુવાદ કર્યા હતા. આ પ્રસંગે સ્વ. કાંતિભાઈ ખંધાર પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું તથા સંસ્થાના વિવિધ વિભાગો માટે રૂ. ૬૫,૦૦૦/-નું દાન જાહેર કરવામાં આવ્યું હતું, જે બદલ સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે.

**[૨]** આપણી સંસ્થામાં સાધના અર્થે અવારનવાર પધારતાં રાણપુર નિવાસી અત્યંત સરળ, નિખાલસ, વિનયવાન ભક્તસાધક આદ. શ્રી અરવિંદભાઈ પ્રેમચંદ શાહના દેહના ૭૫મા જન્મદિન નિમિત્તે તા. ૨૫-૩-૧૬ના દિવસે તેઓશ્રી તરફથી આપણી સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું. પારાયણ બાદ પૂજ્યશ્રીના સ્વાધ્યાયની વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી. આ પ્રસંગે તેઓશ્રી તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. તા. ૨૪-૩-૧૬ના રોજ રાણપુર મુકામે તેમના તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

**[૩]** આપણી સંસ્થામાં દીર્ઘકાળ સુધી રહીને સેવા-સાધના કરનાર સ્વ. મધુકાન્તાબેન રમણિકલાલ શેઠના આત્મશ્રેયાર્થે તા. ૨૭-૩-૧૬ના દિવસે શેઠ પરિવાર તરફથી શ્રી આત્મસિદ્ધિપારાયણ રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે શેઠ પરિવારના સભ્યો, સગા-સંબંધીઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પારાયણ બાદ મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભક્તિપદો લીધા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે આપણે એક દિવસ શરીરને છોડીને પરલોક જવું પડશે તેવું બૌદ્ધિક સ્તરે જાણીએ છીએ, પણ આ જાણીને આપણા રોજબરોજના જીવનમાં કંઈ ફેર પડ્યો ? મારામાં મુમુક્ષુના ગુણો કેટલા પ્રગટ્યા તેનું અંતર અવલોકન કરવું જોઈએ. આપણે પ્રયત્ન કરીને આપણા જીવનને સુધારવાનું છે. સ્વ. રમણિકભાઈ સંસ્થાના પ્રથમ ટ્રસ્ટીમંડળમાં સામેલ હતા. સ્વ. રમણિકભાઈ અને સ્વ. મધુબેનમાં રહેલા સદ્‌ગુણોને જાણીને આપણા જીવનમાં ઉતારીએ તો તેમને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાય.

આ પ્રસંગે પૂજ્ય બહેનશ્રી તથા આદ.શ્રી મનહરભાઈ જશવાણીએ સ્વ. મધુબેનમાં રહેલા સરળતા, સેવા, આતિથ્યસત્કાર, મૈત્રી, ગુણપ્રમોદ, કરુણા જેવા સદ્‌ગુણોની અનુમોદના કરી હતી.

આ પ્રસંગે શેઠ પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું અને રૂ. ૨૦/-ની પ્રભાવના કરવામાં આવી હતી.

## નૂતન રાજકુટિરમાં મંગલ પ્રવેશ

**[૧]** આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સત્સંગનો લાભ લેતા સરળ સ્વભાવી, કરુણાવાન, મિતભાષી, દાનવીર તથા શાંત પ્રકૃતિ ધરાવતા મુમુક્ષુવિશેષ આદ. શ્રી યોગેશભાઈ ડેલીવાળાની નૂતન રાજકુટિરમાં મંગલ પ્રવેશ નિમિત્તે તા. ૧૩-૩-૨૦૧૬ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં કાર્યક્રમો સંપન્ન થયા.

મંત્રો-ધૂનના ઉચ્ચારણથી વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઊઠ્યાં. પૂજ્યશ્રી આત્માનંદજીના

વરદ હસ્તે ૐકારનું આલેખન તથા સ્વસ્તિ વચનોનું આલેખન થયું. મંગલ કુંભસ્થાપન બાદ મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાવવાહી ભક્તિપદો પ્રસ્તુત કરીને વાતાવરણને વિશેષ પાવન કર્યું. આ પ્રસંગે પૂ. વંદનાબેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદ્દબોધનમાં પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે પરમાત્મા સાથે લગની લગાવવી હોય તો જગતના પદાર્થો સાથેનો લગાવ ઘટાડવો પડે. ભગવાન સાથે અંતરના તાર જોડાય તો જગતની વિસ્મૃતિ થાય. પરમાત્મા સિવાય જીવને કોઈ શરણભૂત નથી. આપણે પ્રભુસ્મરણની ટેવ પાડવી જોઈએ.

આ પ્રસંગે આદ. શ્રી યોગેશભાઈ ડેલીવાળા પરિવાર તરફથી પ્રસાદ તથા ૧૦/- રૂ.ની પ્રભાવના કરવામાં આવી હતી. શ્રી યોગેશભાઈ પરિવાર રાજકુટિરમાં રહીને ધર્મની વિશેષ આરાધના કરીને અભ્યુધ્યની પ્રાપ્તિ કરે તેવી સમસ્ત કોબા પરિવારની શુભભાવના છે.

**[૨]** સંસ્થાની રાજકુટિરમાં રહીને સાધના કરતા નિખાલસ અને વિનમ્ર મુમુક્ષુ આદ. શ્રી ચંદ્રકાંતભાઈ ગોસલિયાની રાજકુટિરમાં તા. ૧૩-૩-૧૬ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં પ્રભુ મહાવીરની મૂર્તિની સ્થાપનાનો મંગલ પ્રસંગ સંપન્ન થયો. પૂજ્યશ્રીએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું કે પરમાત્માના સ્વરૂપનું વાણીમાં વર્ણન થઈ શકે નહિ. સમગ્ર સાધના પરનું કતૃત્વ-ભોક્તૃત્વ ઘટાડવાં અને જ્ઞાતૃત્વ પ્રગટાવવા માટે છે. આ કાર્ય કરવા સાધકે પ્રયત્ન કરવો. આ પ્રસંગે પધારેલા મુમુક્ષુઓને શ્રી ચંદ્રકાંતભાઈ ગોસલિયા પરિવાર તરફથી પ્રસાદ આપવામાં આવ્યો હતો.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

● **શ્રી જિનમંદિર સેવા :**

| | | |
|---|---|---|
| ૧. | આદ. શ્રી ખીમજીભાઈ ગંગર પરિવાર, વીલેપાર્લે (ઈ), મુંબઈ | રૂ. ૨૨,૫૦૦/- |

● **શ્રી સંતકુટિર :**

| | | |
|---|---|---|
| ૧. | આદ. શ્રી ઈન્દિરાબેન જયંતિલાલ શાહ, ઘાટકોપર(ઈ), મુંબઈ | રૂ. ૧,૦૦,૦૦૦/- |

● **ગુરુકુળ :**

| | | |
|---|---|---|
| ૧. | આદ.શ્રી અશ્વિનભાઈ પી. પંચમિયા, સાયન(ઈ), મુંબઈ | રૂ. ૧,૦૦,૦૦૦/- |
| ૨. | આદ. શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ, અલ્ટામાઉન્ટ રોડ, મુંબઈ | રૂ. ૯૦,૦૦૦/- |
| ૩. | આદ.શ્રી રમેશચંદ્ર મોતીચંદ રાયસી શાહ, ઓક્સફોર્ડ (યુકે) | રૂ. ૧૦,૦૦૦/- |
| ૪. | આદ. શ્રી પંકજભાઈ અને મિહિરભાઈ ખંધાર, બોડકદેવ, અમદાવાદ | રૂ. ૧૦,૦૦૦/- |

● **ભોજનાલય (છાશકેન્દ્ર) :**

| | | |
|---|---|---|
| ૧. | આદ. શ્રી કોશા અંકુરભાઈ પટેલ, મણિનગર, અમદાવાદ. | રૂ.૩૦,૦૦૦/- |
| ૨. | આદ. શ્રી રમેશચંદ્ર મોતીચંદ રાયસી શાહ, ઓક્સફોર્ડ (યુ.કે.) | રૂ. ૧૬,૦૦૦/- |
| ૩. | આદ. શ્રી દિનેશભાઈ સોમચંદભાઈ બાવીસી, રાજકોટ | રૂ. ૧૬,૦૦૦/- |
| ૪. | આદ. શ્રી પંકજભાઈ અને મિહિરભાઈ ખંધાર, બોડકદેવ, અમદાવાદ | રૂ. ૧૫,૦૦૦/- |

૫. આદ. શ્રી મંજુલાબેન જે. શાહ, મણિનગર, અમદાવાદ રૂ. ૧૦,૦૦૦/-

● **પુસ્તક પ્રકાશન :**

૧. આદ. શ્રી રમેશચંદ્ર મોતીચંદ રાયસી શાહ, ઓક્સફોર્ડ (યુકે) રૂ. ૧૯,૦૦૦/-

૨. આદ.શ્રી પંકજભાઈ અને મિહિરભાઈ ખંધાર, બોડકદેવ અમદાવાદ રૂ. ૧૦,૦૦૦/-

● **મેડિકલ સેન્ટર :**

૧. આદ. શ્રી ચંદ્રકાંતભાઈ ત્રિભોવનદાસ મહેતા, માટુંગા, મુંબઈ રૂ. ૨૫,૦૦૦/-

● **સાધારણ ખાતું :**

૧. શ્રી પી. વી. મોદી ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ, હસ્તે : રશ્મિકાંતભાઈ મોદી રૂ. ૧,૦૦,૦૦૦/-

૨. આદ. શ્રી સોનલબેન ધનેશભાઈ શાહ, સાયન (વે), મુંબઈ રૂ. ૨૫,૦૦૦/-

૩. આદ. શ્રી બદામીલાલ વખારિયા, ડુંગરપુર, રાજસ્થાન રૂ. ૨૧,૦૦૦/-

૪. આદ. શ્રી મનુભાઈ શાંતિલાલ પુનાતર, રાજાવાડી, મુંબઈ રૂ. ૧૦,૦૦૦/-

● **શ્રી આત્મસિદ્ધિ વિધાન-પૂજા :**

૧. આદ. શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ, અલ્ટામાઉન્ટ રોડ, મુંબઈ રૂ. ૧૦,૦૦૦/-

## કુકમા આશ્રમમાં ૧૭૦ તીર્થંકર પૂજન-વિધાન

અષ્ટાન્હિકા પર્વ દરમ્યાન માર્ચ ૧૬થી ૧૮ ત્રિદિવસીય ૧૭૦ તીર્થંકર વિધાન મહોત્સવ શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર, કુકમા-રાજનગર(ભૂજ, કચ્છ)માં ભવ્ય રીતે ઉજવાયો. તે પ્રસંગે વિધાન માટે જાણીતા શાસ્ત્રી શ્રી સંજયભાઈ જૈન મંગલાયતન(અલીગઢ)થી ખાસ પધારેલ.


કુકમા આશ્રમના સ્થાપક-અધિષ્ઠાતા પૂ. શ્રી ગાંગજીભાઈના આમંત્રણને માન આપીને, પૂ. શ્રી આત્માનંદજીની આજ્ઞાથી સર્વશ્રી મહેન્દ્રભાઈ ખંધાર, અનુપમભાઈ શાહ, અરૂણભાઈ બગડિયા, સંતોષકુમાર જૈન આદિ ૮ મુમુક્ષુઓ કોબાથી ગયા હતા.

જંબુદ્વીપ, ધાતકી ખંડ અને અર્ધ પુષ્કરવર દ્વીપ એમ અઢી દ્વીપમાં આવેલ પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં પંચ મેરુ(સુદર્શન, વિજય, અચળ, મંદર, વિદ્યુન્માલી) સંબંધી, કોઈ પણ સમયે ઓછામાં ઓછા ૨૦ તથા વધુમાં વધુ ૧૭૦ તીર્થંકરો હોય છે. વર્તમાનકાળમાં હાલ ૨૦ વિહરમાન તીર્થંકરો વિચરે છે. વર્તમાન ચોવીસીના બીજા તીર્થંકર શ્રી અજિતનાથ ભગવાનના સમયમાં ૧૭૦ તીર્થંકરો વિચરવાનો સુયોગ બન્યો હતો. વિધાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, શ્રાવકની ૧૧ પ્રતિમાઓ, અષ્ટ પ્રવચન માતા, મુનિના આવશ્યકો, સકળ ચારિત્ર, શ્રી સમયસારજીની ગાથાઓ - કળશ, આદિ વિષયો વણી લીધા હતા.

બપોરે સ્વાધ્યાયમાં શ્રી સંજયભાઈએ ''રહસ્યમય ચિઠ્ઠી'' (મોક્ષમાર્ગ પ્રકાશક) અને જૈન રામાયણ - રૂપક (પં. બનારસીદાસજી) લીધા હતા. સાંજે આદ. શ્રી હર્ષદભાઈ પંચાલ, કચ્છના સ્થાનિક કલાકારો અને અન્ય મુમુક્ષુઓની ભાવવાહી સુંદર ભક્તિ હતી.

પ્રથમ દિવસે (માર્ચ ૧૬) સવારે સ્વસ્તિક ધ્વજ લહેરાવીને, ભવ્ય શોભાયાત્રા તથા પ્રભુજી અને પરમાગમના પૂજન-સ્થાપન કરવામાં આવ્યા હતા. છેલ્લા દિવસે (માર્ચ ૧૮) બપોરે ૧૨:૩૯ના વિજય મુહૂર્તમાં જિન મંદિરનો વાર્ષિક નૂતનધ્વજ આરોહણ પ્રસંગ ઉલ્લાસભેર ઉજવાયો.

## પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈને અહિંસા રત્ન એવોર્ડ



અહિંસાના વિશ્વવ્યાપી પ્રસાર માટે સ્થપાયેલા અહિંસા ફાઉન્ડેશન દ્વારા જાણીતા સાહિત્યકાર અને જૈન દર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈને ૨૦મી માર્ચે ઇંદોરના આનંદમોહન માથુર સભાગૃહમાં 'અહિંસા રત્ન સન્માન' એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ જૈનરત્ન શ્રી નેમનાથજી જૈને કહ્યું કે ડૉ. કુમારપાળ દેસાઈની અનેકવિધ પ્રવૃત્તિઓ જોઈને અમને આશ્ચર્ય થાય છે. એક જીવનમાં એમણે કેટલું બધું કામ કર્યું છે. જ્યારે અહિંસા ફાઉન્ડેશનના સચિવ મૂલચંદ આંચલિયાએ કહ્યું કે ઇન્દોરને માટે આજે ઉત્સવનો દિવસ છે કારણ કે માનવતાવાદી રાષ્ટ્રસંત ભૈયુજી મહારાજ અને શ્રી અન્ના હજારે પછી ત્રીજો એવોર્ડ ડૉ. કુમારપાળ દેસાઈને આપી રહ્યા છીએ.

ડૉ. કુમારપાળ દેસાઈને અભિનંદન પત્ર અને પુરસ્કાર સમર્પિત કરવામાં આવ્યો હતો. સમગ્ર કોબા પરિવાર ડૉ. કુમારપાળભાઈ દેસાઈને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવે છે.

## મુંબઈમાં સૌપ્રથમ યોજાનારી ડો. કુમારપાળ દેસાઈની ત્રિદિવસીય શ્રીમદ્ રાજચંદ્ર કથા

જૈનદર્શનના ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ એમની જ્ઞાનગહન, ચિંતનયુક્ત મર્મગામી વાણીમાં ત્રિદિવસીય 'શ્રીમદ્ રાજચંદ્ર કથા'ની રજૂઆત કરશે. એ વિદિત છે કે ડૉ. કુમારપાળ દેસાઈએ વવાણિયા, કોબા, મોરબી, અમદાવાદ, રાજકોટ તથા મુંબઈમાં તથા વિદેશમાં શ્રીમદ્જી વિશે ઘણાં પ્રવચનો આપ્યાં છે. એમનાં લેખોએ જનસમાજમાં શ્રીમદ્ રાજચંદ્ર વિશે જિજ્ઞાસા જગાડી છે. વળી, એમના શ્રીમદ્ રાજચંદ્રજી વિશેનાં 'મૂળ માર્ગનું અમૃત અને અધ્યાત્મનું શિખર', 'Pinnacle of Spirituality' અને 'શ્રીમદ્ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધીજી' પુસ્તકો પ્રસિદ્ધ છે.

ભારતીય વિદ્યાભવન(ચોપાટી) પર યોજાનારી શ્રીમદ્ રાજચંદ્રની આ કથાની સમગ્ર પરિકલ્પના સ્વ. ડૉ. ધનવંત શાહની છે. આગામી ૨૨ એપ્રિલ શુક્રવારે તથા ૨૩ એપ્રિલ શનિવારે સાંજે ૬.૩૦ વાગ્યે અને ૨૪ એપ્રિલ રવિવારે સવારે દસ વાગ્યે આ કથા ભારતીય વિદ્યાભવન(ચોપાટી)માં યોજાશે.

શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલાના સહયોગથી શ્રી સી. યુ. શાહની સ્મૃતિમાં આ કથા યોજાશે.

## અષ્ટાપદ તીર્થના અદ્યતન સંશોધન વિશે ડો. લતા બોથરાનું વ્યાખ્યાન

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી અને ભો.જે. વિદ્યાભવનના સંયુક્ત ઉપક્રમે ભગવાન ઋષભદેવની પાવન નિર્વાણ ભૂમિ અષ્ટાપદ પર્વત અંગે થયેલા છેલ્લામાં છેલ્લા સંશોધન વિશે પ્રાચીન સંસ્કૃતિ અને પુરાતત્ત્વ ક્ષેત્રના વિદૂષી ડૉ. લતા બોથરાનું તા. ૮મી માર્ચે એચ. કે. હૉલ અમદાવાદમાં વ્યાખ્યાન રાખવામાં આવ્યું.


અષ્ટાપદ એ જૈન ધર્મનું એક લુપ્ત તીર્થ ગણાય છે. પહેલાં એમ માનવામાં આવતું હતું કે એ કૈલાસમાનસરોવર પાસે આવેલું છે. પરંતુ કૈલાસની આસપાસની પર્વતમાળાઓની યાત્રા તેમજ સેટેલાઈટ દ્વારા એને શોધવાનો પ્રયત્ન કર્યો પરંતુ ત્યાં અષ્ટાપદ પર્વતના કોઈ પ્રમાણભૂત પુરાવાઓ મળ્યા નહીં. એ પછી આ અષ્ટાપદ પર્વત ચીનના સિયુઆનના દક્ષિણ-પશ્ચિમ અને તિબેટની સરહદ નજીક મળી આવ્યું છે, જે અસીમ કુદરતી સૌંદર્યથી છલકાય છે. અહીં આઠ પર્વત હોવાથી પણ તેને અષ્ટાપદ કહેવામાં આવે છે.

એમાં અનેક ગુફાઓ આવેલી છે. ત્યાં અંધારામાં ચમકતી પ્રતિમાઓ છે અને મુનિ વેલી છે. આ અષ્ટાપદ પર્વત પર લામાઓની સંમતિ મેળવીને જઈ શકાય છે.

આ વ્યાખ્યાનમાં જાણીતા સ્પેસ આર્કિયોલોજિસ્ટ શ્રી પી. એસ. ઠક્કરે પણ આ વિશેના સંશોધનો રજૂ કર્યા હતા. અધ્યક્ષપદેથી ડૉ. કુમારપાળ દેસાઈ કહ્યું કે અષ્ટાપદની શોધ એ જૈન સંશોધનના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ એ માટે ગણાય છે કે છેલ્લા વીસ વર્ષથી સતત આની ખોજ ચાલી રહી છે.

પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આ સ્થળોના સંશોધનનો ઇતિહાસ દર્શાવવામાં આવ્યો હતો.

## વૈરાગ્ય સમાચાર



(૧) મુંબઈ : 'પ્રબુદ્ધજીવન' સામયિકના તંત્રી, જાણીતા નાટ્યલેખક અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી **ડૉ. ધનવંતભાઈ શાહ**નું તા. ૨૮-૨-૧૬ના રોજ ૭૭ વર્ષની વયે અવસાન થયેલ છે. તેઓશ્રી 'રાજવી કવિ કલાપી', 'અપૂરવખેલા-અવધૂત આનંદઘનજી', 'વસંતવૈતાલિક', 'કવિ ન્હાનાલાલ' તથા 'કૃષ્ણભક્ત કવિ જયદેવ' જેવાં નાટકોના લેખક તરીકે જાણીતા છે. મુંબઈની સિડનહામ કૉલેજના પૂર્વ અધ્યાપક અને ૮૫ વર્ષથી પ્રગટ થતા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રકાશિત થતા 'પ્રબુદ્ધજીવન'નું છેલ્લા એક દાયકાથી તંત્રીપદ સંભાળનાર શ્રી ધનવંતભાઈ શાહ જૈન જ્ઞાનસત્રના યોજક અને પર્યુષણ પર્વના આયોજક તરીકે પણ એટલા જ જાણીતા હતા. એમણે કરેલી 'મહાવીર કથા', 'ગૌતમ કથા', 'ૠષભ કથા' જેવી વિવિધ જૈન કથાનકોની પરિકલ્પના અને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની એની પ્રસ્તુતિ વિશાળ લોકચાહનાને પામી હતી, જે આજે સીમાચિહ્નરૂપ બની ચૂકી છે. તેઓ ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના મુંબઈમાં યોજાતા કાર્યક્રમોના અગ્રણી હતા. અનેક પારિતોષિક મેળવનાર ડૉ. ધનવંત શાહને ૨૦૧૬ની ૪થી જાન્યુઆરીએ કલાપીનગર લાઠીમાં પૂજ્ય મોરારિબાપુના હસ્તે 'રાજવી કવિ કલાપી' ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડૉ. ધનવંતભાઈ શાહના અવસાનથી જૈનદર્શનના અભ્યાસી, પ્રાકૃત અને મધ્યકાલીન સાહિત્યના વિદ્વાન, દષ્ટિવંત તંત્રી અને નવી પ્રતિભાઓને તક આપનાર એક શાલીન, સૌમ્ય વ્યક્તિત્વની મોટી ખોટ પડી છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૨) **મુંબઈ :** સફળ ઉદ્યોગપતિ તથા દાનવીર આદ.શ્રી **જસુભાઈ આર. શાહ**નું તા. ૨૩-૩-૨૦૧૬ના રોજ ૭૯ વર્ષની વયે દેહાવસાન થયું છે. નાનપણથી જ તેઓ સદ્‌વાચનના શોખીન હતા. ઉચ્ચ અભ્યાસ અર્થે જર્મની જઈને ધંધાકીય ક્ષેત્રનું બહોળું જ્ઞાન તેમણે મેળવ્યું. તેઓએ સૌપ્રથમ ભારતનું 'Chemical Engineering World' નામનું ટેકનિકલ મુખપત્ર ચાલુ કર્યું. 'જસુભાઈ ગ્રુપ'ના નામે ધંધામાં અનેક ક્ષેત્રમાં પ્રવેશ કરી સફળતા પ્રાપ્ત કરી. ઓસ્ટ્રીયા સરકારે તેમને 'Consulate General'ની પદવી એનાયત કરી.

તેઓ સમાજ ઉત્કર્ષના શુભચિંતક હતા. 'Jasubhai Foundation' ટ્રસ્ટની સ્થાપના દ્વારા તેઓએ સાહિત્ય, કળા, સંગીત, કેળવણી, મેડિકલ અને ધાર્મિક ક્ષેત્રમાં વ્યક્તિગત, કૌટુંબિક અને સંસ્થાકીય સહાય કરી. આપણી સંસ્થાના ગુરુકુળના નવા સંકુલના નિર્માણમાં તેઓએ મોટું આર્થિક


યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત સંસ્થાના જુદા જુદા વિભાગોમાં પણ તેઓશ્રીએ આર્થિક સહયોગ આપ્યો હતો.

પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓ ખૂબ શ્રદ્ધા અને લાગણી ધરાવતા હતા. તેઓના ધર્મપત્ની શ્વેતાબેન પણ સંસ્થા અને પૂજ્યશ્રી પ્રત્યે સદ્‌ભાવના ધરાવે છે. અવારનવાર તેઓ પૂજ્યશ્રીના સત્સંગ અર્થે પધારતા. વાંચન અને વિચાર - આ બે તેમના મુખ્ય ગુણો હતા. હસમુખો, પરગજુ તથા લાગણીશીલ સ્વભાવ, સેવાપરાયણતા, દૃઢ મનોબળ, સ્વાધ્યાયપ્રેમ, કૌટુંબિક ભાવના જેવા તેમનામાં રહેલા અનેક ગુણો સરાહનીય છે. તેઓ પોતાના સંતાનોને સુસંસ્કારો તથા ધર્મનો વારસો સોંપતા ગયા છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ આપે તથા આગામી થોડા ભવોમાં તેઓ પરમપદની પ્રાપ્તિ કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૩) **મુંબઈ :** આપણી સંસ્થામાં અવારનવાર પધારીને ધર્મની આરાધના કરતા **શ્રી નવનીતભાઈ કે. મહેતા**નું તા. ૧૦-૩-૧૬ના રોજ ૮૦ વર્ષની વયે હાર્ટએટેક આવતા દેહાવસાન થયું છે. તેઓ નિખાલસ અને વિનયવાન, ભક્તહૃદયી આદ. શ્રી સુધાબેન લાખાણીના મોટાભાઈ હતા. તેઓ પ્રેમાળ અને મિલનસાર સ્વભાવના હતા. તેઓની જીવનશૈલી ધર્મપ્રેમસભર હતી. સરળતા, વાત્સલ્યતા, જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા જેવા અનેક સદ્‌ગુણોથી તેઓએ પોતાની જીવનરૂપી લત્તાને નવપલ્લવિત રાખી હતી. મોટી ઉંમરે પણ નવું શીખવાની હોંશ અને બાળક જેવી કુતૂહલતા તેઓ ધરાવતા હતા. ૭૭ વર્ષની વયે પણ તેઓએ પ્રાકૃત પ્રથમાનો કોર્સ ઉચ્ચ ગુણ સાથે સંપન્ન કર્યો હતો. તેઓએ શ્રી તત્ત્વાર્થસૂત્ર, શ્રી દ્રવ્યસંગ્રહ, શ્રી સમયસાર , શ્રી પ્રવચનચાર આદિ સત્શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેઓએ શ્રી સૌમૈયા કૉલેજમાં જૈનોલોજીનો કોર્સ કર્યો હતો. તેઓશ્રીએ 'વીસ દોહરા' અને 'સમણસુત્તં'નું વિવેચન કર્યું છે. દેહત્યાગ પહેલાં ૧૦ દિવસ દરમ્યાન પૂજ્યશ્રી ગોકુળભાઈના સાન્નિધ્યમાં તેઓશ્રીએ ઘનિષ્ઠ સત્સંગ - સાધના તથા શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી હતી. પાલિતાણાથી મુંબઈ આવતાં રસ્તામાં જ તેઓએ નશ્વર દેહનો ત્યાગ કર્યો.

સ્વર્ગસ્થના દેહનું દાન કરવામાં આવ્યું હતું. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તથા આગામી થોડા ભવોમાં તેઓ પૂર્ણ શાશ્વત સુખને પામે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૪) **અમદાવાદ :** આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સત્સંગ-ભક્તિનો લાભ લેતા શ્રી **રમણલાલ નાનચંદ શાહ**નું તા. ૨૪-૩-૨૦૧૬ (ધુળેટી)ના રોજ ૮૯ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ હળુકર્મી અને ધર્મપ્રેમી હતા. 'ચાલશે, ફાવશે, ભાવશે અને ગમશે' - આ સૂત્રને તેઓએ પોતાના જીવનમાં આત્મસાત્ કર્યું હતું. તેઓ નિયમિત સામાયિક કરતા અને સાદું જીવન જીવતા. હકારાત્મક વલણ અને વિચારના તેઓ આગ્રહી હતા. તેઓએ કરુણાના ગુણને પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યો હતો. તેઓ શાસ્ત્રોના સ્વાધ્યાયના પ્રેમી હતા. અનેક તીર્થયાત્રાઓ કરીને તેઓએ આત્માને પાવન કર્યો હતો. સ્વર્ગસ્થના પરિવારજનો પણ આપણી સંસ્થામાં પધારીને સત્સંગનો લાભ લેતાં રહે છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વક પ્રાર્થના છે.

(૫) **અમદાવાદ :** આપણી સંસ્થામાં અવારનવાર સત્સંગ અર્થે પધારતાં મૂળ બોટાદ નિવાસી **કાંતિભાઈ**

**કે. ખંધાર**નું તા. ૧૮-૨-૨૦૧૬ના રોજ ૮૬ વર્ષની વયે દેહાવસાન થયું છે.



શરૂઆતમાં તેઓ રેડીમેડ કાપડનો વ્યવસાય કરતા હતા. તેમાંથી પ્રગતિ કરી ગારમેન્ટ એક્ષપોર્ટસ માટે સરકાર તરફથી તેમને એવોર્ડ પ્રાપ્ત થયો હતો. તેઓશ્રીએ શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી ઝાલાવાડ દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈનજ્ઞાતિ, શ્રી શાહપુર મંડળ, શ્રી ખંધાર પરિવાર મંડળ, શ્રી બોટાદ સ્થાનકવાસી જૈન સંઘ જેવી અનેક સંસ્થાઓમાં કાર્યકર તરીકે ખૂબ ઉમદા સેવાઓ આપેલ છે. તેઓશ્રીએ પોતાના જીવનમાં દાનગંગા વહેવડાવી હતી તથા સંત-સતીજીઓની તેઓ ભાવપૂર્વક વૈયાવચ્ચ (સેવા) કરતા.

તેઓ જીવનમાં સંઘર્ષ કરીને સ્વ. પુરુષાર્થથી આગળ આવ્યા હતા. તેઓનું લગ્નજીવન આદર્શ હતું. તેઓએ પોતાના સંતાનોમાં સુસંસ્કારોનું સિંચન કર્યું છે અને ધર્મનો વારસો સોંપતા ગયા છે. મરણ પછી તેઓનું સ્મરણ રહે તેવું આદર્શ જીવન તેઓ જીવી ગયા. તેઓશ્રીએ અનેક સત્કાર્યોની સુવાસ ફેલાવી છે. પરોપકારમય જીવન જીવી ગયા છે. કેન્સર જેવી અસાધ્ય બીમારીમાં પણ તેઓએ યથાશક્તિ સમતા રાખી અને શાંતભાવે દેહ છોડ્યો. 'દિવ્યધ્વનિ'ના તેઓ આજીવન સભ્ય હતા.

સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને તેઓની મોક્ષમાર્ગની યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૬) **બોટાદ :** આપણી સંસ્થાના સિનિયર મુમુક્ષુશ્રી મનહરભાઈ ટી. જસવાણીના પિતરાઈ મોટાભાઈ **શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ** (જસવાણી)નો દેહવિલય મુંબઈ મુકામે તા. ૧૫-૩-૨૦૧૬ના રોજ ૯૪ વર્ષની વયે થયેલ છે. તેઓ આપણી સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજી સાથેના સમાગમ અને સત્સંગથી જોડાયેલા હતા. ત્યારબાદ છેલ્લા ૩૦ વર્ષથી સાયલા સ્થિત શ્રી રાજ-સોભાગ આશ્રમમાં સ્થિત થયેલા.

છેલ્લા ઘણા વર્ષો દરમ્યાન તેઓ મૌન અને ધ્યાનનો અભ્યાસ ખૂબ જ સારી રીતે કરતા હતા. આટલી જૈફ વયે તેઓ રોજ દૈનિક કર્મ કરતા અને ભક્તિભાવથી દરેક કાર્યક્રમમાં પોતાના ભાવોને ઊર્ધ્વગામી બનાવવાનો પુરુષાર્થ કરતા રહ્યા.

આપણી સંસ્થામાં તેઓ અવારનવાર આવીને ભક્તિ અને સત્સંગનો લાભ લેતા હતા. પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવાર પ્રભુને પ્રાર્થના કરે છે.



(૭) **બડોલી (તા. ઈડર) :** આદ.શ્રી **માણેકલાલ કરશનભાઈ પ્રજાપતિ**નું તા. ૧૨-૩-૨૦૧૬ના રોજ ટૂંકી બીમારી બાદ દેહાવસાન થયું છે. બડોલી મુકામે સત્સંગ મેળાવડો યોજાયેલ ત્યારે પૂજ્યશ્રી આત્માનંદજીએ તેઓના નિવાસસ્થાને પગલા પાડ્યા હતા. તેઓ કરુણાસભર હૃદય ધરાવતા હતા. પોતાના અંગત ખર્ચમાં કાપ મૂકીને પણ તેઓ દુઃખી જીવોની મદદ માટે તત્પર રહેતા. તેઓ મિલનસાર સ્વભાવના હતા. ઈડર તાલુકામાં પૂજ્યશ્રીના સત્સંગનો કાર્યક્રમ હોય ત્યારે તેઓ દર્શન-સત્સંગ અર્થે અવશ્ય પધારતા. ચામડીના રોગવાળા કૂતરાઓને દર્દથી મુક્ત કરવા ભગીરથ પ્રયાસ કરતા. સત્સંગની વાતોને તેઓએ અનુકરણીય વર્તન-વ્યવહાર થકી જીવનમાં ઉતારી હતી. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ આપે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

# સંસ્થામાં યોજાયેલ શ્રી આત્મસિદ્ધિ વિધાન-પૂજા વેળાની તસવીરો
(તા. ૬-૩-૨૦૧૬)


















**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017**
**Publication Date 15th of every month**

**પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે,**
**"ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન."**

**ઉનાળાની ઋતુમાં ગરમીનો પ્રકોપ વધશે. પાણીના અભાવમાં કોઈ પક્ષી મૃત્યુ ન પામે તે હેતુથી આપના ઘરના વરંડા કે અગાસી પર પાણીથી ભરેલા કૂંડા મૂકવા માટે 'દિવ્યધ્વનિ' પરિવાર વિનંતી કરે છે.**








**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

'દિવ્યધ્વનિ' એપ્રિલ - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ
**૧ સ્વ. કાંતિલાલ કાળીદાસ ખંધાર (બોટાદવાળા)ના સ્મરણાર્થે**
હસ્તે : આદ. શ્રી પંકજભાઈ ખંધાર, આદ. શ્રી મિહિરભાઈ ખંધાર
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' એપ્રિલ - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ
**૨ સ્વ. વર્ષાબેન પ્રશાંતભાઈ પારેખના સ્મરણાર્થે**
હસ્તે : આદ. શ્રી રમાબેન નાથાલાલ શાહ, ન્યૂજર્સી (યુ.એસ.એ.)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007, Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah